
Friday, 27 February 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦




કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः ॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૬૫ ● સંવત-૨૦૮૨ ફાગણ સુદ અગિયારસ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

## સંઘપ્રદેશ દાનહ અને દમણ-દીવમાં ગુજરાત બોર્ડ ધોરણ૧૦ અને ૧૨ની પરીક્ષાનો પ્રારંભ

### સંઘપ્રદેશ પ્રશાસનના અધિકારીઓએ પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓ સાથે મુલાકાત કરી, ફૂલ, પેન અને ચોકલેટ આપી તણાવ વગર પરીક્ષા આપવા માટે પ્રોત્સાહિત કર્યા









**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૬**

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડ સાથે વોડાયેલી તમામ શાળાઓ માટે ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાઓ ગુરુવારથી શરૂ થઈ હતી. કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવના વહીવટી અધિકારીઓએ પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓ સાથે મુલાકાત કરી, તેમને ફૂલ, પેન અને ચોકલેટ આપી તેમને તણાવ વિના પરીક્ષા આપવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ, વહીવટી અધિકારીઓએ પ્રદેશ ત્રણેય જિલ્લાના તમામ પરીક્ષા કેન્દ્રોની મુલાકાત લીધી હતી અને વિદ્યાર્થીઓને ફૂલ, પેન અને ચોકલેટ આપીને તેમને પ્રોત્સાહિત કર્યા હતા.

અત્રે ઉલ્લખેનીય છે કે, છેલ્લા નવ વર્ષથી, કેન્દ્ર શાસિત પ્રદેશમાં બોર્ડની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓને ફૂલ આપીને પ્રોત્સાહિત કરવામાં આવે છે. આજે, દાદરા નગર હવેલી અને દમણ-દીવ જિલ્લાના તમામ પરીક્ષા કેન્દ્રો પર વહીવટી અધિકારીઓ અને જનપ્રતિનિધિઓએ તમામ વિદ્યાર્થીઓને તેમની બોર્ડ પરીક્ષાઓ માટે શુભકામનાઓ પાઠવી હતી.

આ અવસરે કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવના શિક્ષણ નિયામક શ્રી વિવેક કુમારે જણાવ્યું હતું કે, કેન્દ્ર શાસિત પ્રદેશમાં ગુજરાત બોર્ડની પરીક્ષાઓ સુચારુ રીતે યોજાય તે માટે વિસ્તૃત વ્યવસ્થા કરવામાં આવી છે. તમામ પરીક્ષા કેન્દ્રો પર વ્યાપક વ્યવસ્થા અને પૂરતો સ્ટાફ તૈનાત કરવામાં આવ્યો છે. દાદરા નગર હવેલી અને દમણ-દીવના ૧૦,૮૯૫ વિદ્યાર્થીઓ ૧૦મા અને ૧૨મા ધોરણની બોર્ડ પરીક્ષા આપશે, જેના માટે કુલ ૧૧ પરીક્ષા કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. દમણમાં, ધોરણ ૧૦ અને ૧૨ના ૩,૫૧૬ વિદ્યાર્થીઓ માટે પાંચ કેન્દ્રો, દમણમાં ૬,૨૦૦ વિદ્યાર્થીઓ માટે ચાર કેન્દ્રો અને દીવમાં ૧,૧૭૯ વિદ્યાર્થીઓ માટે બે કેન્દ્રો નિયુક્ત કરવામાં આવ્યા છે. પરીક્ષાઓ માટે કુલ ૩૧ સુપરિન્ટેન્ડેન્ટ અને ૫૨૭ નિરીક્ષકો તૈનાત કરવામાં આવ્યા છે. પરીક્ષાઓ બે શિફટમાં યોજાશે. કેન્દ્ર શાસિત પ્રદેશના શિક્ષણ નિયામકશ્રીએ વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસ જાળવવા, નિયમોનું પાલન કરવા અને તેમના પરીક્ષા કેન્દ્રો પર અગાઉથી પહોંચવા વિનંતી કરી હતી.

## પરીક્ષાના પ્રથમ દિવસે દાનહમાં ધોરણ ૧૦માં ૬૭ અને ધોરણ ૧૨ વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહ બંને મળીને કુલ ૩૫ વિદ્યાર્થીઓની નોંધાયેલી ગેરહાજરી



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૨૬**

દાદરા નગર હવેલી જિલ્લામાં ગજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડની પરીક્ષાના પ્રથમ દિવસે પરીક્ષા કેન્દ્રમાં શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા પૂર્ણ થઈ, માધ્યમિક બોર્ડની પરીક્ષામાં પ્રથમ દિવસે ભાષાની પરીક્ષા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી વિષયની પરીક્ષા હતી. ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડ પરીક્ષામાં વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિકશાસ્ત્ર(ફિઝિક્સ) અને સામાન્ય પ્રવાહ માટે ઈકોનોમિક્સ(અર્થશાસ્ત્ર) વિષયનું પેપર હતું.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તાર માધ્યમિક પરીક્ષા સમિતિના દિશાનિર્દેશ અનુસાર પરીક્ષાર્થીઓ તણાવરહિત અને શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા આપી શકે એના માટે પ્રશાસન અને શિક્ષણ વિભાગ દ્વારા દરેક કેન્દ્ર પર બુનિયાદી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. શિક્ષણ સચિવશ્રીના માર્ગદર્શનમાં અને શિક્ષણ વિભાગના ડાયરેક્ટરના દિશા નિર્દેશમાં દરેક પરીક્ષા કેન્દ્ર પર દરેક વસ્તુઓનું ધ્યાન રાખવામાં આવ્યું છે. દરેક કેન્દ્ર પર પોલીસ વ્યવસ્થા, સીસીટીવી કેમેરા, મેડીકલ સુવિધાઓ પણ ઉપલબ્ધ કરવામા આવી છે. પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષાર્થીઓને શિક્ષણ વિભાગના અધિકારીઓ દ્વારા કુમકુમ તિલક લગાવી, ફુલ આપી એમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહ માટે સેલવાસ પરીક્ષા કેન્દ્ર પર શિક્ષણ વિભાગના અધિકારીઓએ પરીક્ષાર્થીઓનું સ્વાગત કરી એમને પણ શુભકામના આપી હતી. ધોરણ ૧૦ માટે સેલવાસ, રખોલી, ગલોન્ડા અને દપાડા ચાર સેન્ટરો પર ૨૧૯૦ વિદ્યાર્થીઓમાંથી ૬૭ વિદ્યાર્થી ગેરહાજર રહ્યા હતા અને ૨૧૨૩ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ફિઝીક્સ(ભૌતિક શાસ્ત્ર)નું પેપર હતું અને એક સેન્ટર પર ૭૬૫ વિદ્યાર્થીઓમાંથી ૦૫ વિદ્યાર્થી ગેરહાજર રહ્યા હતા. ૭૬૦ હાજર રહ્યા હતા. સામાન્ય પ્રવાહમાં ઈકોનોમિક્સનું પેપર હતું. એક સેન્ટર પર પાંચ યુનિટમાં ૨૮૩૮ વિદ્યાર્થીઓમાંથી ૩૦ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા, ૨૮૦૮ વિદ્યાર્થીઓ હાજર હતા.

## દીવ જિલ્લામાં બે કેન્દ્રો પરથી ગુજરાત બોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ આપી રહ્યા છે પરીક્ષા

### પ્રથમ દિવસે દીવના એસ.પી. અને ડેપ્યુટી કલેક્ટર પરીક્ષા કેન્દ્ર સ્થળે ઉપસ્થિત રહી પરીક્ષાર્થીઓને ગુલાબનું ફૂલ, પેન અને ચોકલેટ આપી પાઠવેલી શુભેચ્છા






**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૨૬**

દીવ ખાતે આજથી ધો.૧૦ અને ધો.૧૨ની બોર્ડની પરીક્ષાનો પ્રારંભ, દીવ એસ.પી., ડેપ્યુટી કલેક્ટર ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ તથા જાયન્ટ્સ ગ્રુપ ઓફ દીવ દ્વારા વિદ્યાર્થીઓને ગુલાબનું ફૂલ, પેન, ચોકલેટ આપી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવ ખાતે આજે ધોરણ-૧૦ અને ધો.૧૨ની પરીક્ષાનો પ્રારંભ થયો છે, આજે સવારે ૯ કલાકે વિદ્યાર્થીઓ ૧૦ની પરીક્ષા આપવા દીવની હાયર સેકન્ડરી સ્કૂલ તથા પાંજરાપોર ગર્લ્સ સ્કૂલ ખાતે પહોંચ્યા હતા. જ્યાં ઘોઘલા સ્કૂલ પર દીવ એસપી, દીવ હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે ડેપ્યુટી કલેક્ટર શ્રી શિવમ મિશ્રા, દીવ એજ્યુકેશન વિભાગ અને જાયન્ટ્સ ગ્રુપ ઓફ દીવ દ્વારા ૧૦માં ધોરણના વિદ્યાર્થીઓને તિલક લગાડી, ગુલાબનું ફૂલ આપી બોલપેન આપી અને પરીક્ષા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

દીવ જિલ્લાના ધો.૧૦માં ૨ સેન્ટર ફળવવામાં આવ્યા છે, એક દીવ હાયર સેકન્ડરી સ્કૂલ જેમાં ૫૨૩ અને ઘોઘલા પાંજરાપોર ગર્લ્સ સ્કૂલ ખાતે જેમાં ૬૮ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે એમ કુલ ધોરણ ૧૦ની બોર્ડ પરીક્ષાનું પ્રથમ પેપર દીવ જિલ્લાના ૫૯૧ વિદ્યાર્થીઓએ આપ્યું હતું અને સામાન્ય પ્રવાહ ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષા બપોરે લેવામાં આવી હતી જેમાં કુલ ૪૦૮ વિદ્યાર્થીઓએ ઈકોનામિક્સનું પેપર આપ્યું હતું.

ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓને દીવ નગરપાલિકા પ્રમુખ શ્રી હરેશભાઇ કાપડિયા ઉપપ્રમુખ શ્રીમતિ કરૂણાબેન સોલંકી, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ રણજિતા બેન કોટીયા, ઉપપ્રમુખ શ્રી નાનજીભાઈ સોલંકી તથા જાયન્ટ્સ ગ્રુપ ઓફ દીવે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને તિલક લગાડી, ફૂલ, પેન અને ચોકલેટ, સાકર ખવડાવી મોઢું મીઠુ કરાવી શુભેચ્છાઓ પાઠવી હતી.

## ખાનવેલ અને સામરવણીમાં આયોજીત બે દિવસીય રોજગાર મેળા સફળતાપૂર્વક સંપન્ન



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૨૬**

સંઘપ્રદેશના શાસક શ્રી પ્રફુલભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા આયોજિત બે દિવસીય રોજગાર મેળો આજે સેલવાસના સામરવરણીમાં બીજા તબક્કાના સફળ સંચાલન સાથે સંપન્ન થયો હતો.

પ્રથમ તબક્કો ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ ખાનવેલમાં યોજાયો હતો, જેમાં કુલ ૪૫૩ ઉમેદવારોની પસંદગી કરવામાં આવી હતી.

બીજો તબક્કો ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સેલવાસના સામરવરણીમાં પંચાયત હોલ ખાતે યોજાયો હતો, જેમાં કુલ ૩૬૯ ઉમેદવારોની પસંદગી કરવામાં આવી હતી.

**બંને દિવસોમાં કુલ ૮૨૨ ઉમેદવારોની પસંદગી કરવામાં આવી હતી, જેમાં પુરુષોમાં કુલ પસંદગી ૫૨૬ અને મહિલાઓમાં કુલ પસંદગી ૨૯૬ થવા પામી હતી.**

અત્રે નોંધનીય છે કે મોટી સંખ્યામાં મહિલા ઉમેદવારોની પસંદગી મહિલા સશક્તિકરણ તરફ એક સકારાત્મક અને પ્રેરણાદાયક પગલું છે. આનાથી પ્રદેશમાં મહિલાઓની આર્થિક સ્વનિર્ભરતા અને કાર્યબળમાં તેમની સક્રિય ભાગીદારી મજબૂત થશે.

પ્રશાસકશ્રીના દૂરંદેશી નેતૃત્વ અને યુવાઓને સ્થાનિક રોજગારની તકો પૂરી પાડવાની પ્રતિબદ્ધતાને કારણે આ બે દિવસીય રોજગાર મેળાનું સફળ આયોજન સંપન્ન થયું હતું.

આ કાર્યક્રમે વિવિધ ઔદ્યોગિક એકમોમાં સ્થાનિક યુવાનોને રોજગારની તકો પૂરી પાડી, અને નોકરીદાતાઓ અને અરજદારો વચ્ચે સીધો સંચાર સ્થાપિત કર્યો હતો.






## સુવિચાર - સદ્‌વિચાર

સકારાત્મકતા જીવનને ખુશહાલ બનાવે છે.

## કવિતા-ભજન-પદ-ગરબા

### સખી, સતગુરુ દીન દયાળ

સખી, સતગુરુ દીન દયાળ, સમરું એક ચિત્તે રે,
આવશે એચિંતાનો કાળ, ઊડી જાવું અંતે રે.

આ તો પરદેશી પ્રોણો પ્રાણ, પાંજરિયા માંહી રે,
તેને જાતાં ન લાગે વાર, સમજ મન માંહી રે... સખી૦

તેં જાણ્યું તારા મન માંહી, એ સરવે છે મારું રે,
ધેળે દહાડે જાઈશ જમદ્વાર, એવી સમજણ સારું રે... સખી૦

તું તો જાતી માયાને મં જોઈ, ભરમે મત ભૂલે રે,
એ તો સ્થાવર જંગમનનાં ફૂલ, ફૂલે ને ઉલે રે... સખી૦

તું તો મેલીને માન ગુમાન, જીવતમાં મરીએ રે,
ગુરુ ટાળે ત્રિવિધના તાપ, તે ચરણમાં વરીએ રે... સખી૦

આવો રતન પદારથ સાર, આવી તક લાગ્યો રે,
''ગંગારામ'' સમર ગુરુ ખીમ, તો ભવનો ભે ભાંગ્યો રે... સખી૦

- ગંગ સાહેબ

## આજની જોક

એના કહેવાથી તેં સિગારેટ છોડી ?'
'હા'
'અને દારૂ પણ ?'
'હા'
'જુગારની કલબમાં જવાનું પણ એના કહેવાથી જ બંધ કર્યું ને ?'
'હા. હા.'
'તો પછી એની સાથે પરણ્યો કેમ નહીં ?'
'સુધરી ગયા પછી લાગ્યું કે મને એના કરતાં વધારે સારી છોકરી મળી શકે એમ છે !'

## કબીર વાણી

**પાત ઝરંતા યું કહે, સુન તરવર બનરાય;**
**અબકે બિછુરે કહાં મિલેંગે, દૂર પડેંગે જાય?**

**- અર્થાત-**

પાતરાંઓ ઝાડપરથી ઝરી પડતાં એમ બોલે છે કે, ઓ વનના રાજા, તારાથી હમો છુટાં થઈએ છીએ, તે પાછાં ક્યાં સાથે મળશું? હમે તારાથી દુર પડી જઈશું.

## આજનો દિન વિશેષ

### બચુભાઈ રાવત

બચુભાઈ પોપટભાઈ રાવત (૨૭ ફેબ્રુઆરી ૧૮૯૮ - ૧૨ જુલાઈ ૧૯૮૦) સંપાદક અને કલા વિવેચક હતા.

બચુભાઈ રાવતનો જન્મ ૨૭ ફેબ્રુઆરી ૧૮૯૮ના રોજ અમદાવાદમાં થયો હતો. તેમણે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ગોંડલ ખાતે પૂર્ણ કર્યું. તેમણે ૧૯૧૪માં ત્યાંથી જ મેટ્રિકનો અભ્યાસ પૂર્ણ કર્યો. તેમણે ૧૯૧૫ થી ૧૯૧૯ દરમિયાન સંગ્રામજી હાઈસ્કૂલ, ગોંડલ ખાતે શિક્ષક તરીકે ફરજ બજાવી. ૧૯૨૦ થી ૧૯૨૧ દરમિયાન તેમણે સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય ખાતે કામ કર્યું. ૧૯૨૨-૨૩ દરમિયાન તેમણે નવજીવન પ્રકાશન મંદિરના પ્રકાશન વિભાગમાં કામ કર્યું. ૧૯૨૪ થી ૧૯૪૨ દરમિયાન તેમણે રવિશંકર રાવળની સાથે કુમાર માસિકનું સંપાદન કાર્ય સંભાળ્યું. ૧૯૩૦માં તેમણે સાહિત્યની કાર્યશાળા બુધ સભાની સ્થાપના કરી જે હજુ સુધી કાર્યરત છે. પછીથી ૧૯૪૩ થી ૧૯૮૦ સુધી તેમણે કુમારનું તંત્રી પદ સંભાળ્યું. ૧૯૫૩માં તેઓ મુંબઈ રાજ્ય લિપિ સુધારણા સમિતિમાં હતા. ૧૯૫૪માં તેઓ ૬ વર્ષ માટે બોમ્બે રાજ્યની ધારા સભામાં સભ્ય બન્યા. તેઓ પ્રથમ ગુજરાતી મુદ્રક પરિષદ અને ૧૯૬૫માં સુરતમાં યોજાયેલી ૨૩મી વાર્ષિક ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનમાં પત્રકાર વિભાગના પ્રમુખ પદે રહ્યા હતા. તેઓ ૧૨ જુલાઈ ૧૯૮૦ના રોજ અવસાન પામ્યા.

ગુજરાતી સાહિત્યના ગાંધી યુગમાં ખાસ કરીને કુમારમાં તેમણે કરેલા સાહિત્યિક સંપાદન અને પત્રકારત્વે અગત્યનો ફાળો આપ્યો છે. તેઓ છંદોબદ્ધ કવિતાના આગ્રહી હતાં, અને છંદ વગર કવિતાનું સર્જન શક્ય નથી તેવો મત ધરાવતા હતાં. ગુજરાતી ગ્રંથસ્થ ચિત્રકલા તેમના કળા અને કળા વિવેચનના નિબંધોનો સંગ્રહ છે. તેમણે ગુજરાતી લિપી પર ગુજરાતી લિપિના નવા પરોઢના નિર્માણ પુસ્તક લખ્યું છે. ટૂંકી વાર્તાઓ (૧૯૨૧) તેમની હિંદીમાંથી અનુવાદિત ટૂંકી વાર્તાઓનો સંગ્રહ છે.

**પુરસ્કારો :** ૧૯૪૮માં ગુજરાતી પત્રકારત્વમાં તેમના યોગદાન માટે તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો હતો. ૧૯૭૫માં તેમને ભારતનો ચોથા ક્રમનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર પદ્મશ્રી પ્રાપ્ત થયો હતો.

## પ્રવાસ

### તાના રીરી મેમોરિયલ એન્ડ ફેસ્ટિવલ

તે મહાન ગાયિકા બહેનો તાના અને રીરીનું સ્મારક છે. આ બંને અકબરના શાસન દરમિયાન ગાયક પ્રતિભા માટે લોકપ્રિય હતા. એવું માનવામાં આવે છે કે અકબરના દરબારમાં દીપક રાગ ગાવા પછી, તાનસેન આંતરિક રીતે હલાવતા હતા.તેઓ આ બે બહેનોમાં આવ્યા હતા, જેમણે મેઘ મલ્હાર રાગ ગાયા હતા, જે આવા બર્નિંગ ઈજાઓ માટેનો એકમાત્ર ઉપાય હતો.સ્મારક આ પ્રતિભાશાળી ગાયકોની યાદમાં તનારીરી મેમોરિયલ તરીકે સ્વીકારવામાં આવ્યો છે. આ માન્યતાપૂર્વક ગાયકોને યાદ રાખવા માટે આ સ્મારકમાં આજે મેળા અને ઉત્સવો યોજવામાં આવે છે.

---

### વડનગર તોરણ કિર્તી તોરણ વડનગર

આ શહેર તેના ટોર્ચન્સ માટે પ્રસિદ્ધ છે, જે ૧૨મી સદીના એક કમાનની સહાય કરે છે, જે કમાનને ટેકો આપે છે, જે લગભગ ૪૦ ફૂટ જેટલો ઊંચાઈ છે, જે લાલ અને પીળા રેતીના પથ્થરોમાં બાંધવામાં આવે છે.તેઓ અર્જુન બારીમાંથી નીચે જતાં માર્ગે શર્મિષ્ઠા તાલવના કાંઠે ભવ્ય રીતે ઊભો છે.સોલંકી સમયગાળા દરમિયાન ગુજરાતના આર્કિટેક્ચરની એક વખત નિયમિત ધોરણે, તે પ્રવેશ દ્વારનાં કેટલાક જીવંત ઉદાહરણોમાં છે. કોતરણી શૈલી સિધ્ધપુરમાં રુદ્ર મહલાય જેવી છે.

### હવે ડિજિટલ કૂપનથી મળશે અનાજ

# રાશન કાર્ડની નવી સિસ્ટમ ગુજરાતમાં લોન્ચ થઈ

## આ કૂપન સીધી ડિજિટલ વોલેટમાં મોકલવામાં આવશે, તેનો ઉપયોગ માત્ર રાશનની દુકાનોમાંથી અનાજ ખરીદવા માટે જ કરવામાં આવશે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**ગાંધીનગર, તા.૨૬**

રાશન કાર્ડ ધારકો માટે મોટી ખબર આવી છે. ડિજિટલ ઈન્ડિયા અંતર્ગત ભારત સરકારે અનોખી પહેલ કરી છે. દેશમાં પહેલીવાર રાશન સિસ્ટમને ડિજિટલ બનાવવા માટે ઈ-પોશ મશીન અને વન નેશન, વન રાશન કાર્ડ જેવી યોજનાઓ લાગુ કરાઈ છે. ત્યારે હવે ડિજિટલ કરન્સીને પીડીએસ સાથે જોડવામાં આવી છે. ગુજરાતમાં સાર્વજનિક વિતરણ સિસ્ટમ અંતર્ગત સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી પાયલટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. આ યોજના અંતર્ગત લાભાર્થીઓને ઈ-રૂપી રૂપમાં ડિજિટલ કૂપન આપવામાં આવશે. આ કૂપનની સાથે તેમના ડિજિટલ વોલેટમાં મોકલવામાં આવશે, તેનો ઉપયોગ માત્ર રાશનની દુકાનો પરથી અનાજ ખરીદવામાં જ કરવામાં આવશે.

સરકારનું કહેવું છે કે, આ નવી વ્યવસ્થાનો હેતુ રાશન વિતરણ સિસ્ટમને પારદર્શી અને પ્રભાવી બનાવવાની છે. અત્યાર સુધી સબસિડીનો લાભ રોકડા અથવા પારંપરિક ડિજિટલ રીતે આપવામાં આવતો હતો. પરંતુ હવે ડિજિટલ કરન્સીના માધ્યમથી નક્કી કરવામાં આવશે કે, આપવામાં આવેલી રકમ માત્ર તેના હેતુ માટે જ ખર્ચ થઈ છે, લાભાર્થી આ ડિજિટલ રકમનો ઉપયોગ માત્ર ખાદ્યાન્ન માર્કેટમાં જ કરી શકે. આ પહેલ ભારતના ડિજિટલ ઈકોનોમી અભિયાનનો હિસ્સો માનવામાં આવી રહી છે.

મફત રાશન વિતરણની પ્રક્રિયાને સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી (CBDC) એટલે કે 'ડિજિટલ રૂપિયા' સાથે જોડવામાં આવ્યું છે. આ પાયલટ પ્રોજેક્ટની શરૂઆત ગુજરાતથી કરવામાં આવી છે. જલ્દી જ આ પાયલટ પ્રોજેક્ટ સમગ્ર દેશમાં લાગુ થઈ જશે. ગુજરાતના બે જિલ્લાઓમાં મફત રાશન વિતરણ માટે CBDC લોન્ચ કરવામાં આવ્યું છે. તો આગામી અઠવાડિયા દક્ષિણ ભારતમાં પોંડીચેરીમાં પ્રોજેક્ટ શરૂ કરવામાં આવશે. ત્યાર બાદ અન્ય રાજ્યોમાં પ્રોજેક્ટ લઈ જવાશે.

એક્સપર્ટસનું માનવું છે કે, આ યોજનાથી કૌભાંડ તથા યોજનામાં થતા લીકેજ અટકી જશે. અનેકવાર સબસીડીની રકમનો ઉપયોગ ખોટી રીતે ઉપયોગમાં લેવાય છે. તેને કારણે ગરબડી થવાની ફરિયાદો ઉઠે છે. ડિજિટલ ફૂડ કરન્સી દ્વારા સરકાર સીધી નજર રાખી શકશે કે, રૂપિયાનો ઉપયોગ કયા કામમાં થઈ રહ્યો છે. આ સરકારી ખર્ચ પર નિયંત્રણ આવી શકશે.




આ પહેલ ભારતના ડિજિટલ અર્થતંત્રને વેગ આપશે. દેશમાં પહેલીવાર રાશન સિસ્ટમને ડિજિટલ બનાવવા માટે ઈ-પોસ મશીન અને વન નેશન, વન રાશન કાર્ડ જેવી યોજનાઓ લાગુ કરવામાં આવી છે. આ ડિજિટલ કરન્સીને પીડીએસ સાથે જોડીને સરકાર તેને એક સ્ટેપ આગળ લઈ જવા માંગે છે. આ યોજનાની સામે કેટલાક પડકાર પણ છે. ગ્રામીણ અને છેવાડાના વિસ્તારોમાં અનેક લોકો પાસે સ્માર્ટફોન અને સારી ઈન્ટરનેટ સુવિધાઓ નથી. ડિજિટલ સાક્ષરતાની અછત એક મોટી સમસ્યા બની શકે છે. જો લાભાર્થી ડિજિટલ વોલેટનો યોગ્ય ઉપયોગ નથી કરી રહ્યા, તો તેઓને તકલીફનો સામનો કરવો પડી શકે છે. આ ઉપરાંત સાયબર સુરક્ષા અને ડેટા સિક્યોરિટીને લઈને પણ સવાલો ઉઠી રહ્યાં છે.

રાશન માટે પાયલટ પ્રોજેક્ટ તરીકે ડિજિટલ કરન્સીની શરૂઆત કરીને તેનું પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. જેને ગ્રાહકો માટે જાહેર કરતા પહેલા તેને પૂરી રીતે પરખી શકાય. આ વર્ષે ઓગસ્ટ-સપ્ટેમ્બર સુધી ભારતના નેતૃત્વમાં બ્રિક્સ દેશોનું સંમેલન થવાનુ છે. આ સંમેલનમાં બ્રિક્સ દેશોની વચ્ચે ડિજિટલ કરન્સીના ચલનની શરૂઆતનો પ્રસ્તાવ રાખવામાં આવી શકે છે. પરંતુ આ બ્રિક્સ દેશ બ્રાઝિલ, રશિયા, ચીન તેમજ સાઉથ આફ્રિકાના પ્રયાગો પર નિર્ભર રહેશે. સિંગાપોરની સાથે ભારત ડિજિટલ કરન્સીમાં વળતરનો પાયલટ પ્રોજેક્ટ કરી રહ્યો છે.

### સંઘપ્રદેશ પોલીસના સાયબર વિભાગ સાથે હસ્તાક્ષરિત એમઓયુ હેઠળ આયોજીત

# સાઈબર રક્ષક તાલીમ કાર્યક્રમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચ, સેલવાસના વિદ્યાર્થીઓએ લીધેલો ભાગ

## તાલીમ પામેલા સાઈબર ડિફેન્ડર્સ વિવિધ સમુદાયો, શૈક્ષણિક સંસ્થાઓ અને સામાન્ય લોકો સુધી સાઈબર જાગૃતિનો સંદેશ ફેલાવવા અને તેમની તાલીમ અને જ્ઞાનનો ઉપયોગ સમાજના લાભ માટે કરશે








**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૨૬**

૨૫મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના બુધવારના રોજ, હવેલી ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચ, સેલવાસના ૫૦ વિદ્યાર્થીઓએ દાદરા નગર હવેલી અને દમણ-દીવના સાયબર પોલીસ વિભાગો સાથે હસ્તાક્ષરિત એમઓયુ હેઠળ આયોજિત સાઈબર રક્ષક તાલીમ કાર્યક્રમ સફળતાપૂર્વક ભાગ લીધો હતો.

આ વિશેષ તાલીમનો હેતુ વિદ્યાર્થીઓમાં સાઈબર ગુનાઓ વિશે જાગૃતિ વિકસાવવા, ડિજિટલ સુરક્ષા પ્રત્યે જવાબદારીની ભાવનાને મજબૂત બનાવવા અને કાનૂની દ્રષ્ટિકોણથી સાઈબર કાયદાઓની સંપૂર્ણ સમજ પૂરી પાડવાનો હતો. આ તાલીમ દ્વારા, વિદ્યાર્થીઓને સાઈબર સુરક્ષાના ક્ષેત્રમાં જાગ્રુત, સક્ષમ અને જવાબદાર ચોકીદાર બનવા માટે તૈયાર કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે અધિકારીઓની ઉપસ્થિતિમાં પ્રમાણપત્ર વિતરણ સમારોહ પણ યોજાયો હતો. આ પ્રસંગે દાનહના પોલીસ અધિક્ષક શ્રી સચિન યાદવ, ભારતીય પોલીસ સેવા - નાયબ પોલીસ અધિક્ષક (SDPO) શ્રી આદર્શ પટેલ, નાયબ પોલીસ અધિક્ષક (SDPO) શ્રી સંદીપ રૂપેલા, હવેલી ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચ સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. શિલ્પા તિવારી અને લીગલ એઈડ એન્ડ કાઉન્સેલિંગ સેન્ટર કો-ઓર્ડિનેટર આસિસ્ટન્ટ પ્રોફેસર શ્રીમતી ખુશ્બુ જૈન અને સાઈબર વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે અધિકારીઓએ તેમના સંબોધનોમાં વિદ્યાર્થીઓને ડિજિટલ સુરક્ષાના ક્ષેત્રમાં સક્રિય ભૂમિકા ભજવવા અને સમાજમાં સાઈબર ક્રાઈમ વિશે જાગૃતિ લાવવા માટે સતત પ્રયત્નશીલ રહેવા પ્રોત્સાહિત કર્યા હતા.

સંસ્થાના પ્રમુખ શ્રી ફત્તેહસિંહ એમ. ચૌહાણે વિદ્યાર્થીઓને આ ઐતિહાસિક પહેલ બદલ અભિનંદન આપ્યા હતા અને તેમના ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છા પાઠવતા જણાવ્યું કે, આ સિદ્ધિ માત્ર સંસ્થા માટે જ નહિ પરંતુ સમગ્ર કેન્દ્ર શાસિત પ્રદેશ માટે ગર્વની વાત છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, તાલીમ પામેલા સાઈબર ડિફેન્ડર્સ વિવિધ સમુદાયો, શૈક્ષણિક સંસ્થાઓ અને સામાન્ય લોકો સુધી સાઈબર જાગૃતિનો સંદેશ ફેલાવવા અને તેમની તાલીમ અને જ્ઞાનનો ઉપયોગ સમાજના લાભ માટે કરશે.

આ નોંધપાત્ર સિદ્ધિ એ વાતની સાક્ષી આપે છે કે સેલવાસના હવેલી ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચના વિદ્યાર્થીઓ કાનૂની શિક્ષણ તેમજ ડિજિટલ સુરક્ષા અને સાઈબર જાગૃતિના ક્ષેત્રમાં અગ્રણી ભૂમિકા ભજવીને સતત શ્રેષ્ઠતાની નવી ઊંચાઈઓ સર કરી રહ્યા છે.

# ભારતની વિકાસગાથાને આગળ ધપાવવા મહિલાઓને ડો.પ્રીતિ અદાણીની હાંકલ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**અમદાવાદ, તા.૨૬**

નવી દિલ્હીના જાહેર નીતિ થિંક ટેન્ક ચિંતન રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા આયોજિત 'સશક્ત નારી, વિક્સિત ભારત' પરિષદને સંબોધન કરતા અદાણી ફાઉન્ડેશનના અધ્યક્ષા ડૉ.પ્રીતિ અદાણીએ વિક્સિત ભારત ૨૦૪૭ તરફના પ્રયાણમાં ભારતની વિકાસ યાત્રાના કેન્દ્રિય શિલ્પી તરીકે મહિલાઓને પોતાની ઓળખ બનાવવાનું આહવાન કર્યુ હતું.

આ પ્રસંગે મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી અન્નપૂર્ણા દેવીનું સ્વાગત કરતા ડૉ. અદાણીએ મહિલાઓના નેતૃત્વ હેઠળ થઈ રહેલા વિકાસ પાછળની નીતિગત ગતિને સ્વીકારીને હેતુપૂર્વકની આર્થિક ભાગીદારીમાં સતત પરિવર્તન લાવવાનો આગ્રહ કર્યો હતો.

તેમણે પાયાના અનુભવના ઉપયોગના આધારે સશક્તિકરણ સુલભતાથી શરૂ થાય છે તે બાબત ઉપર ભાર મૂક્તા જણાવ્યું હતું કે, ઔપચારિક શિક્ષણનું સ્તર મર્યાદિત છે એવા ગ્રામીણ સમુદાયોમાં અદાણી ગ્રુપની સામાજિક કલ્યાણ અને વિકાસ પાંખ મારફત ફાઉન્ડેશન દ્વારા




સમર્થિત મહિલા ખેડૂતોને સરળ કૃષિ મોબાઈલ એપ્લિકેશનો ઉપલબ્ધ કરવામાં આવી છે જેના દ્વારા સિંચાઈ, ખાતરના ઉપયોગ, બિયારણની પસંદગી અને મંડીના ભાવના ટ્રેકિંગનું માર્ગદર્શન આપવામાં આવે છે. માહિતીની આપ-લેની સુધરેલી પહોંચ ઉચ્ચ ઉત્પાદકતા, મજબૂત આવક અને વધુ આત્મવિશ્વાસમાં પરિવર્તિત થઈ છે.ડેરી ક્ષેત્રમાં, સામૂહિક કાર્યવાહીએ કમાણીની સંભાવનાને ફરીથી આકાર આપ્યો છે. ફાઉન્ડેશન દ્વારા ઉપલબ્ધ કરવામાં આવેલી સુવિધા હેઠળ સ્વ-સહાય જૂથ સંચાલિત દૂધ સંગ્રહ કેન્દ્રોમાં હવે ૩૫૦૦થી વધુ મહિલાઓને આવરી લેવામાં આવી છે જે સામૂહિક રીતે વાર્ષિક ૭૫ લાખ લિટરથી વધુ દૂધનું સંચાલન કરે છે. પારદર્શક ભાવ




નિર્ધારણ, ગુણવત્તા પરીક્ષણ અને સંગઠિત ખરીદીએ આવક સ્થિરતા અને સોદા પાર પાડવાની શક્તિમાં વધારો કર્યો છે.

ડૉ. અદાણીએ પ્રશિક્ષિત સ્થાનિક મહિલા સ્વયંસેવકોએ પ્રજનન વય જૂથની ૩.૨૫ લાખથી વધુ મહિલાઓ માટે સુધારેલા આરોગ્ય પરિણામોને ટેકો આપ્યો છે એવી ફાઉન્ડેશનની મુખ્ય પહેલ માતૃત્વ અને મહિલા આરોગ્ય સુપોષણનો પણ ઉલ્લેખ કર્યોહતો. તેમણે કહ્યું હતું કે સ્વાભિમાન કાર્યક્રમે ૩૦૦ એન્ટરપ્રાઈઝ સ્વ-સહાય જૂથોમાં ૪,૫૦૦થી વધુ મહિલાઓને ટકાઉ આજીવિકા મેળવવા સક્ષમ બનાવી છે.તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે, સશક્તિકરણ દાન વિશે નથી, પરંતુ કુશળતા, નાણાં, બજારો અને નેતૃત્વના માર્ગોની પહોંચને વિસ્તૃત કરવા વિશે છે.

તાજેતરના કેન્દ્રીય બજેટની સ્વ-સહાય ઉદ્યોગ સાહસિક પહેલનો ઉલ્લેખ કરતા, ડૉ.અદાણીએ તેને મહિલાઓને વૃદ્ધિ, મૂડીની ઍક્સેસ સાથે માઈક્રો-ક્રેડિટ સહભાગીઓથી એન્ટરપ્રાઇઝ માલિકો પ્રતિ સંક્રમણ કરવા સક્ષમ બનાવવા માટેનું એક મહત્વપૂર્ણ નીતિગત પગલું ગણાવ્યું હતું. તેમણે ફાઉન્ડેશનના તેના ઘાતાંકીય સશક્તિકરણને ટેકો આપવાના માળખા સાથે તેના જોડાણનો ઉલ્લેખ કર્યો હતો.

ઉદ્યોગ સાહસિકતા, શાસન અને ગ્રામીણ નેતૃત્વ પરની ચર્ચાઓમાં, સંદેશ સુસંગત રહ્યો છે, મહિલાઓની આર્થિક ભાગીદારી ભારતની લાંબા ગાળાની સમૃદ્ધિનો પાયો હોવાનું તેમણે જણાવ્યું હતું.

તેમણે સંબોધનના સમાપનમાં સંસ્થાઓને માળખાકીય અવરોધોને દૂર કરવા અને તકોની પહોંચને વિસ્તૃત કરવા વિનંતી કરી હતી. તેમણે કહ્યુ કે, ભારતના વિકાસનો આગામી તબક્કો વર્ગખંડો, તાલીમ કેન્દ્રો, ગ્રામીણ સાહસો અને ડિજિટલ બજારોમાં આત્મવિશ્વાસુ મહિલાઓના નેતૃત્વમાં આકાર પામશે.

### કાર્યકારિણીની બેઠકમાં લેવાયો નિર્ણય

# સુનેત્રા પવારને NCPના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે પસંદ કરાયા

## અજિત પવારના નિધન બાદ પાર્ટીમાં ખાલી જગ્યા ઊભી થઈ હતી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**મુંબઈ, તા.૨૬**

મહારાષ્ટ્રની રાજનીતિને લઈ સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. સુનેત્રા પવારને Nationalist Congress Party (NCP)ના નવા રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે સર્વાનુમતે પસંદ કરવામાં આવ્યા છે. આ નિર્ણય પાર્ટીની રાષ્ટ્રીય કાર્યકારિણી બેઠક અને વિશેષ અધિવેશન દરમિયાન લેવામાં આવ્યો હતો.

અધિવેશન દરમિયાન પાર્ટીના વરિષ્ઠ નેતા પ્રફુલ પટેલે ભાવુક ભાષણ આપ્યું. તેમણે જણાવ્યું કે, અજીત પવારના નિધન બાદ પાર્ટીમાં નેતૃત્વ અંગે અનેક અટકળો થઈ હતી, પરંતુ નેતાઓએ એકતા જાળવી રાખી.

પ્રફુલ્લ પટેલે કહ્યું કે, બધા આગેવાનો સાથે ચર્ચા કરીને નવા અધ્યક્ષની પસંદગી માટે સંમેલન બોલાવવામાં આવ્યું હતું. તેમણે સુનેત્રા પવારનું નામ ઔપચારિક રીતે પ્રસ્તાવિત કર્યું, જેને હાજર તમામ પ્રતિનિધિઓએ સમર્થન આપ્યું. અંતે તેમને સર્વાનુમતે રાષ્ટ્રીય અધ્યક્ષ જાહેર કરવામાં આવ્યા.



અજિત પવારના નિધન બાદ પાર્ટીમાં ખાલી જગ્યા ઊભી થઈ હતી. NCPના વિવિધ વિભાગોના લગભગ ૩૦ જેટલા પ્રમુખોએ નેતૃત્વમાં સ્પષ્ટતા લાવવા માંગણી કરી હતી. તેઓએ કાર્યકારી નેતૃત્વને પત્ર લખીને સુનેત્રા પવારને આ જવાબદારી સોંપવાની વિનંતી કરી હતી. આજે આ માંગણીને સત્તાવાર સ્વીકાર મળી ગયો.

સુનેત્રા પવાર તેમના પતિના અવસાન બાદ પણ સક્રિય રહી છે. ૩૧ જાન્યુઆરીએ તેમણે મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા અને ત્યારથી રાજ્ય તથા પક્ષ માટે જવાબદારીઓ નિભાવી રહ્યા છે. પાર્ટીના નેતાઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે, નવા નેતૃત્વ હેઠળ NCP વધુ મજબૂત બનીને આગળ વધશે અને સંગઠનને નવી દિશા મળશે.

# વલસાડના બીનવાડા ગામમાં પુસ્તક પરિચયનો ૫૦મો મણકો ઉજવાયો








## વક્તાએ 'ગાલિબ'ના જીવન અને તેમની અમર શાયરીઓની ખૂબસુરત રજૂઆત કરતા શ્રોતાઓ મંત્રમુગ્ધ થયા

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૬**

વલસાડ પુસ્તક પરિચયનો પચાસમો મણકો બીનવાડા ગામમાં આવેલા સખ્ય વાટિકા ખાતે યોજાયો હતો. વક્તાશ્રી દિપકભાઈ મરચન્ટ (બીલીમોરા)એ અંદાજ-એ-બયાં ઔર (ગાલિબ સ્પેશ્યલ-મરીઝ સ્મરણ વંદના)માં ઉર્દૂ અદબના આકા મિર્ઝા અસદુલ્લાહ ખાન 'ગાલિબ'ના જીવન અને તેમની અમર શાયરીઓની ખૂબસુરત રજૂઆત કરી હતી. દાસ્તાન-એ-ગાલિબ તેમના જીવનના અજાણ્યા કિસ્સાઓ કહ્યા હતા. નાદિર-એ-કલામ ગાલિબની શ્રેષ્ઠ ગઝલો અને ચુનંદા શેરોની પ્રસ્તુતિએ સૌને ઓતપ્રોત કર્યા હતા. આફરીન-એ-સુખન આજના સમયમાં ગાલિબની પ્રસ્તુતતા સાંભળી ખ્યાલ આવે કે ગાલિબ ક્યાં સુધી જોઈ શકતા હતા.

આ કાર્યક્રમમાં ડૉ. એપીજે અબ્દુલ કલામ સરકારી કોલેજ-સિલવાસાના ડૉ. મનોજ માહ્યાવંશીએ 'ફેબ્રુઆરીના ફનકાર' વિષય ઉપર ફેબ્રુઆરી મહિનામાં જન્મ હોય કે મૃત્યુ હોય એવાં કેટલાક ફનકાર-કલાકારની વાત તેમની રચના સાથે કરી હતી. જેમાં મીર તકી મીર, ફૈઝ અહમદ ફૈઝ, બસીર બદ્ર, વસીમ બરેલવી, નિદા ફાઝલી અને સંગીતકાર-ગઝલ ગાયક જગજીત સિંઘ જેવા કલાકારો સામેલ હતા. આ સર્જકોના શેરો-શાયરીની રમઝટે સાંજને યાદગાર બનાવી હતી.

આ કાર્યક્રમમાં શ્રી હેમંત ગજ્જર (સી.એ.), શ્રી પ્રશાંત દેસાઈ, શ્રી જયેશ ચૌહાણ (ઇન્ચાર્જ પ્રિન્સિપાલ), ડૉ.દીપેશ શાહ, ડૉ.રામ શર્મા, ડૉ. ચંદ્રહાસ નાયક, ડૉ.ભાવેશ વાળા, નિવૃત્ત એસપી શ્રી સુનીલ પાટીલ અને સુરત, ધરમપુર, દમણ, સેલવાસ, પારડી, ચીખલી, બીલીમોરાથી શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા. શ્રીમતી અર્ચના ચૌહાણ તથા શ્રી હાર્દિકભાઈ પટેલના આયોજનમાં કાર્યક્રમનું સંચાલન આશા ગોહિલે કર્યુ હતું.

# વલસાડની કુસુમ વિદ્યાલયમાં વિજ્ઞાન પ્રદર્શન યોજાયું





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૬**

વલસાડના તીથલ રોડ પર સ્થિત કુસુમ વિદ્યાલય ખાતે સાયન્સ એકિઝબિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધો.૭ થી ૯ના બંને માધ્યમના દરેક વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ પોતાના મૌલિક વિચારો, સર્જનાત્મકતા અને કલ્પનાશક્તિ દ્વારા વિવિધ વિષયોને આવરી લઈ સુંદર કૃતિઓ તૈયાર કરી હતી.

આ કૃતિઓને શાળાના તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓએ રસપૂર્વક નિહાળી બાળ વૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કર્યા હતા. શાળા પરિવાર દ્વારા બાળ વૈજ્ઞાનિકોના પ્રયત્નોને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# ઓલપાડ તાલુકાના સુંવાલી ખાતે તાલુકા કક્ષાનું નારી સંમેલન યોજાયું






**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ઓલપાડ, તા.૨૬**

મહિલાઓનાં સામાજિક પ્રશ્નોનાં નિરાકરણ, તેમનાં હકોની જાગૃતિ તેમજ ગુજરાત રાજ્ય મહિલા આયોગ દ્વારા રાજ્યમાં ચાલી રહેલી નારી અદાલતોનાં કાર્યો, હેતુ અને કાર્યપદ્ધતિ વિશે માર્ગદર્શન આપવાનાં હેતુસર સંકલિત બાળ વિકાસ યોજના કચેરી, ચોર્યાસી દ્વારા તાલુકાનાં સુંવાલી સ્થિત કોમ્યુનિટી હોલ ખાતે તાલુકા કક્ષાનું નારી સંમેલન યોજવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં માતા યશોદા એવોર્ડ (૨૦૨૨-૨૩)નું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. તાલુકા પંચાયત ચોર્યાસીનાં પ્રમુખ શ્રીમતી તૃપ્તિબેન પી. પટેલની અધ્યક્ષતામાં યોજાયેલ આ સંમેલનમાં તાલુકા વિકાસ અધિકારી શ્રીમતી મયૂરીબેન ગાઈન, સી.ડી.પી.ઓ. શ્રીમતી દીક્ષિતાબેન ડોડીયા, શ્રીમતી લતાબેન ડી. પટેલ, શ્રીમતી વાસંતીબેન એસ. પટેલ તથા એડવોકેટ પ્રિતીબેન જોશી ઉપસ્થિત રહ્યાં હતાં.

આ પ્રસંગે મુખ્ય સેવિકાઓ, આઈ.સી.ડી.એસ. કચેરી સ્ટાફ, આંગણવાડી કાર્યકરો તેમજ વિવિધ ગામોમાંથી આશરે ૨૦૦ જેટલી મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમ દ્વારા મહિલાઓમાં જાગૃતિ અને આત્મવિશ્વાસ વધારવાનો સંનિષ્ઠ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

## કોંગ્રેસનો સળગતો સવાલ

# ૩૦ રૂપિયામાં વડાપાંઉ નથી મળતું, સગર્ભાને ૨૭ રૂપિયામાં ભોજન કેવી રીતે અપાય છે?

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ગાંધીનગર, તા.૨૬**

ગુજરાત વિધાનસભામાં ચાલી રહેલા બજેટ સત્રનો આજે નવમો દિવસ છે. ત્યારે કોંગ્રેસના ધારાસભ્ય અનંત પટેલે સગર્ભા માતાઓને અપાતા ભોજનની રકમ સામે સવાલો ઉઠાવ્યા હતા. બજેટમાં પ્રાવધાન બજેટ સુધા યોજનાની રકમ સામે વેધક પ્રહારો કર્યા કે, ૩૦ રૂપિયામાં તો બહાર વડાપાંઉ પણ નથી મળતું, તો સગર્ભા માતાઓને ૨૭ રૂપિયામાં ભોજન કેવી રીતે અપાય છે.

ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસના ધારાસભ્ય અનંત પટેલે ગૃહમાં સગર્ભા માતાઓને અપાતા ભોજનની રકમ સામે સવાલ ઉઠાવ્યા હતા. તેઓએ કહ્યું હતુ કે, બજેટમાં પ્રાવધાન પોષણ સુધા યોજના સગર્ભા માતાઓને જમાડાય છે. સગર્ભા માતાઓને દાળ ભાત શાક રોટલી અને કંચુબર સાથે ફરસાણ આપવાની જોગવાઈ છે. પરંતુ મેનૂ સામે નક્કી થયેલી રકમ માત્ર રૂપિયા ૨૭ આપે છે. પરંતુ માર્કેટમાં ૩૦ રૂપિયામાં વડાપાઉ પણ નથી મળતું. તેઓએ આગળ કહ્યું કે, સરખું ભોજન ન મળવાના કારણે બાળકો કુપોષણનું કારણ આ બની રહ્યું છે. સગર્ભાઓને ભોજન માટે

### સરખું ભોજન ન મળવાના કારણે બાળકો કુપોષણનું કારણ આ બની રહ્યું છે : ૭૫ રૂપિયાનું ભોજન કરાવવાની માંગ

૭૫ રૂપિયાનું ભોજન કરાવવાની માંગ છે. આ ઉપરાંત પ્રાથમિક શાળામાં ટ્રાન્સપોર્ટેશનની સુવિધા છેલ્લા બે વર્ષથી આદિવાસી વિસ્તારમાં બંધ છે. ટેક્સિ પાસિંગનો આગ્રહ વિભાગ રાખે પણ આદિવાસી વિસ્તારમાં આ યોગ્ય નથી. આદિવાસી વિસ્તારમાં છૂટછાટ અપાય તેવી માંગ છે. મધ્યાહન ભોજન શાળામાં યોગ્ય નથી અપાતું. આશ્રમ શાળાઓમાં ખાલી જગ્યાઓ ભરાય છે.

સ્ત્રીના જીવનમાં સગર્ભા અને ધાત્રી અવસ્થા ખૂબ મહત્વપૂર્ણ છે. આ અવસ્થા દરમિયાન માતાના ગર્ભમાં રહેલા શિશુને અને બાળકને સ્તનપાન કરાવવા માટે વધુ પ્રમાણમાં પોષણની જરૂરિયાત રહે છે. માતાની આ જરૂરિયાતને પહોંચી વળવા રાજ્ય સરકારે પ્રાયોગિક ધોરણે વર્ષ ૨૦૧૭-૧૮ માં "પોષણ સુધા યોજના" શરૂ કરી હતી. જે અંતર્ગત આંગણવાડી ઉપર નોંધાયેલ સગર્ભા અને ધાત્રી માતાઓને એક વખતનું સંપૂર્ણ ભોજન આપવામાં આવે છે. આ સાથે આર્યન, કેલ્શિયમની ગોળી તથા આરોગ્ય પોષણ શિક્ષણ આપવામાં આવે છે.

પ્રાયોગિક ધોરણે હાલ રાજ્યના આદિજાતી વિસ્તારમાં દાહોદ, વલસાડ, મહીસાગર, છોટાઉદેપુર અને નર્મદા એમ પાંચ જિલ્લાના ૧૦ ICDS ઘટકમાં સ્પોટ ફીડિંગ કાર્યક્રમ ચાલુ કરાયુંચે. આ યોજનાના સારા પરિણામો મળતા વર્ષ-૨૦૨૨-૨૩થી તેનો વ્યાપ વધારીને તમામ બાકી રહેલા આદિજાતિ વિસ્તાર જિલ્લાઓના આદિજાતિ ઘટકોમાં અમલીકરણ કરવામાં આવ્યા છે. આ સાથે તેઓએ સવાલ ઉઠાવ્યા કે, આશ્રમ શાળાઓમાં ગૃહમાતા અને ગૃહ પિતાની જગ્યાઓ ખાલી છે. જેના કારણે ક્યારેક બાળકીઓની છેડતીના કિસ્સા થાય છે. તાત્કાલિક આવી જગ્યાઓ ભરાય તેવી માંગ છે.

નવસારીથી મધ્યાહન ભોજન બનીને આવે છે. મધ્યાહન ભોજન ગરીબ બાળકોને ગરમ મળે છે. મધ્યાહન ભોજનમાં ઈયળ અને કીડી નીકળે છે. તો આપના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ સવાલ કર્યા કે, જુનાગઢ અને રાજકોટમાં કેટલુ અનાજ આપવામાં આવે છે? ગુજરાતમાં ૩૫ લાખ લોકો સરકાર પર નિર્ભર છે. ૯૩ હજાર લોકોને જુનાગઢ અને રાજકોટમાં દુકાનમાંથી અનાજ વેચવા બદલ ૩૮ હજારનું કમિશન ચૂકવવામાં આવ્યું હતું. રાજકોટમાં ૧૫૬૮૧૭૭૮૯ રૂપિયા કમિશન ચૂકવવામાં આવે છે. ૧૦ કિલો અનાજ ચૂકવવામાં સરકાર ગરીબોના પાછળ ૫૨ કરોડ ચૂકવ્યા છે. આના કરતા જો રોકડા આપવામાં આવે તો લોકોને જ્યાંથી અનાજ લેવું હોય ત્યાંથી લઈ શકે. સૌથી મોટો ખર્ચો તો કમિશનમાં જ વાપરી દેવામાં આવે છે. સરકાર ૩૦ વર્ષથી મીઠું આપવામાં આવે છે.

## NCTEના મંજૂરી પત્ર જ બોગસ

# ગુજરાતના ઉનામાં ધમધમતી નકલી બીએડ કોલેજ પકડાઈ!

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ઉના, તા.૨૬**

ઉના પંથકના ભાચા ગામમાં 'વનિતાબેન બચુભાઈ નાંડોળા બીએડ કોલેજ' NCTEની બોગસ મંજૂરીના આધારે બે વર્ષ સુધી ધમધમતી હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. વાસ્તવમાં NCTE દ્વારા આ કોલેજને કોઈપણ પ્રકારની મંજૂરી આપવામાં આવી ન હતી. આ કૌભાંડમાં જવાબદારોએ NCTEના નામે નકલી મંજૂરીપત્ર તૈયાર કરી ગાંધીનગર ઉચ્ચ શિક્ષણ વિભાગ અને જૂનાગઢની ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં મોકલી આપ્યો હતો.આ બોગસ પત્રને આધારે યુનિવર્સિટીએ પણ કોલેજને વિદ્યાર્થીઓની ફાળવણી કરી દીધી હોવાના અણસાર મળી રહ્યા છે. આટલી મોટી ગેરરીતિ સામે આવ્યા બાદ હવે જવાબદારો સામે કડક પોલીસ ફરિયાદ કરવાની માંગ ઉઠી છે.છેલ્લા ઘણા સમયથી સોરઠ પંથકની બીએડ કોલેજો બોગસ

### વર્ષ ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ દરમિયાન અનેક વિદ્યાર્થીઓએ ઉનાની વી.બી. નાંડોળા બીએડ કોલેજમાં અભ્યાસ કર્યો છે

હોવાની રાવ સાથે મોટો વિવાદ સર્જાયો હતો. ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં ઉપકુલપતિ બદલાતા જ શંકાસ્પદ બીએડ કોલેજો સામે તપાસનો ગાળિયો કસાયો હતો, જેના કારણે અનેક કોલેજોની મંજૂરી પણ રદ કરવામાં આવી હતી. આ દરમિયાન ઉનાના ભાચા ગામની વી.બી. નાંડોળા બીએડ કોલેજ બોગસ હોવાના ગંભીર આરોપો વચ્ચે આરટીઆઈ(RTI) અંતર્ગત માહિતી માંગવામાં આવી હતી.આરટીઆઈના જવાબના આધારે કોલેજ પાસે રહેલા મંજૂરીના પત્રો સાચા છે કે ખોટા, તેની એનસીટીઈ(NCTE)માં ખરાઈ કરવામાં આવી હતી. અરજદારે માંગેલી માહિતીના આધારે એનસીટીઈએ ચોંકાવનારો ખુલાસો કરતા સ્પષ્ટતા કરી છે કે, 'તારીખ 05-06-2023 અને તારીખ 25-07-2025ના રોજ અમે કોઈ પત્ર લખ્યો નથી કે આવી કોઈ મંજૂરી પણ આપેલી નથી.' આ ઘટસ્ફોટ બાદ હવે સૌથી મોટો પ્રશ્ન એ ઊભો થયો છે કે, જે વિદ્યાર્થીઓ અહીં અભ્યાસ કરી ચૂક્યા છે અને જેમને ડિગ્રી એનાયત થઈ ગઈ છે, તેમનું ભવિષ્ય હવે શું?

વર્ષ 2023-24 અને 2024-25 દરમિયાન અનેક વિદ્યાર્થીઓએ ઉનાની વી.બી. નાંડોળા બીએડ કોલેજમાં અભ્યાસ કર્યો છે. આશ્ચર્યની વાત એ છે કે, આ કોલેજ પાસે NCTEની કોઈ માન્યતા જ નહોતી, તેમ છતાં ગત વર્ષે ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા આ કોલેજની પરીક્ષા લેવામાં આવી હતી. એટલું જ નહીં, આ પરીક્ષાના પરિણામના આધારે પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને ડિગ્રી પણ એનાયત કરી દેવામાં આવી હોવાનું સામે આવ્યું છે. હવે જ્યારે કોલેજ બોગસ હોવાનો ઘટસ્ફોટ થયો છે, ત્યારે યુનિવર્સિટીની કાર્યપદ્ધતિ અને વિદ્યાર્થીઓના ભાવિ સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

અધિકારીઓના નામે નકલી પત્રો તૈયાર કરાયાNCTEના લેટરપેડનો દુરુપયોગ કરીને તારીખ 05-06-2023ના રોજ ઉચ્ચ શિક્ષણ વિભાગ, ગાંધીનગરને એક પત્ર લખવામાં આવ્યો હતો. આ પત્રમાં વર્ષ 2023-24 માટે વી.બી. નાંડોળા બીએડ કોલેજને 100 વિદ્યાર્થીઓની મંજૂરી મળી હોવાનું દર્શાવી, તેમાં NCTEના ક્ષેત્રીય નિર્દેશક ડૉ. મિતુ ભારતીની બોગસ સહી કરવામાં આવી હતી.

## ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ દ્વારા

# ગણદેવી તાલુકાના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અંગે તાલીમ આપવામાં આવી



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૨૬**

નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના અમલસાડ ક્લસ્ટરના માછીયાવાસણ ગામે ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અંતર્ગત જિલ્લા સ્તરની પ્રાકૃતિક કૃષિ તાલીમ યોજાઈ હતી. આ તાલીમમાં લગભગ ૨૦૦ જેટલા ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. તાલીમ દરમિયાન ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ, તેના લાભો તથા ખર્ચમાં ઘટાડા સાથે સ્વસ્થ ઉત્પાદન મેળવવાના માર્ગ વિશે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ગણદેવી તાલુકાના ટીપીએમશ્રી, અમલસાડના કૃષિ સખી, સીઆરપી તથા ગામના સરપંચશ્રી પ્રવિણભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તાલીમ દરમિયાન ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના પાંચ આયામો વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા તેમજ રાસાયણિક ખેતીના વિકલ્પ રૂપે સ્વાવલંબન આધારિત કૃષિ પદ્ધતિ અપનાવવા પ્રેરણા આપવામાં આવી હતી.

ખેડૂતોને પોતાના ખેતર અને ઘરમાં સહેલાઈથી ઉપલબ્ધ વસ્તુઓ જેવી કે ગીર ગાયનું ગોબર, ગૌમૂત્ર, ચણાનો લોટ, દેશી ગોળ અને શેઢા પાળાની માટીનો ઉપયોગ કરીને 'જીવામૃત' કેવી રીતે તૈયાર કરવું તેની જીવંત પ્રદર્શન સાથે સમજ આપવામાં આવી હતી. સરળ અને વ્યવહારુ સમજણ દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવી જમીનની ઉર્વરતા વધારવા તેમજ ઉત્પાદન ખર્ચ ઘટાડવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# પારડીના સરદાર ઉદ્યાનમાં તા.૨૭ અને ૨૮ ફેબ્રુઆરીના રોજ બે દિવસીય યોગ શિબિર યોજાશે

### રાજ્ય સરકારના હર ઘર યોગના અભિયાનને સાકાર કરવા મોટી સંખ્યામાં લોકો આ યોગ શિબિરમાં જોડાઈ તે માટે આહ્વાન કર્યુ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૬**

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ''સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત''ના સંકલ્પ સાથે વલસાડ જિલ્લામાં પારડી તાલુકામાં તાલુકા યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.


વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ યોગને વિશ્વ ફલક પર આગવું સ્થાન અપાવ્યું છે તેને અનુસરીને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી દ્વારા ''હર ઘર યોગ''ના સ્વપ્નને સાકાર કરવાના ઉમદા હેતુથી વલસાડ જિલ્લામાં આ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શ્રી યોગસેવક શિશપાલજીના સફળ નેતૃત્વ હેઠળ ઝોન કો-ઓર્ડીનેટર પ્રીતિબેન પાંડેની અધ્યક્ષતામાં અને ડિસ્ટ્રિક્ટ કો-ઓર્ડીનેટર પ્રીતિબેન વૈષ્ણવના માર્ગદર્શન હેઠળ તારીખ ૨૭/૨/૨૬ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે અને તા.૨૮/૨/૨૬ ની સવારે ૭:૦૦ કલાકે સરદાર વલ્લભભાઈ પટેલ ઉદ્યાન, પારડી નગરપાલિકા, તળાવની પાસે, પારડી ખાતે આયોજન કરવામાં આવ્યું છે. જેનો મુખ્ય હેતુ જાહેર જનતા યોગ શિબિરમાં જોડાઈ અને સ્વસ્થ અને નિરોગી જીવન જીવી શકે તે માટે વધુમાં વધુ નાગરિકો આ યોગ શિબિરમાં જોડાઈને સ્વસ્થ જીવનનો આનંદ માણે એવું વલસાડ જિલ્લાના કો-ઓર્ડીનેટર પ્રીતિબેન વૈષ્ણવે અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ઉમરગામના ગાંધીવાડીથી ૨૫ વર્ષીય યોગેશ ભાનુશાલી ગુમ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**વલસાડ, તા.૨૬:** વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં ગાંધીવાડી ખાતે આનંદનગરમાં ચાર રસ્તા પાસે મુજબીન સુદીકીની ચાલીમાં રહેતા ૨૫ વર્ષીય યોગેશ છગનભાઈ ભાનુશાલી (મૂળ રહે. ગામ-સુફી મોટી પોસ્ટ, તેરા, તા.અબડાસા, જિ.કચ્છ) તા. ૦૯/૦૨/૨૬ના રોજ ઘરેથી કોઈને કંઈપણ કહ્યા વિના ક્યાંક નીકળી ગયા હતા. જેમની શોધખોળ કરવા છતાં કોઈ પત્તો લાગ્યો ન હતો. ૨૪ વર્ષીય પત્ની સપના ભાનુશાલીએ પતિ ગુમ થયાની ઉમરગામ પોલીસ મથકે જાણ કરી હતી. ગુમ યોગેશ ભાનુશાલીએ શરીરે લીલા કલરની ટી-શર્ટ અને લીલા કલરનો ચડ્ડો પહેર્યો હતો. ડાબા હાથના ભાગે ઈંગ્લિશમાં યોગેશ લખેલું છે. તેઓ શરીરે મધ્યમ બાંધો, ઘઉંવર્ણ અને પાંચ ફૂટ ઉંચાઈ ધરાવે છે. જેઓ કચ્છી, ગુજરાતી, હિન્દી અને ભોજપુરી ભાષા જાણે છે. જે કોઈને પણ તેમની ભાળ મળે તો ઉમરગામ પોલીસ સ્ટેશને જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.



વર્તમાન પ્રવાહ
તંત્રી લેખ

# બ્રાઝિલના રાષ્ટ્રપતિ લૂલાની ભારત મુલાકાતથી દ્વિપક્ષીય સંબંધો સુદઢ થવા સાથે ગ્લોબલ સાઉથના દેશની એકતાનો પણ દુનિયાને આપેલો સંદેશ

**રા**જધાની દિલ્હીમાં એ.આઈ. પર વૈશ્વિક મેળો યોજાયો એ દરમ્યાન ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોં સાથે અને એ પછી બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઈઝ ઈનાસિયો લૂલા ધ સિલ્વા સાથેની શિખર બેઠક ખૂબ ફળદાયી રહી. દુનિયામાં સત્તાના પરિમાણ બદલાઈ રહ્યા છે, તેમાં ભારત એક પછી એક મહત્ત્વપૂર્ણ દેશો સાથે સંબંધ વિસ્તારીને પોતાની સ્થિતિ મજબૂત બનાવી રહ્યું છે. રાષ્ટ્રપતિ લૂલા ધ સિલ્વાની ચાર દિવસની ભારતયાત્રા આપણી વૈશ્વિક કૂટનીતિની અગત્યની ઘટના લેખાવાઈ રહી છે. ભારત અને બ્રાઝિલ દુનિયાના બે ઊભરતાં અર્થતંત્ર છે. રાષ્ટ્રપતિ લૂલાની મુલાકાતથી દ્વિપક્ષીય સંબંધો સુદઢ થયા જ સાથે ગ્લોબલ સાઉથના દેશની એકતાનો સંદેશ દુનિયાને આપ્યો છે. લૂલા સૌથી મોટાં પ્રતિનિધિ મંડળ સાથે ભારત આવ્યા હતા, જેમાં ૧૪ મંત્રી, ૩૦૦થી વધુ સીઈઓ સામેલ હતા. પ્રતિનિધિ મંડળો વચ્ચે વેપાર ટેક્નોલોજી, વૈશ્વિક શાસન જેવા મુદ્દાઓ પર ઊંડાણપૂર્વકની ચર્ચા સાથે ભારત બ્રાઝિલ વ્યૂહાત્મક ભાગીદારી નવી ઊંચાઈએ પહોંચી છે. બંને દેશે એઆઈ સહયોગ વધારવા નિર્ધાર કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, રાષ્ટ્રપતિ લૂલાના દૂરંદેશી નેતૃત્વથી દ્વિપક્ષીય સંબંધોને નવી ઊર્જા મળી છે. ભારત અને બ્રાઝિલ આગામી પાંચ વર્ષમાં દ્વિપક્ષીય વેપાર ૨૦ અબજ ડોલરને પાર લઈ જવા પ્રતિબદ્ધ છે. બંને દેશના નેતાઓએ એઆઈને ડિજિટલ સામ્રાજ્યવાદથી બચાવવાની જરૂરત ઉપર પણ ભાર મૂક્યો. લૂલાએ ભારતની ડિજિટલ પ્રગતિની પ્રશંસા કરી અને કહ્યું કે, કૃત્રિમ બુદ્ધિમતા (એઆઈ)નો ઉપયોગ વિકાસશીલ દેશોના હિતમાં થવો જોઈએ. રાષ્ટ્રપતિ લૂલાની ભારત મુલાકાતનો સમયગાળો પણ સૂચક છે. અમેરિકા અને ડોનાલ્ડ ટ્રમ્પે ટેરિફ મિશન વધારે રાખ્યું છે અને ભારતે વેપાર વિસ્તાર માટે બીજા વિકલ્પોની શોધ જારી રાખી છે. યુરોપીય સંઘ સાથે ટ્રેડ ડીલમાં સફળતા પછી ફ્રાન્સ સાથે પણ આપણી મિત્રતા ગાઢ બની, યુ.કે. પણ ભારતની લાઈનમાં છે એ ક્રમ આગળ વધારતાં ભારતે બ્રાઝિલને પોતાની નજીક લીધું છે. બંને દેશની શિખર મંત્રણામાં ૧૦ સમજૂતી થઈ, જેમાં દુર્લભ અર્થ મિનરલ્સ અને લિથિયમ જેવા મહત્ત્વપૂર્ણ ખનિજ ક્ષેત્રે સહયોગ નોંધપાત્ર છે. ઈલેક્ટ્રિક વાહનો તથા ગ્રીન એનર્જી માટે આ પૃથ્વી તત્ત્વ જરૂરી છે. અહીં એ નોંધનીય છે કે, બ્રાઝિલ પાસે આવાં ખનિજોનો વિશાળ ભંડાર છે, જ્યારે ભારત પ્રોસેસિંગ ટેકનિકમાં સમૃદ્ધ છે. બંનેનો સહયોગ ખૂબ ચાવીરૂપ બની રહેવાનો. તદુપરાંત એઆઈ, સેમિકન્ડક્ટર અને ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડિજિટલ લાયબ્રેરી ક્ષેત્રે સમજૂતી દર્શાવે છે કે ભારત ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુદઢ બનાવવાની દિશામાં ખૂબ ગંભીરતા અને ગતિભેર આગળ વધી રહ્યું છે. એ સિવાય અનેક ક્ષેત્રે ભારત બ્રાઝિલ નજીક આવી ગયાં છે. એક સમયે દક્ષિણ એશિયામાં વ્યાપાર ક્ષેત્રે ચીનનું આધિપત્ય રહેતું. ભૂરાજનૈતિક દૃષ્ટિકોણથી ચીન પર નિર્ભરતા ઘટાડવાની દિશામાં પણ આ એક મહત્ત્વનું પગલું છે. ચાવીરૂપ ખનિજોમાં ચીનનું વર્ચસ્વ છે. બંને નેતાએ સંયુક્ત રાષ્ટ્રસંઘમાં સુધારાની હિમાયત કરી, વિશેષ તો સુરક્ષા સમિતિના વિસ્તારની વાત વિવિધ મંચ પર ઊઠતી રહે છે, તેમ આ બેઠકમાં પણ તેના ઉપર ભાર મૂકવામાં આવ્યો. આતંકવાદના સામના માટે પ્રતિબદ્ધતા વ્યક્ત થઈ. વડાપ્રધાન મોદીએ સૂચક રીતે કહ્યું કે, આતંકવાદ અને તેના સમર્થકો માનવતાના દુશ્મન છે. તમામ સમસ્યાઓનો ઉકેલ વાતચીત અને મુત્સદ્દીગીરીથી આવવો જોઈએ. ટૂંકમાં, બ્રાઝિલના રાષ્ટ્રપતિની ભારતયાત્રામાં દક્ષિણ સહયોગનું નવું મોડેલ જોવા મળ્યું. એક સંદેશ એ પણ છે કે, ઊભરતા દેશો હાથ મેળવીને વિકસિત દુનિયાના પડકારોનો સામનો કરી શકે છે.

# ૨૭ ફેબ્રુઆરી, 'વિશ્વ એન.જી.ઓ. દિવસ'

## દાન એ સર્વોચ્ચ ગુણ છે અને તે મહાન માધ્યમ છે જેના દ્વારા માનવજાત પર ભગવાનની દયા થાય છેઃ કોનરેડ હિલ્ટન

**દ**ર વર્ષે ૨૭મી ફેબ્રુઆરીએ 'વિશ્વ એન.જી.ઓ.' દિવસ ઉજવાવામાં આવે છે. આ દિવસ મુખ્યત્વે તમામ બિનસરકારી અને બિનનફાકારક સંસ્થાઓ અને તેમની પાછળનાં લોકો કે જેઓ આખું વર્ષ સમાજમાં યોગદાન આપે છે તેમને ઓળખવા અને સન્માન આપવા માટે સમર્પિત છે. પ્રથમ 'વિશ્વ એન.જી.ઓ.' દિવસ ૨૦૧૪માં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા મનાવવામાં આવ્યો હતો, જો કે પછીથી તેને સત્તાવાર રીતે માન્યતા આપવામાં આવી હતી.

એન.જી.ઓ. એ સ્થાનિક, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે જોવા મળે છે. યુનાઈટેડ નેશન્સ ચાર્ટરની કલમ ૭૧ મુજબ એન.જી.ઓ.ને 'સરકારી પ્રભાવથી સ્વતંત્ર અને નફા માટે નથી' એવી કોઈપણ સંસ્થા તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. તબીબી સહાય, નાણાકીય સેવાઓ, પર્યાવરણીય સંશોધન, શૈક્ષણિક સહાય અને કટોકટી સમયે એન.જી.ઓ. વિવિધ પ્રકારની સેવાઓ પ્રદાન કરે છે. તે આર્થિક, સામાજિક, શૈક્ષિણક, રાજકીય તેવા તમામ ક્ષેત્રોમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. સહયોગ અને નવીનતા દ્વારા ઉત્તેજિત, એન.જી.ઓ. સ્વયંસેવકો દ્વારા વિકાસ કરે છે. જો કે, એન.જી.ઓ. શહેરો માટે અદ્ભૂત રોજગાર અને આર્થિક લાભો પણ પ્રદાન કરે છે. આ દિવસ સખત મહેનત અને નિઃસ્વાર્થ સેવા પર વિચાર કરવાની તક આપે છે. વર્તમાન સમયમાં લાખો સ્વયંસેવકો, સામાજિક કાર્યકરો સમાજને તેમની સેવાઓ પ્રદાન કરે છે અને એક સ્વસ્થ સમાજનાં નિર્માણમાં મહત્ત્વનો ફાળો આપે છે. કોરોના મહામારીનાં સમયે, લોકડાઉન વખતે પણ જ્યારે આખો દેશ શાંત હતો ત્યારે એન.જી.ઓ. જ હતાં જે પૂર્ણપણે સક્રિય હતાં અને સમાજ સેવા તરફ અગ્રેસર હતાં. આવી સંસ્થાઓ નિઃસ્વાર્થ ભાવે લોકોની સેવામાં સતત કાર્યરત હોય છે અને આ રીતે દેશનાં વિકાસમાં મદદરૂપ થાય છે.

**- મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

## ઈરાન માટે મેદાને આવેલા ચીનની ધમકી

# હુમલો થયો તો અમેરિકાની ડિફેન્સ ઈન્ડસ્ટ્રી ઠપ કરી દઈશું!

(સંપૂર્ણ સમાચાર સેવા)
**બેઈજિંગ, તા.૨૬**

અમેરિકા અને ચીન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે હવે ચીન ખુલીને ઈરાનના પક્ષમાં આવી ગયું છે.


ચીને વોશિંગ્ટનને સીધી ધમકી આપી છે કે જો અમેરિકા તેહરાન(ઈરાન) પર હુમલો કરશે, તો ચીન તરત જ રેર મેટલની નિકાસ રોકી દેશે. આ ધમકી અત્યંત ગંભીર માનવામાં આવે છે કારણ કે અમેરિકા તેની જરૂરિયાતના ૯૦% રેર મેટલ ચીન પાસેથી જ ખરીદે છે. જો ચીન આ સપ્લાય અટકાવે, તો માત્ર ૪૮ કલાકની અંદર અમેરિકાની આખી ડિફેન્સ ઈન્ડસ્ટ્રી ઠપ થઈ શકે છે.


રેર મેટલ અત્યાધુનિક F-35 ફાઈટર જેટ્સ, મિસાઈલ ગાઈડન્સ સિસ્ટમ અને હાઈ-ટેક ઈલેક્ટ્રોનિક ચિપના ઉત્પાદનમાં પાયાનું ઘટક છે. આ કિંમતી ધાતુઓના પુરવઠા વિના અમેરિકાની સૈન્ય તાકાત અને સંરક્ષણ પ્રણાલી સંપૂર્ણપણે પાંગળી બની શકે તેમ છે.

બીજી તરફ, ચીન હવે ઈરાનને અત્યાધુનિક હથિયારો

**ચીન ઈરાનને આપશે અત્યાધુનિક સુપરસોનિક મિસાઈલો**

વેચવાની પણ તૈયારી કરી રહ્યું છે. અહેવાલો મુજબ, ઈરાન ચીન પાસેથી CM-302 સુપરસોનિક એન્ટી-શિપ મિસાઈલો ખરીદવા જઈ રહ્યું છે, જે ૨૯૦ કિલોમીટર સુધીની મારક ક્ષમતા ધરાવે છે અને અમેરિકાના એરક્રાફ્ટ કેરિયર કે વિનાશક જહાજોને ડૂબાડવા માટે સક્ષમ છે. ચીન માટે ઈરાન એટલે





મહત્ત્વનું છે કારણ કે ચીન પોતાની જરૂરિયાતનું મોટાભાગનું તેલ ઈરાન પાસેથી ખરીદે છે. આ ઉપરાંત, જો અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ થાય તો હોર્મુઝની સ્ટ્રેટ(દરિયાઈ માર્ગ) બંધ થઈ શકે છે, જે ચીનના આંતરરાષ્ટ્રીય વેપાર માટે આર્થિક રીતે મોટું નુકસાન સાબિત થઈ શકે. આમ, ચીન પોતાના આર્થિક અને સામરિક હિતોના રક્ષણ માટે હવે અમેરિકા સામે ઈરાનનું કવચ બનીને ઊભું રહ્યું છે.

# પ્રકૃતિના ગુણોથી મોહિત થયેલા અજ્ઞાની મનુષ્યો ગુણો અને કર્મોમાં આસક્ત રહે છે

**હ**વે અજ્ઞાનીઓની વાત જણાવતાં ભગવાન શ્રલોકઃ૩/૨૯માં કહે છે કે..

પ્રકૃતેર્ગુણસંમૂઢાઃ સજ્જન્તે ગુણકર્મસુ
તાનકૃત્સ્નવિદો મન્દાન્કૃત્સ્નવિન્ન વિચાલયેત્

(પ્રકૃતે-પ્રકૃતિના, ગુણસંમૂઢાઃ-ગુણોથી અત્યંત મોહિત થયેલા અજ્ઞાની મનુષ્ય, ગુણકર્મસુ-ગુણો અને કર્મોમાં, સજ્જતે-આસક્ત રહે છે, તાન-એવા, અકૃત્સવિદઃ-સંપૂર્ણપણે ન સમજનારા, મન્દાન્-મંદ્બુદ્ધિના અજ્ઞાનીઓને, કૃત્સ્નવિત્-સંપૂર્ણપણે જાણનાર જ્ઞાની મનુષ્ય, ન વિચાલયેત્-વિચલિત ન કરે)

પ્રકૃતિના ગુણોથી અત્યંત મોહિત થયેલા અજ્ઞાની મનુષ્ય ગુણો અને કર્મોમાં આસક્ત રહે છે, એવા સંપૂર્ણપણે ન સમજનારા મંદબુદ્ધિના અજ્ઞાનીઓને સંપૂર્ણપણે જાણનાર જ્ઞાની મનુષ્ય વિચલિત ન કરવા.

જે લોકો પ્રકૃતિના ત્રણ ગુણોના પ્રવાહમાં વહેતા રહે છે તે મૂઢ છે. આવા પ્રવાહમાં વહેતાં વહેતાં ગુણ અને કર્મો લોલુપભાવથી કરતા રહે છે. એવા અધુરીયા લોકોને પૂર્ણ જ્ઞાની વિચલિત કરતા નથી, તે જેમ કરતા હોય તેમ કરવા દો. ફલેચ્છાવાળા લોકોનો મોટો પ્રવાહ ચાલે છે,તેને રોકી શકાતો નથી, તેથી તેમને તેમની રીતે કર્મો કરવા દો, તેમાંથી જેને જીજ્ઞાસા હોય તેવા લોકોને જ સાચું જ્ઞાન આપોએવો ભાવ છે.

સત્વરજ અને તમ આ ત્રણે પ્રકૃતિજન્ય ગુણો મનુષ્યને બાંધવાવાળા છે. સત્વગુણ સુખ અને જ્ઞાનની આસક્તિ વડે, રજોગુણ કર્મોની આસક્તિ વડે અને તમોગુણ આળસપ્રમાદ અને નિદ્રા વડે મનુષ્યને બાંધે છે. (૧૪/૬૮) આ શ્રલોકમાં તે અજ્ઞાનીઓનું વર્ણન છે,જેઓ પ્રકૃતિજન્ય ગુણો વડે અત્યંત મોહિત એટલે કે બંધાયેલા છે, પરંતુ જેઓનો શાસ્ત્રોમાં, શાસ્ત્રવિહિત શુભકર્મોમાં તથા તે કર્મોનાં ફળોમાં શ્રદ્ધાવિશ્વાસ છે. આ જ અધ્યાયમાં શ્લોકઃ૨૫-૨૬માં એવા અજ્ઞાની પુરૂષોનું વર્ણન છે. લૌકિક અનેપારલૌકિક ભોગોની કામનાના કારણે એ પુરૂષો પદાર્થો અને કર્મોમાં આસક્ત રહે છે, આ કારણે તેમનાથી પર થવાની વાત તેઓ સમજી શકતા નથી, એટલા માટે ભગવાને તેમને અજ્ઞાની કહ્યા છે.


અજ્ઞાની મનુષ્યો શાસ્ત્રવિહિત કર્મો અને તેમની વિધિઓને તો સારી રીતે જાણે છે પરંતુ ગુણો અને કર્મોના તત્વને યોગ્ય રીતે જાણે છે પરંતુ ગુણો અને કર્મોના તત્વને યોગ્ય રીતે ન જાણવાના કારણે તેમને અકૃત્સવિદઃ સંપૂર્ણપણે ન સમજનારા કહેવામાં આવ્યા છે અને સાંસારીક ભોગ અને સંગ્રહમાં રૂચિ હોવાના કારણે તેમને મન્દાન્મંદબુદ્ધિના અજ્ઞાની કહેવામાં આવ્યા છે.

કૃત્સ્નવિન્ન વિચાલયેત્ગુણ અને કર્મ વિભાગને પૂર્ણરૂપે જાણવાવાળા તથા કામનામમતાથી રહિત જ્ઞાની પુરૂષે તે સકામભાવપૂર્વક શુભકર્મોમાં લાગેલા અજ્ઞાની પુરૂષોને શુભકર્મોથી વિચલિત ન કરવા જોઈએ, જેથી તે મંદબુદ્ધિ પુરૂષો પોતાની વર્તમાન સ્થિતિથી નીચા ન પડી જાય. જ્ઞાની પુરૂષ વધારે નહિ તો ઓછામાં ઓછું પોતાના સંકેતવચન અને ક્રિયા વડે અજ્ઞાની પુરૂષોને વિચલિત ન કરે કારણ કે જીવન્મુક્ત મહાપુરૂષો ઉપર ભગવાન અને શાસ્ત્ર પોતાનું શાસન ચલાવતા નથી, તેમના કહેવાતા શરીર વડે આપોઆપ સ્વાભાવિકપણે લોકસંગ્રહાર્થે ક્રિયાઓ થયા કરે છે.

તત્વજ્ઞ મહાપુરૂષ કર્મયોગી હોય કે જ્ઞાનયોગી સમસ્ત કર્મો કરતો હોવા છતાં પણ તેનો કર્મો અને પદાર્થો સાથે કોઈ પ્રકારનો સંબંધ આપમેળે રહેતો નથી, જે વસ્તુતઃ હતો જ નહિ.

અજ્ઞાની મનુષ્ય સ્વર્ગપ્રાપ્તિના માટે શુભકર્મો કરે છે, એટલા માટે ભગવાને એવા મનુષ્યોને વિચલિત ન કરવાની આજ્ઞા આપી છે એટલે કે તે મહાપુરૂષ પોતાનાં સંકેત, વચન અને ક્રિયા વડે એવી કોઈ વાત પ્રગટ ન કરે જેનાથી તે સકામ પુરૂષોની શાસ્ત્રવિહિત શુભકર્મોમાં અશ્રદ્ધા, અવિશ્વાસ કે અરૂચિ પેદા થઈ જાય અને તેઓ તે કર્મોનો ત્યાગ કરી દે, કેમ કે એવું કરવાથી તેમનું પતન થઈ શકે છે, એટલા માટે એવા પુરૂષોને શાસ્ત્રીય કર્મોથી નહિ પરંતુ સકામભાવથી વિચલિત કરવાના છે. જન્મ-મરણરૂપી બંધનથી છુટકારો અપાવવા માટે તેમને સકામભાવથી વિચલિત કરવાનું ઉચિત અને અવશ્યક પણ છે. અર્જુનનો પ્રશ્ન હતો કે મને ભયંકર કર્મોમાં કેમ લગાવો છો? તે પ્રશ્નનો જવાબ ભગવાન અનેક રીતે આપે છે તેનો અર્થ એ છે કે મારો ઉદ્દેશ ઘોર કર્મમાં લગાવવાનો નથી પરંતુ કર્મોથી સંબંધવિચ્છેદ કરવાનો છે. કર્મોથી સંબંધવિચ્છેદ કરવા માટે જ કર્મયોગ છે.

જેનાથી મનુષ્ય કર્મોમાં ફસાઈ જાય છે, તે કર્મ અને




કર્મફળની આસક્તિથી છુટવા માટે શું કરવું જોઈએ એને ભગવાન આગળના શ્લોક(૩/૩૦)માંબતાવે છે કે..

મયિ સર્વાણિ કર્માણિ સંન્યસ્યાધ્યાત્મચેતસા
નિરાશીર્નિર્મમો ભૂત્વા યુધ્યસ્વ વિગતજ્વરઃ

(અધ્યાત્મ-તું વિવેકશીલ બુદ્ધિ, ચેતસા-દ્વારા, સર્વાણિ-સઘળાં, કર્માણિ-કર્તવ્યકર્મોને, મયિ-મારામાં, સંન્યસ્ય-સમર્પીને, નિરાશી-કામનારહિત, નિર્મમઃ-



**ગીતામૃતમ્**
**વિનોદભાઈ માછી નિરંકારી**
નવીવાડી, તા. શહેરા, જી. પંચમહાલ
(મો.) ૯૭૨૬૧ ૬૬૦૭૫

મમત્વરહિત અને, વિગતજ્વરઃ-સંતાપરહિત, ભૂત્વા-થઈને, યુધ્યસ્વ-યુદ્ધ રૂપી કર્તવ્યકર્મ કર.)

તું વિવેકશીલ બુદ્ધિ દ્વારા સઘળાં કર્તવ્યકર્મોને મારામાં સમર્પીને કામનારહિત, મમત્વરહિત અને સંતાપરહિત થઈને યુદ્ધ રૂપી કર્તવ્યકર્મ કર.

**પરમાત્માએ મનુષ્ય શરીરની રચના બહુ વિચિત્ર રીતે કરી છે, મનુષ્યના જીવનનિર્વાહ અને સાધનને માટે જે આવશ્યક સામગ્રી છે તે તેને પ્રચુર માત્રામાં પ્રાપ્ત છે, તેનામાં વિવેક પણ છે, તે વિવેકને મહત્ત્વ ન આપીને જ્યારે મનુષ્ય પ્રાપ્ત વસ્તુઓનો યોગ્ય રીતે સદ્ઉપયોગ કરતો નથી પરંતુ તેમને પોતાની માનીને પોતાના માટે તેમનો ઉપયોગ કરવા તેમજ પ્રાપ્ત વસ્તુમાં મમતા અને અપ્રાપ્ત વસ્તુઓની કામના કરવા લાગે છે ત્યારે તે જન્મ-મરણના બંધનમાં પડી જાય છે**

ચિત્ત જ્યારે જ્યાં રમતું હોય ત્યારે તે તેવું થઈ જાય છે. કોઈવાર તે ભૂતચેતા થાય તો કોઈવાર વિષયચેતા થાય છે, કોઈવાર જ્ઞાનચેતા થાય તો કોઈવાર મોહચેતા પણ થાય. ચિત્ત પારદર્શી તત્ત્વ છે. જે સમયે જેવો રંગ મળે તે સમયે તેવા રંગે રંગે રંગાઈ જાય. બધા રંગોમાં સૌથી શ્રેષ્ઠ રંગ અધ્યાત્મરંગ છે. અધ્યાત્મ રંગ એટલે અંતર્મુખતા, અંતરમાં જ આનંદની અનુભૂતિ થવી. બાહ્યપદાર્થોનું આકર્ષણ પુરૂં થઈ જાય પછી વ્યક્તિને અંતર્મુખતા પ્રાપ્ત થાય એવા એવા અધ્યાત્મચિત્તવાળા થઈને, જે કર્મો પ્રકૃતિના ગુણોથી થતાં હોય તેને થવા દે અને તેને મારામાં એટલે કે પરમેશ્વરમાં સમર્પિત કરી દે, પછી નિરાશી એટલે કે ફળની આશા વિનાનો થઈ જા, નિર્મળો એટલે માલિકીનો હક્ક રાખ્યા વિનાનો થઈ જા, પછી વિગતજ્વર થઈને યુદ્ધ કર તો પાપ નહિ લાગે.

સિદ્ધિ અસિદ્ધિ, અનુકૂળતા પ્રતિકૂળતા વગેરેમાં સમ રહેવું એ વિગતજ્વર થવું કહેવાય.

જ્વર મુખ્ય ત્રણ પ્રકારના હોય છે. દેહજ્વર, કામજ્વર અને ક્રોધ જ્વર. જ્વર એટલે તાવ. શરીર ગરમ લ્હાય જેવું થઈ જાય તેને જ્વર કહેવાય. વધેલા તાપમાનને જ્વર કહેવાય. ઘટેલા તાપમાનને ટાઢિયો તાવ કહેવાય. આ જ રીતે શરીરને તપાવી મૂકનારાં બીજાં બે તત્વો છે.

કામજ્વરઃ વ્યક્તિ જ્યારે કામલોલુપ થઈ જાય ત્યારે તેનું તાપમાન વધી જાય છે. જો કામેચ્છા પુરી ન થાય તો ભાન ભૂલીને ન કરવાનું કરી બેસે છે, આવા કામજ્વરથી તપેલા જીવોને છંછેડવા ન જોઈએ.

ક્રોધજ્વરઃ ક્રોધમાં શરીર લાલઘૂમ થઈ જાય છે, કારણ કે લોહી તપી જાય છે. તપેલું લોહી ચહેરા ઉપર તરી આવે છે. આવા સમયે વ્યક્તિ ભાન ખોઈ બેસે છે અને ન કરવાનું કરે છે તેને ક્રોધજ્વર કહેવાય.

ચિંતાજ્વરઃ ચિંતામાં શરીરને મંદ અસર થાય છે એટલે કે શરીર નથી તો તપી જતું કે નથી ઠંડું પડી જતું પણ સ્થાયી રીતે હાડકસર જેવો થોડો તાવ રહે. આ લાંબા ગાળાનો તાવ વ્યક્તિને સુખવી નાખે છે. પ્રશ્ન ઉકેલાવાથી વ્યક્તિ ચિંતામુક્ત થઈ જાય પછી ચિંતાજ્વર મટે છે.

સાધકો એવું વિચારે છે કે કર્મોથી બંધન થાય છે અને કર્મ કર્યા વિના કોઈ રહી શકતું નથી, એટલા માટે કર્મ કરવામાથી કર્મ કરવાથી તો 'હું બંધાઈ જઈશ!'

કર્મો બંધનકારક ન થાય એને માટે ભગવાન અર્જુનને કહે છે કે તું અધ્યાત્મચિત્ત એટલે કે વિવેકવિચારયુક્ત અંતઃકરણવાળો થઈ તમામ કર્તવ્યકર્મો મને અર્પણ કરી દે એટલે કે તેમની સાથે પોતાનો કોઈ સંબંધ ન માન, કારણ કે વાસ્તવમાં સંસારની તમામ ક્રિયાઓમાં ફક્ત મારી શક્તિ જ કામ રહી છે. આવો વિચાર કરીને તું કર્તવ્યકર્મ કરશે તો તે કર્મ બાંધશે નહિ, પણ ઉદ્ધાર કરવાવાળાં થઈ જશે. શરીર, મન, બુદ્ધિ, પદાર્થ વગેરે ઉપર પોતાનો કોઈ અધિકાર ચાલતો નથી. આ મનુષ્યમાત્રનો અનુભવ છે, એ બધાં પ્રકૃતિનાં છે અને પોતે પરમાત્માનો અંશ છે. તેમનામાં પોતાપણાનો ભાવ હટાવીને તેમને ભગવાનનાં જ માનવાં તેને 'અર્પણ' કહેવાય છે.

'ધ્યાત્મચેતસા' એટલે કે કોઈપણ માર્ગનો સાધક હોય, તેનો ઉદ્દેશ્ય લૌકિક નહિ આધ્યાત્મિક હોવો જોઈએ. સમગ્ર સંસાર પરમાત્માનો છે પરંતુ જીવ ભૂલથી પરમાત્માની વસ્તુને પોતાની માની લે છે એટલા માટે બંધનમાં પડે છે. વિવેકવિચાર દ્વારા આ ભૂલને દૂર કરી તમામ પદાર્થો અને કર્મોને પરમાત્માના હોવાનું સ્વીકારી લેવું આને અધ્યાત્મચિત્ત દ્વારા અર્પણ કરવું કહેવાય છે. બે અક્ષરનો 'મમ' આ મારૂં છે એવો ભાવ 'મૃત્યુ' છે અને ત્રણ અક્ષરનો 'ન મમ' આ મારૂં નથી એવો ભાવ અમૃતસનાતન બ્રહ્મ છે.

પરમાત્માએ મનુષ્ય શરીરની રચના બહુ વિચિત્ર રીતે કરી છે. મનુષ્યના જીવનનિર્વાહ અને સાધનને માટે જે આવશ્યક સામગ્રી છે તે તેને પ્રચુર માત્રામાં પ્રાપ્ત છે. તેનામાં વિવેક પણ છે, તે વિવેકને મહત્ત્વ ન આપીને જ્યારે મનુષ્ય પ્રાપ્ત વસ્તુઓનો યોગ્ય રીતે સદ્ઉપયોગ કરતો નથી પરંતુ તેમને પોતાની માનીને પોતાના માટે તેમનો ઉપયોગ કરવા તેમજ પ્રાપ્ત વસ્તુમાં મમતા અને અપ્રાપ્ત વસ્તુઓની કામના કરવા લાગે છે ત્યારે તે જન્મ-મરણના બંધનમાં પડી જાય છે.

નિરાશીર્નિર્મમો ભૂત્વા યુધ્યસ્વ વિગતજ્વરઃ તમામ કર્મો અને પદાર્થો કર્મસામગ્રીને ભગવદર્પણ કર્યા પછી પણ કામના મમતા અને સંતાપનો કંઈક અંશ શેષ રહી શકે છે. જેમકે, આપણે કોઈને પુસ્તક આપ્યું, તેને તે પુસ્તક વાંચતો જોઈને આપણા મનમાં એવો ભાવ આવી જાય છે કે તે મારૂં પુસ્તક વાંચી રહ્યો છે, આ જ આંશિક મમતા છે, જે પુસ્તક અર્પણ કર્યા પછી પણ શેષ રહે છે. આ અંશનો ત્યાગ કરવા માટે ભગવાને અર્જુનને કહે છે કે તું નવી વસ્તુની 'કામના' ન કર, પ્રાપ્ત વસ્તુમાં 'મમતા' ન કર અને નષ્ટ વસ્તુનો 'સંતાપ' ન કર. બધું જ મને અર્પણ કરવાની કસોટી એ છે કે કામના મમતા અને સંતાપનો અંશ પણ ના રહે.

# મોદીનો પ્રવાસ પૂર્ણ થતાં જ ઈરાન પર હુમલો કરી શકે છે અમેરિકા

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૬**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના બે દિવસીય ઈઝરાયલ પ્રવાસથી દેશનું રાજકારણ ગરમાયું છે. કોંગ્રેસ પાર્ટીએ આ પ્રવાસની આકરી ટીકા કરતાં તેને નૈતિક કાયરતા ગણાવી છે. ત્યારે આ વચ્ચે હવે ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન(AIMIM)ના પ્રમુખ અને હૈદરાબાદના સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ઈઝરાયલ પ્રવાસ સામે સખત વાંધો ઉઠાવ્યો છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોતાની એક પોસ્ટમાં ઓવૈસીએ આ પગલાને પેલેસ્ટાઈન પ્રત્યે ભારતના ઐતિહાસિક સમર્થન સાથે વિશ્વાસઘાત ગણાવ્યો છે. ઓવૈસીએ એવો પણ દાવો કર્યો છે કે, પીએમ મોદીનો પ્રવાસ પૂર્ણ થતાં જ અમેરિકા ઈરાન પર હુમલો કરી શકે છે.

ઓવૈસીએ પોતાની પોસ્ટની શરૂઆતમાં જ ગાઝાની સ્થિતિને નરસંહાર ગણાવી દીધી છે. તેમણે લખ્યું કે, ગાઝામાં જે કંઈ પણ થઈ રહ્યું છે તે હંમેશા ઈતિહાસમાં યાદ રાખવામાં આવશે. AIMIM પ્રમુખે ઈઝરાયલના વડા પ્રધાન તરફ ઈશારો કરતા તેમને યુદ્ધ અપરાધી કહ્યા, જેમની સામે ધરપકડ વોરંટ જારી છે. તેમણે પીએમ મોદીની ટીકા કરતા કહ્યું કે, આવા સમયમાં ઈઝરાયલનો પ્રવાસ કરવો અને એક યુદ્ધ અપરાધીને ગળે લગાવવા એ ભારતની સ્થાપિત વિદેશ નીતિની વિરુદ્ધ છે. ઓવૈસીએ કહ્યું કે, ભારતે હંમેશા પેલેસ્ટિનિયન લોકો અને તેમના અધિકારોનું સમર્થન કર્યું છે. તેમના મતે વર્તમાન વડા પ્રધાનનો આ પ્રવાસ ભારતના લાંબા સમયથી ચાલતા સૈદ્ધાંતિક સમર્થન સાથે સીધો વિશ્વાસઘાત છે. ઓવૈસીએ મધ્ય પૂર્વમાં ભૂ-રાજકીય તણાવ વધવાની પણ આશંકા વ્યક્ત કરી હતી.

તેમણે આશંકા વ્યક્ત કરી કે, પીએમ મોદીનો આ પ્રવાસ પૂર્ણ થતાં જ અમેરિકા ઈરાન પર હુમલો કરી શકે છે. તેમણે પોતાની પોસ્ટનો અંત ઝાયોનિઝમ મુર્દાબાદના નારા સાથે કર્યો છે, જે ઈઝરાયલની રાજકીય વિચારધારા ઝાયોનિઝમ પ્રત્યે તેમના આકરા વિરોધને દર્શાવે છે.

કોંગ્રેસે વડા પ્રધાન મોદીના ઈઝરાયલ પ્રવાસ પહેલા બુધવારે આરોપ લગાવ્યો હતો કે, જ્યારે આખી દુનિયા ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂની ટીકા કરી રહી છે, ત્યારે વડા પ્રધાન મોદી ત્યાં "નૈતિક કાયરતા"નો પરિચય આપવા જઈ રહ્યા છે. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે X પર પોસ્ટ કરી હતી કે, ૨૦ મે, ૧૯૬૦ના રોજ જવાહરલાલ નેહરુ ગાઝામાં હતા અને ત્યાં સંયુક્ત રાષ્ટ્રના ઈમરજન્સી ફોર્સની ભારતીય ટુકડી સાથે મુલાકાત કરી હતી. ૨૯ નવેમ્બર, ૧૯૮૧ના રોજ ભારતે પેલેસ્ટાઈન સાથે એકતા વ્યક્ત કરતા એક સ્મારક ટપાલ ટિકિટ જારી કરી હતી. ૧૮ નવેમ્બર, ૧૯૮૮ના રોજ ભારતે પેલેસ્ટાઈન રાજ્યને ઔપચારિક રીતે માન્યતા આપી હતી.

કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ પણ X પર પોસ્ટ કરીને લખ્યું હતું કે, મને આશા છે કે માનનીય વડા પ્રધાન નરેન્દ્ર મોદી પોતાના આગામી ઈઝરાયલ પ્રવાસ દરમિયાન નેસેટને સંબોધિત કરશે અને ગાઝામાં હજારો નિર્દોષ પુરુષો, સ્ત્રીઓ અને બાળકોના નરસંહારનો ઉલ્લેખ કરશે અને તેમના માટે ન્યાયની માગ કરશે. એક સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે ભારત પોતાના સમગ્ર ઈતિહાસમાં જે સાચું છે તેના માટે ઊભું રહ્યું છે. આપણે દુનિયાને સત્ય, શાંતિ અને ન્યાયનો પ્રકાશ બતાવતા રહેવું જોઈએ.

**એક પોસ્ટમાં ઓવૈસીએ આ પગલાંને પેલેસ્ટાઈન પ્રત્યે ભારતના ઐતિહાસિક સમર્થન સાથે વિશ્વાસઘાત ગણાવ્યો**

# સ્પોર્ટ્સ ન્યુઝ

### માર્કરામ-ડીકોક વચ્ચે ૯૫ રનની ભાગીદારી

## વેસ્ટ ઈન્ડિઝને હરાવી દક્ષિણ આફ્રિકાની સેમિ ફાઈનલમાં એન્ટ્રી

**વેસ્ટ ઈન્ડિઝે આપેલા ૧૭૭ રનના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી દક્ષિણ આફ્રિકાની શરૂઆત આક્રમક રહી હતી**



**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અમદાવાદ, તા.૨૬**

ટી૨૦ વર્લ્ડ કપના સુપર-૮ તબક્કામાં આજે દક્ષિણ આફ્રિકાએ વેસ્ટ ઈન્ડિઝ સામે શાનદાર વિજય મેળવ્યો છે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી સુપર-૮ સ્ટેજની આ એકતરફી મેચમાં દક્ષિણ આફ્રિકાએ વેસ્ટ ઈન્ડિઝને ૯ વિકેટે હરાવીને સેમિફાઈનલમાં પહોંચી ગયું છે. આ જીત સાથે ભારતીય ટીમ માટે પણ સેમિફાઈનલનો રસ્તો હવે ઘણો આસાન થઈ ગયો છે.

વેસ્ટ ઈન્ડિઝે આપેલા ૧૭૭ રનના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી દક્ષિણ આફ્રિકાની શરૂઆત ખૂબ જ આક્રમક રહી હતી.

કેપ્ટન એડન માર્કરામ અને ક્વિન્ટન ડીકોકે પ્રથમ વિકેટ માટે માત્ર ૯૫ રનની ભાગીદારી કરી હતી. ડીકોકે ૨૪ બોલમાં ૪૭ રન (૪ ચોગ્ગા, ૪ છગ્ગા) ફટકારી આઉટ થયો હતો. ત્યારબાદ માર્કરામ અને રયાન રિકલ્ટને બાજી સંભાળી હતી. એડન માર્કરામે ૪૬ બોલમાં અણનમ ૮૨ રન બનાવ્યા હતા, જ્યારે રિકલ્ટને ૨૮ બોલમાં અણનમ ૪૫ રનનું યોગદાન આપ્યું હતું. આફ્રિકાએ માત્ર ૧૬.૧ ઓવરમાં ૧ વિકેટ ગુમાવી જીત હાંસલ કરી લીધી હતી.આ પહેલા ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી વેસ્ટ ઈન્ડિઝની શરૂઆત ખરાબ રહી હતી. કગિસો રબાડા અને લુંગી એનગિડીની ઘાતક બોલિંગ સામે વેસ્ટ ઈન્ડિઝે માત્ર ૪૩ રનમાં ૪ વિકેટ ગુમાવી દીધી હતી. જોકે, જેસન હોલ્ડર (૪૯ રન) અને રોમારિયો શેફર્ડ (અણનમ ૫૨ રન) વચ્ચે થયેલી ૮૯ રનની ભાગીદારીને કારણે ટીમ ૨૦ ઓવરમાં ૮ વિકેટ ગુમાવી ૧૭૬ રન સુધી પહોંચી શકી હતી.

આ મેચનું પરિણામ ભારતીય ટીમ માટે ખૂબ જ મહત્વનું હતું. જો વેસ્ટ ઈન્ડિઝ જીત્યું હોત તો ભારત માટે સેમિફાઈનલની ગણતરીઓ મુશ્કેલ બની શકી હોત. પરંતુ હવે આફ્રિકાની જીત બાદ ભારત માટે સેમિફાઈનલ પહોંચવાની તક વધી ગઈ છે.

**બંને ટીમોની પ્લેઇંગ-૧૧**

વેસ્ટ ઈન્ડિઝ: બ્રાન્ડન કિંગ, શાઈ હોપ (કેપ્ટન), શિમરોન હેટમાયર, રોવમેન પોવેલ, શેરફેન રધરફોર્ડ, રોમારિયો શેફર્ડ, જેસન હોલ્ડર, રોસ્ટન ચેઝ, મેથ્યુ ફોર્ડ, ગુડાકેશ મોતી અને શમર જોસેફ.દક્ષિણ આફ્રિકા: એડન માર્કરામ (કેપ્ટન), ક્વિન્ટન ડીકોક, રયાન રિકલ્ટન, ડેવાલ્ડ બ્રેવિસ, ડેવિડ મિલર, ટ્રિસ્ટન સ્ટબ્સ, માર્કો જેન્સેન, કોર્બિન બોશ, કગિસો રબાડા, કેશવ મહારાજ અને લુંગી એનગિડી.

### સેન્ટનર અને મેકકોન્ચીએ ન્યૂઝીલેન્ડને જીત અપાવી

## શ્રીલંકા સામે ન્યૂઝીલેન્ડની જીતથી પાકિસ્તાન સેમિ ફાઈનલમાંથી આઉટ !



**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવી દિલ્હી, તા.૨૬**

ટી૨૦ વર્લ્ડકપ-૨૦૨૬ના સુપર-૮ તબક્કાના રસાકસીભર્યા મુકાબલામાં ન્યૂઝીલેન્ડે શ્રીલંકાને ૬૧ રને પરાજય આપીને સેમિફાઈનલની રેસમાં મજબૂત પકડ બનાવી લીધી છે. ન્યૂઝીલેન્ડે પ્રથમ બેટિંગ કરતા ૧૬૮ રન બનાવ્યા હતા, જેના જવાબમાં શ્રીલંકાની ટીમ નિર્ધારિત ઓવરોમાં માત્ર ૧૦૭ રન જ બનાવી શકી હતી. કીવી ટીમ તરફથી કેપ્ટન મિશેલ સેન્ટનરે સૌથી વધુ ૪૭ રન ફટકાર્યા હતા અને રચિન રવીન્દ્રએ ૪ વિકેટ ઝડપી વિજયમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ જીત સાથે જ પાકિસ્તાન માટે સેમિફાઈનલનું ગણિત અત્યંત ગૂંચવાળા જેવું બની ગયું છે, કારણ કે ન્યૂઝીલેન્ડનો રન રેટ હવે ઘણો ઊંચો થઈ ગયો છે જે પાર કરવો પાકિસ્તાન માટે અશક્ય સમાન જણાય છે.ન્યૂઝીલેન્ડની ઈનિંગ્સમાં કેપ્ટન મિશેલ સેન્ટનરે મોરચો સંભાળતા માત્ર ૨૬ બોલમાં ૨ ચોગ્ગા અને ૪ છગ્ગાની મદદથી આક્રમક ૪૭ રન ફટકાર્યા હતા. ઓપનર ફિન એલને ૧૩ બોલમાં ૨૩ રન (૩ ચોગ્ગા, ૧ છગ્ગો) અને રચિન રવીન્દ્રએ ૨૨ બોલમાં ૩ ચોગ્ગા અને ૧ છગ્ગા સાથે ૩૨ રનનું યોગદાન આપ્યું હતું. અંતિમ ઓવરોમાં કોલ મેકકોન્ચીએ અણનમ રહી ૨૩ બોલમાં ૩૧ રન જોડ્યા હતા, જેમાં ૩ ચોગ્ગા અને ૨ છગ્ગાનો સમાવેશ થાય છે. ટિમ સેફર્ટે ૯ બોલમાં ૮ રન અને ગ્લેન ફિલિપ્સે ૧૮ બોલમાં ૧૮ રન બનાવ્યા હતા, જ્યારે મિશેલ અને ચેપમેન સસ્તામાં આઉટ થયા હતા.શ્રીલંકાના બોલરોએ ન્યૂઝીલેન્ડને મધ્યમ સ્કોર પર રોકવા પ્રયાસ કર્યો હતો. દુષ્મંથા ચમીરાએ ૪ ઓવરમાં ૩૮ રન આપીને સૌથી વધુ ૩ મહત્વની વિકેટ ઝડપી હતી. તેની સાથે જ મહેશ થીક્ષાનાએ પણ ધારદાર સ્પેલ નાખતા ૪ ઓવરમાં ૩૦ રન આપી ૩ વિકેટ ઝડપી હતી. આ ઉપરાંત દુનિથ વેલ્લાલેગેએ કરકસરભરી બોલિંગ કરી ૪ ઓવરમાં ૨૭ રન આપી ૧ વિકેટ મેળવી હતી. મદુશંકા, હેમંથા અને અસલંકાને કોઈ સફળતા મળી નહોતી.૧૬૯ રનના લક્ષ્યાંકનો પીછો કરતા શ્રીલંકાની શરૂઆત ખરાબ રહી હતી. કામિન્દુ મેન્ડિસે સૌથી વધુ ૩૧ રન ૨૩ બોલમાં ૪ ચોગ્ગાની મદદથી ફટકાર્યા હતા. અન્ય બેટરોમાં દુનિથ વેલ્લાલેગેએ ૨૩ બોલમાં ૨૯ રન (૨ ચોગ્ગા, ૧ છગ્ગો) બનાવ્યા હતા. કુસલ મેન્ડિસે ૨૨ બોલમાં ૧૧ રન અને પવન રત્નાયકેએ ૧૮ બોલમાં ૧૦ રન કર્યા હતા. ઓપનર નિસાંકા શૂન્ય રને આઉટ થયો હતો અને કેપ્ટન શનાકા માત્ર ૩ રન બનાવી શક્યો હતો. આખી ટીમ પૂરી ઈનિંગ્સમાં માત્ર ૯ ચોગ્ગા અને ૧ છગ્ગો જ ફટકારી શકી હતી.ન્યૂઝીલેન્ડના બોલરોએ શ્રીલંકાને પસ્ત કરવામાં કોઈ કસર બાકી રાખી નહોતી. રચિન રવીન્દ્રએ ૪ ઓવરમાં માત્ર ૨૭ રન ખર્ચીને ૪ મહત્વની વિકેટ ઝડપી હતી. મેટ હેનરીએ અત્યંત શિસ્તબદ્ધ બોલિંગ કરતા ૨ ઓવરમાં માત્ર ૩ રન આપી ૨ વિકેટ મેળવી હતી. મિશેલ સેન્ટનર અને ગ્લેન ફિલિપ્સે પણ ૧-૧ વિકેટ ઝડપી હતી. મેકકોન્ચી, સોઢી અને ફર્ગ્યુસને રન રોકવામાં મદદ કરી હતી પરંતુ તેમને વિકેટ મળી નહોતી.

### ટૂંક સમયમાં ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કરવામાં આવશે : વડાપ્રધાન મોદી

# ભારત-ઈઝરાયેલ વચ્ચે અનેક મહત્વના કરારો પર હસ્તાક્ષર

**બંને દેશો વચ્ચે સંરક્ષણ, સુરક્ષા, વેપાર, ટેકનોલોજી, કૃષિ સહિત અનેક સેક્ટરોમાં સહયોગ વધારવા મુદ્દે વાતચીત બાદ એમઓયુ પર હસ્તાક્ષર**





**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**જેરુસાલેમ, તા.૨૬**

ઈઝરાયેલ પ્રવાસે ગયેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સાથે બેઠક યોજાઈને અનેક મહત્ત્વના કરારો પર હસ્તાક્ષર કર્યા છે. બંને નેતાઓ વચ્ચે આજે (૨૬ ફેબ્રુઆરી) મહત્ત્વની બેઠક યોજાઈ હતી, જેમાં બંને દેશો વચ્ચે સંરક્ષણ, સુરક્ષા, વેપાર, ટેકનોલોજી, કૃષિ સહિત અનેક સેક્ટરોમાં સહયોગ વધારવા મુદ્દે વાતચીત કરવામાં આવી છે. ત્યારબાદ બંને નેતાઓએ એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે. આ દરમિયાન બંને નેતાઓ વચ્ચે સમજૂતીઓનું આદાન-પ્રદાન કરવામાં આવ્યું છે.

બેઠક દરમિયાન વડાપ્રધાન મોદીએ નેતન્યાહૂને પોતાના મિત્ર કહીને સંબોધનની શરૂઆત કરી છે. તેમણે કહ્યું કે, તેમણે અને ભારતીય ડેલિગેશને ઈઝરાયલ દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવા હૃદયપૂર્વક આભાર વ્યક્ત વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું કે, 'મને ૯ વર્ષ પહેલા વડાપ્રધાન તરીકે ઈઝરાયલ આવવાની તક મળી હતી, ત્યારે આ મારો બીજો ભાવુકતાભર્યો પ્રવાસ છે. ગઈકાલે મને સંસદમાં સંબોધન કરવાની તક મળી, મને સ્પીકર ઓફ ધ નેસેટ મેડલ આપીને મારું સન્માન કરવામાં આવ્યું. આ બદલ હું હાર્દિક આભાર વ્યક્ત કરું છું. હું ઈઝરાયેલ દ્વારા કરાયેલા સન્માનને ૧૪૦ કરોડ ભારતીયો અને ભારત-ઈઝરાયલ મિત્રતાને સમર્પિત કરું છું.'

વડાપ્રધાને સંબોધમાં અનેક સમજૂતીઓનો ઉલ્લેખ કર્યો છે. તેમણે કહ્યું છે કે, બંને દેશોના સંબંધો તમામ કસોટીઓમાં સફળ થયા છે. તેમણે ભવિષ્યમાં બંને દેશો વચ્ચે થનારી સમજૂતીઓનો પણ ઉલ્લેખ કર્યો છે. આ ઉપરાંત ભવિષ્યમાં 'ટેકનોલોજી'ને વધુમાં વધુ મહત્ત્વ આપીને તેમાં ભાગીદારી વધારવાની પણ જાહેરાત કરવામાં આવી છે. બેઠકમાં બંને નેતાઓ વચ્ચે (૧) સ્પેશિયલ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપનો દરજ્જો, (૨) ક્રિટિકલ એન્ડ ઈમર્જિંગ ટેકનોલોજી પાર્ટનરશિપ, (૩) સેન્ટર ઓફ એક્સેલન્સ અને વિલેજ ઓફ એક્સેલન્સ, (૪) ઈન્ડિયા ઈઝરાયેલ એકેડેમિક ફોરમ, (૫) વિવિધ ક્ષેત્રોમાં MoU - રક્ષા, સુરક્ષા, વેપાર, ટેકનોલોજી અને કૃષિ, (૬) આતંકવાદ વિરુદ્ધ સહયોગ વધારવા મુદ્દે સમજૂતી થઈ છે.

વડાપ્રધાને એવું પણ કહ્યું છે કે, બંને દેશો વચ્ચે ભવિષ્યમાં પણ અનેક સમજૂતીઓ પર હસ્તાક્ષર થશે, જેમાં ટૂંક સમયમાં ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કરવામાં આવશે. આ ઉપરાંત કેર ગિવર્સ સહયોગનો વિસ્તાર વધારાશે, ફ્યુચર રેડી ફાર્મિંગ અને IMEC કોરિડોર અને I2U2 પ્રોજેક્ટ્સની પણ સમજૂતી કરવામાં આવશે.

વડાપ્રધાને કહ્યું છે કે, ભારતમાં ઈઝરાયેલના સહયોગથી સેન્ટર ઓફ એક્સેલન્સની સ્થાપના કરવામાં આવી છે, જેની સંખ્યા ૧૦૦ સુધી લઈ જવાનો નિર્ણય કરાયો છે. આ ઉપરાંત 'વિલેજ ઓફ એક્સેલન્સ' પણ બનાવવામાં આવશે અને તેનાથી ઈઝરાયલની ટેકનલોજી ભારતના ગામડાઓ સુધી પહોંચશે, જેનાથી ભારતના લોકોને લાભ થશે. અમે ફ્યુચર રેડી ફાર્મિંગની દિશામાં આગળ વધીશું. આનાથી ખેતી પદ્ધતિને અનેકઘણો ફાયદો થશે.

**બંને દેશોએ કંઈ કંઈ સમજૂતીઓ કરી?**

૧. સ્પેશિયલ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપનો દરજ્જો : બંને દેશોએ પોતાની ભાગીદારીને સ્પેશિયલ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ (વિશેષ વ્યૂહાત્મક ભાગીદારી) તરીકે જાહેર કરવાની સમજૂતી કરી લીધી છે. વડાપ્રધાને આ સેન્ટરની સંખ્યા ૧૦૦ સુધી પહોંચાડવાની જાહેરાત કરી છે.

૨. ક્રિટિકલ એન્ડ ઈમર્જિંગ ટેકનોલોજી પાર્ટનરશિપ : AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ), ક્વોન્ટમ કમ્પ્યુટિંગ અને ક્રિટિકલ મિનરલ્સ જેવા ક્ષેત્રોમાં સહયોગ સ્થાપિત કરવાનો નિર્ણય લેવાયો છે.

૩. સેન્ટર ઓફ એક્સેલન્સ અને વિલેજ ઓફ એક્સેલન્સ : ભારતમાં ઈઝરાયેલના સહયોગથી ચાલતા સેન્ટર ઓફ એક્સેલન્સની સંખ્યા વધારીને ૧૦૦ સુધી લઈ જવાનો અને વિલેજ ઓફ એક્સેલન્સ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

૪. ઈન્ડિયા ઈઝરાયેલ એકેડેમિક ફોરમ : શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે બંને દેશોના જોડાણ માટે આ ફોરમની સ્થાપના કરવાની જાહેરાત કરવામાં આવી છે. ૫. વિવિધ ક્ષેત્રોમાં MoU : રક્ષા, સુરક્ષા, વેપાર, ટેકનોલોજી અને કૃષિ જેવા ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સંબંધોને પ્રોત્સાહન આપવા માટે અનેક ર્સ (સમજૂતી પત્રો) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

૬. આતંકવાદ વિરુદ્ધ સહયોગ : આતંકવાદનો સામનો કરવા માટે ખભેખભા મિલાવીને કામ કરવાની અને આંતરરાષ્ટ્રીય મંચ પર એકબીજાને સહકાર આપવાની સમજૂતી થઈ છે.

ભવિષ્યમાં કંઈ કંઈ સમજૂતીઓ કરાશે?

૧. ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA) : વડાપ્રધાન મોદીએ જણાવ્યું છે કે ભારત અને ઈઝરાયેલ વચ્ચે મુક્ત વ્યાપાર સમજૂતી (Free Trade Agreement) ને ટૂંક સમયમાં જ અંતિમ રૂપ આપવામાં આવશે. આ પ્રક્રિયા હજુ પૂર્ણ થવાની બાકી છે.

૨. કેર ગિવર્સ સહયોગનો વિસ્તાર : કેર ગિવર્સ સેન્ટર અને ભારતીય કામદારોના જે સફળ સહયોગ છે, તેનો વ્યાપ હવે કોમર્સ (વાણિજ્ય) અને સર્વિસ (સેવા) જેવા નવા ક્ષેત્રોમાં પણ વધારવામાં આવશે.

૩. ફ્યુચર રેડી ફાર્મિંગ : આધુનિક ટેકનોલોજીના માધ્યમથી ભવિષ્યની જરૂરિયાતો મુજબની ખેતી પદ્ધતિઓ વિકસાવવાની દિશામાં બંને દેશો આગળ વધશે.

૪. IMEC કોરિડોર અને I2U2 પ્રોજેક્ટ્સ : આઈમેક (ઇન્ડિયા-મિડલ ઈસ્ટ-યુરોપ કોરિડોર) અને I2U2 (ભારત, ઈઝરાયેલ, યુએઈ, યુએસ) જેવી મોટી વૈશ્વિક યોજનાઓ પર નવી ગતિથી કામ કરવામાં આવશે.

૫. આર્થિક પ્રોજેક્ટ્સ : આ ઉપરાંત ભવિષ્યમાં બંને દેશો વચ્ચેના લોકોના જોડાણને પ્રાથમિકતા આપીને વિવિધ સામાજિક અને આર્થિક પ્રોજેક્ટ્સ પર કામ કરવાનું આયોજન છે.

### હવે કચેરીઓના ધક્કા ખાવાની જરૂર નથી!

## નેશનલ હાઈવે પર બિઝનેસ કરવા ઓનલાઈન મળશે NOC



**ડિજિટલ પ્લેટફોર્મની મદદથી હવે જરૂરી મંજૂરી મેળવવાની પ્રક્રિયા વધુ ઝડપી, પારદર્શક અને સરળ બનશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૬

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા હાઈવે પર મુસાફરી કરનારાઓ અને વેપારીઓ માટે એક મોટા સમાચાર સામે આવ્યા છે.

નેશનલ હાઈવે પર પેટ્રોલ પંપ, ફૂડ કોર્ટ કે અન્ય સુવિધાઓ શરૂ કરવા માટે હવે વિવિધ સરકારી કચેરીઓના ધક્કા ખાવાની જરૂર નહીં પડે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ રાજમાર્ગ પ્રવેશ પોર્ટલનું અપગ્રેડેડ વર્ઝન લોન્ચ કર્યું છે. આ ડિજિટલ પ્લેટફોર્મની મદદથી હવે જરૂરી મંજૂરી મેળવવાની પ્રક્રિયા વધુ ઝડપી, પારદર્શક અને સરળ બનશે, જેનાથી સામાન્ય નાગરિકો અને ઉદ્યોગસાહસિકોના સમય અને શક્તિની બચત થશે.

આ પોર્ટલ ખાસ કરીને એવા લોકો અને સંસ્થાઓ માટે તૈયાર કરવામાં આવ્યું છે જેમને નેશનલ હાઈવે સાથે જોડાયેલા નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ(NOC) અથવા અન્ય પરવાનગીઓની જરૂર હોય છે. ભલે તમારે હાઈવેના કિનારે પેટ્રોલ પંપ ખોલવો હોય, ફૂડ કોર્ટ બનાવવો હોય કે કનેક્ટિંગ રોડ અને રેસ્ટ એરિયા જેવી સુવિધાઓ ઊભી કરવી હોય, હવે આ તમામ પ્રક્રિયાઓ એક જ પ્લેટફોર્મ પર ઓનલાઈન પૂર્ણ કરી શકાશે. આ સુવિધાનો લાભ સામાન્ય નાગરિકો, ખાનગી કંપનીઓ અને સરકારી વિભાગો એમ તમામ લઈ શકશે.

વેપારીઓ ઉપરાંત ટેલિકોમ કંપનીઓ ઓપ્ટિકલ ફાઈબર કેબલ માટે તેમજ પાણી, ગેસ અને વીજળીની પાઈપલાઈન નાખવા માટે પણ આ પોર્ટલ દ્વારા અરજી કરી શકશે. પહેલા આ તમામ કાર્યો માટે અલગ-અલગ વિભાગોમાં જઈને દસ્તાવેજો જમા કરાવવા પડતા હતા, પરંતુ હવે અરજદારો પોતાની અરજીનું સ્ટેટસ ઓનલાઈન જોઈ શકશે અને નિયત સમય મર્યાદામાં તેનો જવાબ પણ મેળવી શકશે. ૧.૪૫ લાખ કિલોમીટરથી વધુ લાંબું ભારતનું નેશનલ હાઈવે નેટવર્ક હવે માત્ર રસ્તો જ નહીં, પરંતુ લોજિસ્ટિક્સ, રીટેલ અને હોસ્પિટાલિટીનું મોટું હબ બની રહ્યું છે, ત્યારે આ પોર્ટલ નાના વેપારીઓ અને મોટા પ્રોજેક્ટ્સ માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

### આગામી ૧લી એપ્રિલથી

## દેશભરમાં મિનિમમ ૯૫ RON ધરાવતા E20 પેટ્રોલનું વેચાણ ફરજિયાત

**તેલની આયાત અને પ્રદુષણ ઘટાડવા તથા ખેડૂતોની આવકમાં વધારો કરવા લેવાયેલો નિર્ણય**




**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવી દિલ્હી, તા.૨૬**

કેન્દ્ર સરકારે તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં આગામી 1 એપ્રિલ, 2026થી 20 ટકા સુધીના ઈથેનોલ અને ઓછામાં ઓછાં 95 રિસર્ચ ઓક્ટેન નંબર (આરઓએન)વાળા પેટ્રોલનું વેચાણ ફરજિયાત બનાવ્યું છે. ઓઈલ મંત્રાલય દ્વારા 17મી ફેબ્રુઆરીએ જારી કરાયેલાં એક પરિપત્ર અનુસાર, કેન્દ્ર સરકારે ઓઈલ કંપનીઓને તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સના માપદંડ મુજબ ઈથેનોલનું 20 ટકા સુધીનું મિશ્રણ ધરાવતાં તથા ઓછામાં ઓછાં 95 આરઓએનવાળા પેટ્રોલનું વેચાણ કરવા નિર્દેશ કર્યો છે. જોકે, વિશેષ કિસ્સાઓ કે ચોક્કસ પ્રદેશો માટે સરકાર મર્યાદિત સમય માટે આમાં છૂટછાટ આપી શકે છે. ઈથેનોલનું ઉત્પાદન શેરડી, મકાઈ અથવા અનાજમાંથી કરવામાં આવે છે, જે પુનઃપ્રાપ્ય અને સ્થાનિક સ્તરે ઉત્પાદિત ઈંધણ છે. સરકારના આ નિર્ણય પાછળનો મુખ્ય હેતુ તેલની આયાતમાં કાપ મૂકવાનો તથા પ્રદૂષણમાં ઘટાડો કરવાનો છે.આ ઉપરાંત, શેરડી, મકાઈ અને કૃષિ ઉપજોની માગ વધતાં ખેડૂતોને પણ આર્થિક ટેકો મળશે. ઓટો ઉદ્યોગના નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, ભારતમાં 2023-2025 દરમિયાન ઉત્પાદિત મોટાભાગના વાહનો E20 ઈંધણ પર ચાલે તેવી રીતે જ બનાવવામાં આવ્યા છે, તેથી તેમાં કોઈ મોટી સમસ્યા આવવાની શક્યતા નથી. જોકે, જૂના વાહનોની માઈલેજમાં 3થી 7 ટકાનો નજીવો ઘટાડો થવાની તેમજ તેના રબર અને પ્લાસ્ટિકના સ્પેરપાર્ટ્સમાં ઘસારો વધવાની શક્યતા રહે છે. સરકાર દ્વારા ન્યૂનતમ 95 આરઓએનનો આગ્રહ એન્જિનને થતું નુકસાન અટકાવવા માટે રાખવામાં આવ્યો છે. ઓઈલ મંત્રાલયના જણાવ્યાં અનુસાર, 2014-15થી અત્યાર સુધીમાં ભારતે પેટ્રોલના વિકલ્પો થકી રૂ. 1.40 લાખ કરોડની બચત કરી છે.

## રાજસ્થાનના બાડમેરમાં અચાનક ફાટી જમીન

(સંપૂર્ણ સમાચાર સેવા)
બાડમેર, તા.૨૬

રાજસ્થાનના બાડમેરના કૌખેડા ગામમાં એક ખેડૂતના ખેતરમાંથી ક્રૂડ ઓઈલ લીક થતાં ભારે સનસનાટી મચી ગઈ. છેલ્લા ૪૦ કલાકથી ખેતરમાંથી ક્રૂડ ઓઈલ નીકળી રહ્યું છે. નજીકમાં જ એક ઓઈલ ફીલ્ડ પણ આવેલી છે. આ ઘટના બાદ ઓઈલ ફીલ્ડના કામદારો ખાડો ખોદીને ટેંકરો ભરી ભરીને તેલ કાઢી રહ્યા છે.કંપનીના અધિકારીઓ કહે છે કે તેઓ લીકેજના સોર્શની તપાસ કરી રહ્યા છે અને ટૂંક સમયમાં ઉકેલ શોધવાની આશા છે. દરમિયાન ખેતરના માલિક અને ખેડૂતો[redacted]માંથી જ્વલનશીલ ગેસ નીકળી રહ્યો છે અને ટ્યુબવેલમાંથી પણ પાણીમાં મિશ્રિત ક્રૂડ ઓઈલ લીક થઈ રહ્યું છે. સ્થાનિક રહેવાસીઓને ક્રૂડ ઓઈલ મિશ્રિત પાણી પીવાની ફરજ પડી રહી છે.કંપનીના કર્મચારીઓ રાત્રે ક્રૂડ ઓઈલમાંથી દબાણ ઉત્પન્ન કરવા માટે વિસ્ફોટ કરે છે. આનાથી આસપાસના ઘરોમાં તિરાડો પડી રહી છે અને ગામના ઘણા ઘરોને નુકસાન થઈ રહ્યું છે.ત્રણ દિવસથી આવી પરિસ્થિતિ છે. ખેતરોમાંથી ક્રૂડ તેલ સતત લીક થઈ રહ્યું છે. કંપનીના કર્મચારીઓને પણ ખબર નથી કે ક્રૂડ ઓઈલ ક્યાંથી લીક થઈ રહ્યું છે. કંપનીના કર્મચારીઓ કહે છે કે તેઓ તપાસ કરી રહ્યા છે, પરંતુ જો આ જ દરે ખેતરોમાંથી ક્રૂડ ઓઈલ લીક થતું રહેશે, તો જમીન ઉજ્જડ થઈ જશે.આ ઘટના અંગે કંપનીના અધિકારીઓએ જણાવ્યું હતું કે ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ ઐશ્વર્યા વેલપેડ-૮ નજીક પ્રવાહી લીકેજ થયું હતું અને તે મર્યાદિત વિસ્તાર સુધી સીમિત હતું.

જાહેર સલામતીને ધ્યાને લેતા તાત્કાલિક પગલાં લેવામાં આવ્યા છે. અમારી ટેકનિકલ અને ઓપરેશનલ ટીમો લીકેજના કારણની તપાસ કરી રહી છે અને અસરગ્રસ્ત વિસ્તારમાંથી પ્રવાહી દૂર કરવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે.

# જાપાનમાં ૫૦૦ કિ.મી.ની ઝડપે દોડતી મેગ્લેવ ટ્રેનમાં UPના CM યોગીએ સફર કરી મંત્રમુગ્ધ થયા

## ૬૦૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે દોડતી હાઈ-સ્પિડ મેગ્લેવ ટ્રેનનો અનુભવ આદિત્યનાથ માટે રોમાંચક રહ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ટોકિયો, તા.૨૬**

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પોતાના જાપાન પ્રવાસના છેલ્લા દિવસે યામાનાશીમાં હાઈ-સ્પિડ મેગ્લેવ ટ્રેનમાં સફર કરી. હાઈડ્રોજન ગ્રીન એનર્જી પ્લાન્ટ બાદ ૬૦૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે દોડતી હાઈ-સ્પિડ મેગ્લેવ ટ્રેનનો અનુભવ આદિત્યનાથ માટે રોમાંચક રહ્યો. લીનિયર મેગ્લેવ ટ્રેન ૫૦૦ કિ.મી.ની સ્પિડે દોડે છે. હાલમાં જાપાનની બુલેટ ટ્રેન ૩૦૦ કિ.મી.ની ઝડપે દોડે છે.

લીનિયર મોટર કાર ૫૦૦ની સ્પિડે ચાલે છે. હાલની જે જાપાનની બુલેટ ટ્રેન છે તેની સ્પિડ ૩૦૦ કિ.મી./પ્રતિ કલાક છે. બીજી તરફ આ લીનિયર મેગ્લેવ ટ્રેન ચુંબકીય બળથી ચાલે છે અથવા એમ કહી શકાય કે ૫૦૦ની સ્પિડે હવામાં ઉડે છે.

CM યોગી આદિત્યનાથે જાપાન પ્રવાસના બીજા દિવસે યામાનાશી પ્રાંતમાં ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટની મુલાકાત લીધી. આ દરમિયાન યોગી પાણીથી હાઈડ્રોજન અને વીજળી બનાવવાની ટેક્નોલોજીને સમજ્યા. ટોક્યોથી યામનાશી જતી વખતે એક તુલસી નામની સાધ્વીએ પોતાના સાથીઓ સાથે યોગી સાથે મુલાકાત કરી.

સાધ્વી તુલસીએ જણાવ્યું કે, હું જાપાનમાં હિન્દુ ધર્મ અને જૈન ધર્મનો પ્રચાર કરી રહી છું. તેમની સાથે આવેલા એક નાના બાળકે યોગી આદિત્યનાથના ચરણ સ્પર્શ કર્યા અને સંસ્કૃતમાં મંત્ર પણ સંભળાવ્યો. યોગી આ દશ્ય જોઈને પ્રસન્ન થયા અને તેમણે જાપાની ભક્તોને પ્રસાદ તરીકે ચોકલેટ આપી. જ્યારે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ યામાનાશી પ્રીફેક્ચર પ્રાંત પહોંચ્યા ત્યારે મોટી સંખ્યામાં શાળાના બાળકોએ તેમનું સ્વાગત કર્યું. યોગીએ ભારત-જાપાનના ધ્વજ પકડીને બાળકો સાથે થોડો સમય વિતાવ્યો.

આ ઉપરાંત યામાનાશીમાં રહેતા સ્થાનિક લોકોએ યોગીને એક ખાસ પેન્ટિંગ ભેટ કરી. યામાનાશી જાપાનમાં આધુનિક ખેતી અને ટેક્નોલોજી માટે ઓળખાય છે. અહીં હાઈડ્રોજન એનર્જી, રોબોટિક સેન્ટર અને હાઈ સ્પિડ ટ્રેનનું સેન્ટર છે. આ સાથે જ વિશ્વ પ્રસિદ્ધ માઉન્ટ ફુજી પણ આકર્ષનું કેન્દ્ર છે.

મેગ્લેવ ટ્રેનની સફર માત્ર રોમાંચક જ નહોતી પણ ભવિષ્યની પરિવહન ટેકનોલોજીની ઝલક પણ લઈને આવી. જાપાનની અત્યાધુનિક મેગ્લેવ ટ્રેન ચુંબકીય શક્તિ પર આધારિત છે, જે તેને પરંપરાગત ટ્રેનોથી સંપૂર્ણપણે અલગ બનાવે છે. આ ટ્રેન પાટા ઉપરથી ઉંચી દોડે છે, એટલે કે ઘર્ષણ લગભગ ખતમ થઈ જાય છે, અને આ જ કારણ છે કે, તેની સ્પિડ ૫૦૦થી ૬૦૦ કિલોમીટર પ્રતિ કલાકની છે. યામાનાશી ટેસ્ટ ટ્રેક પર આ ટ્રેને પોતાની ઉચ્ચ ક્ષમતાનું પ્રદર્શન કર્યું, જેને જોઈને મુખ્યમંત્રી મંત્રમુગ્ધ થઈ ગયા.

વર્તમાનમાં જાપાનની બુલેટ ટ્રેનો લગભગ ૩૦૦ કિ.મી./પ્રતિ કલાકની ઝડપે દોડે છે, પરંતુ મેગ્લેવ ટેકનોલોજી આ ગતિને બમણી કરવા તરફ એક મોટું પગલું છે. શિંકાનસેન પહેલાથી જ વિશ્વમાં ઝડપી અને સુરક્ષિત યાત્રાનું પ્રતીક બની ચૂકી છે અને હવે મેગ્લેવ તેને વધુ આગળ લઈ જવાની તૈયારીમાં છે. આ દરમિયાન મુખ્યમંત્રીએ હાઈડ્રોજન આધારિત ગ્રીન એનર્જી પ્લાન્ટનું પણ નિરીક્ષણ કર્યું. મેગ્લેવ ટ્રેનની મુસાફરી સંપૂર્ણપણે સ્મૂધ અને આંચકામુક્ત હોય છે. ટ્રેનની અંદર બેસીને એવો અનુભવ થાય છે, જાણે કોઈ વિમાન જમીનની ખૂબ નજીક ઉડી રહ્યું છે. આ અનુભવ શેર કરતા મુખ્યમંત્રીએ તેને ભવિષ્યની યાત્રા ગણાવી. યોગી આદિત્યનાથે પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર એક તસવીર શેર કરીને લખ્યું કે, માઉન્ટ ફુજી જાપાનનો સૌથી ઊંચો શિખર અને યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ છે, જે લગન, શિસ્ત અને આધ્યાત્મિક સંતુલનનું પ્રતીક છે. જાપાનની શાશ્વત સુંદરતા અને સાંસ્કૃતિક ગૌરવના પ્રતીક શાનદાર માઉન્ટ ફુજીને તડકાના દિવસે જોવું એ મારા માટે સૌભાગ્યની વાત છે. આભાર, જાપાન! CM યોગીએ આગળ લખ્યું કે, તમે જોઈ શકો છો કે હું ૫૦૧ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે મુસાફરી કરી રહ્યો હતો. યામાનાશીમાં મેં જાપાનની એડવાન્સ્ડ ટ્રેનનો અનુભવ કર્યો, આ એક નેક્સ્ટ-જનરેશન-હાઈ-સ્પિડ સિસ્ટમ છે, જે સ્વચ્છ, વધુ કાર્યક્ષમ અને સટીક મોબિલિટીનું ભવિષ્ય દર્શાવે છે. ખૂબ જ વધુ સ્પિડે પણ સફર સરળ અને ખૂબ જ સ્થિર હતી, જે ઈનોવેશન અને લાંબા સમય સુધી ચાલતા ઈન્ફ્રાસ્ટ્રક્ચરની શાનદાર ક્વોલિટી માટે જાપાનની પ્રતિબદ્ધતા દર્શાવે છે. જ્યારે ટેકનોલોજી આ ગતિએ આગળ વધે છે, ત્યારે ભવિષ્ય પહેલા કરતાં વધુ નજીક લાગે છે.

તમને જણાવી દઈએ કે, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ૨૨ ફેબ્રુઆરીથી સિંગાપોર અને જાપાનના પ્રવાસ પર છે, જે તેમના ૯ વર્ષના કાર્યકાળમાં તેમનો બીજો વિદેશ પ્રવાસ છે. અગાઉ તેમણે ૨૦૧૭માં મ્યાનમારનો મર્યાદિત પ્રવાસ કર્યો હતો. આ લાંબા સમયથી રાહ જોવાતી વિદેશ પ્રવાસને મહત્વપૂર્ણ માનવામાં આવે છે, કારણ કે તેનો હેતુ રાજ્યમાં રોકાણ આકર્ષવાનો અને આધુનિક માળખાગત સુવિધાઓને નવી ગતિ આપવાનો છે.

# યુએસ સંસદમાં ટ્રમ્પનો ખોંખારો : ઈરાન પાસે પરમાણુ હથિયાર રહેવા દઈશું નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)
**વોશિંગ્ટન, તા.૨૬**

અમેરિકામાં મધ્યસત્ર ચૂંટણી પહેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સ્ટેટ ઓફ ધ યુનિયનને સંબોધન કર્યુ હતું. ટ્રમ્પે આ વક્તવ્ય દરમિયાન ભાવિ નીતિઓ અને રાજનીતિ અંગે વાત કરી હતી. યુએસ સંસદમાં ટ્રમ્પે ખોંખારીને ઈરાનને પાઠ ભણાવવાનું એલાન કર્યુ હતું. તેમણે ઈરાન પાસે પરમાણુ હથિયાર નહીં રહેવા દેવાનો હંકાર કર્યો હતો. ૧૦૮ મિનિટના પ્રવચન દરમિયાન તેમણે ઈરાન સરકારને ૩૨ હજાર પ્રદર્શનકારીઓની હત્યા માટે જવાબદાર ઠેરવી હતી.

ટ્રમ્પે કહ્યું હતું કે, ઈરાન સાથેનો વિવાદ ઘર્ષણના બદલે વાતચીતથી ઉકેલવાની તેમની ઈચ્છા છે. જો કે આતંકવાદને પોષનારા દેશ પાસે પરમાણુ હથિયાર હોવા જોઈએ નહીં. શાંતિ સ્થાપવા માટે શક્તિ બતાવવી જરૂરી છે. અમેરિકાના સંરક્ષણ બજેટનો ઉલ્લેખ કરતા ટ્રમ્પે મોટા પાયે સૈનિકોની ભરતી ચાલી રહી હોવાનું કહ્યુ હતું. પોતાની સરકારની સિદ્ધિઓ ગણાવતા ટ્રમ્પે કહ્યુ હતું કે, અમેરિકાની આઝાદીને ૨૫૦ વર્ષ પૂરા થઈ રહ્યા છે અને દુનિયામાં કોઈ દેશ અમેરિકા જેવો નથી. અમેરિકા સતત પોતાને બહેતર બનાવી રહ્યું છે અને અમેરિકાનો સ્વર્ણિમ સમય ચાલી રહ્યો છે. ગેરકાયદે ઘૂસણખોરી પર અંકુશ આવ્યો હોવાનો અને સરહદ પર સ્થિતિ સંપૂર્ણ બદલાઈ હોવાનું ટ્રમ્પે કહ્યુ હતું. ટ્રમ્પના ભાષણનો વિરોધ કરતા ડેમોક્રેટ સાંસદોએ વોકઆઉટ કર્યુ હતું અને તેના જવાબમાં રીપબ્લિકન સભ્યોએ સૂત્રોચ્ચાર કર્યા હતા. દેશમાં ગુનાખોરી ઘટી હોવાનો દાવો કરતા ટ્રમ્પે કહ્યુ હતું કે, આખો દેશ બદલાઈ ગયો છે અને અત્યાર સુધી કોઈએ આવું કર્યુ નથી. આજે દેશની સરહદો સુરક્ષિત છે. મોંઘવારી ઘટી રહી છે અને આવક વધી રહી છે. દેશનું અર્થતંત્ર મજબૂત થઈ રહ્યું છે અને શત્રુઓ ગભરાયેલા છે. ટ્રમ્પે ડેમોક્રેટિક પક્ષની આકરી ટીકા કરતા કહ્યુ હતું કે, ટેક્સમાં ઘટાડાથી લોકો પાસે નાણાં આવી રહ્યા છે, પરંતુ જે લોકોએ દેશને હાલત બગાડી છે તેઓ સોંઘવારીનો વિરોધ કરી રહ્યા છે. ૧૦ મહિનામાં ૮ યુદ્ધ રોકાવ્યા હોવાનો દાવો ટ્રમ્પે કર્યો હતો. તેમણે કંબોડિયા-થાઈલેન્ડ અને ભારત-પાકિસ્તાન સંઘર્ષનો ઉલ્લેખ કર્યો હતો. ભારત પાકિસ્તાન વચ્ચે પરમાણુ યુદ્ધ થવાનું જોખમ હતું. પોતે હસ્તક્ષેપ ના કરત તો પાકિસ્તાનના વડાપ્રધાનનું મોત થવાની શક્યતા હતી. પાકિસ્તાનના વડાપ્રધાન શેહબાઝ શરીફે અગાઉ કહ્યુ હતું કે, ટ્રમ્પે ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધ ના અટકાવ્યુ હોત તો ૩.૫ કરોડ લોકોના મોત થયા હોત.

# ઈરાન-અમેરિકા તણાવ વચ્ચે કિમ જોંગ ઉનની સાઉથ કોરિયાને ધમકી : આખો દેશ નકશામાંથી મિટાવી દઈશું

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ઉત્તર કોરિયા, તા.૨૬**

ઈરાન-અમેરિકા તણાવ વચ્ચે કિમ જોંગ ઉને સાઉથ કોરિયાને ધમકી આપી દીધી છે. ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉને ધમકી આપી છે કે, જો અમારી સુરક્ષા જોખમમાં મૂકાય તો પરમાણુ-સંપન્ન દેશ દક્ષિણ કોરિયાને નકશામાંથી મિટાવી દઈશું. તેમણે ફરી એકવાર સિયોલ સાથે વાતચીત કરવાનો ઈનકાર કરી દીધો. સરકારી મીડિયાએ ગુરુવારે આ જાણકારી આપી. જોકે, સત્તારુઢ પાર્ટીની એક બેઠકના સમાપન દરમિયાન તેમણે આગામી પાંચ વર્ષ માટે પોતાના નીતિગત લક્ષ્યોની રૂપરેખા પ્રસ્તુત કરતા વોશિંગ્ટન સાથે વાતચીત માટે પોતાનો દરવાજો ખુલ્લો રાખ્યો છે.

તાજેતરના વર્ષોમાં કિમે સિયોલ પ્રત્યે પોતાના નિવેદનોને વધુ આકરા બનાવી દીધા છે અને તેની સાથે રાજદ્વારી પ્રત્યે પોતાના અસ્વીકાર પર ભાર મૂક્યો છે. નિષ્ણાતોનું કહેવું છે કે, તેનાથી સૈન્ય સંઘર્ષની આશંકા નથી, પરંતુ તેનો હેતુ એક વ્યાપક વ્યૂહરચનાને આગળ વધારવાનો છે. આ હેઠળ કિમના પરમાણુ હથિયારો અને મોસ્કો તથા બેઈજિંગ સાથેના સંબંધોના બળ પર ઉત્તર કોરિયાની વધુ મજબૂત અને પ્રભાવશાળી ભૂમિકા સ્થાપિત કરવાનો છે.

સત્તાવાર કોરિયન સેન્ટ્રલ ન્યૂઝ એજન્સીએ જણાવ્યું કે, કિમે પોતાની પરમાણુ-સંપન્ન સેનાને મજબૂત કરવા માટે નવી હથિયાર પ્રણાલીઓને વિકસાવવાનું પણ આહવાન કર્યું હતું.

તેમણે કહ્યું કે, તાજેતરના વર્ષોમાં પરમાણુ અને મિસાઈલ ક્ષેત્રોમાં ઝડપથી થઈ રહેલા વિકાસથી દેશ પરમાણુ સંપન્ન દેશ તરીકે ઉભર્યો છે. જો અમેરિકા લાંબા સમયથી અટકેલી વાટાઘાટો ફરી શરૂ કરવા માગે છે, તો તેણે ઉત્તર કોરિયા પ્રત્યેની પોતાની કથિત શત્રૂતાપૂર્ણ નીતિઓ છોડવી પડશે. સાઉથ કોરિયાના એકીકરણ મંત્રાલયે કહ્યું કે, ઉત્તર કોરિયાનું આંતર-કોરિયન સંબંધોને શત્રુતાપૂર્ણ ગણાવવું દુઃખદ છે અને સિયોલ શાંતિ પ્રયાસોને ધૈર્યપૂર્વક ચાલુ રાખશે.


એક્સપર્ટસે પહેલાથી જ અનુમાન લગાવ્યું હતું કે, કિમ સાઉથકોરિયા પ્રત્યેના પોતાના કડક વલણને વધુ સંસ્થાકીય બનાવી શકે છે. ૨૦૧૯માં અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની વાતચીત નિષ્ફળ ગયા બાદ ઉત્તર કોરિયાની અમેરિકા અને દક્ષિણ કોરિયા સાથે રાજદ્વારી વાતચીત ઠપ છે. કિમે ૨૦૨૪માં સાઉથ કોરિયાને કાયમી દુશ્મન જાહેર કરીને સંબંધોને વધુ તણાવપૂર્ણ બનાવી દીધા હતા.

ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉનને સોમવારે સત્તારુઢ વર્કર્સ પાર્ટીના ટોચના પદ માટે ફરીથી ચૂંટવામાં આવ્યા હતા. ઉત્તર કોરિયાની સત્તાવાર કોરિયન સેન્ટ્રલ ન્યૂઝ એજન્સી (KCNA) એ જણાવ્યું કે, કિમને હજારો પ્રતિનિધિઓની "સર્વસંમતિથી" પાર્ટીના મહાસચિવ તરીકે ચૂંટવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૬થી દર પાંચ વર્ષે યોજાતી આ કોંગ્રેસમાં શીર્ષ નેતાની ચૂંટણી થાય છે.




### યશરાજે આલ્ફાની ૨૧૫ કરોડની ઓટીટી ડીલ રીજેક્ટ કરી

# આલિયા - શર્વરીની ફિલ્મ આલ્ફાની થિએટર રિલીઝ નિશ્ચિત







(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૬**

આદિત્ય ધરની ધુરંધરની ધમાકેદાર સફળતા અને રિતિક રોશનની 'વૉર ૨'ની નિષ્ફળતાને કારણે એવી ચર્ચા હતી કે આલિયા ભટ્ટ અને શર્વરી વાઘની યશરાજની સ્પાય યુનિવર્સની ફિલ્મ 'આલ્ફા' હવે સીધી ઓટીટી પર જ રિલીઝ થઈ શકે છે. ફિલ્મમાં બૉબી દેઓલ અને અનિલ કપૂર પણ છે. નિષ્ણાતો માનતા હતા કે એક પછી એક સ્પાય ફિલ્મ રિલીઝ થાય તો તે નિષ્ફળ જઈ શકે છે અને તેનો આઈડિયા પણ જુનો લાગે છે. પરંતુ હવે યશરાજ ફિલ્મ્સે સ્પષ્ટ કરી દીધું છે કે ફિલ્મ સીધી થિએટરમાં જ રિલીઝ કરાશે.

મેકર્સ દ્વારા જાહેર કરાયેલા નિવેદનમાં કહેવાયું છે, "આલ્ફા ઓટીટી પર રિલીઝ થશે એ વાત અફવા છે, જેનો હેતુ હિરોઇનને લીડ રોલમાં લઈને બનતી ફિલ્મને ખરાબ ચીતરવા માગે છે. યશરાજ ફિલ્મ્સ પોતાની થિએટ્રીકલ સ્લેટમાંથી કોઈ ફિલ્મને ક્યારેય સીધી સ્ટ્રીમિંગમાં મુકતું નથી. અમે એક એવું પ્રોડક્શન હાઉસ છીએ, જે દર્શકોને સિનેમેટિક અનુભવ આપવામાં ગૌરવ અનુભવે છે. કંપની માટે આલ્ફા એક મહત્વની ફિલ્મ છે." આ નિવેદનમાં આગળ કહેવાયું, "કશુંક ઘણું ખાસ દર્શકોને આપાવાના અમારા પ્રયત્નરૂપે આલ્ફા બનાવવામાં આવી છે. જેમાં આપણા દેશની સૌથી પ્રતિભાશાળી એક્ટ્રેસમાંથી એક આલિયા ભટ્ટ લીડ રોલમાં છે, જેની સાથે વધુ એક પ્રતિભાશાળી એક્ટર, શર્વરી છે. અમને આશા છે કે અમે આલ્ફામાં એક સારી ફિલ્મ બનાવી છે અને અન્ય એક્શન ફિલ્મોને દર્શકોએ જે પ્રકારનો પ્રેમ આપ્યો છે, તે પ્રેમ આ ફિલ્મને પણ મળશે અને દરેકને પૂરતું મનોરંજન આપશે." એવા પણ અહેવાલો છે કે, નેટફિલક્સની આલ્ફા સીધી તેમના પ્લેટફર્મ પર રિલીઝ કરવાની લગભગ ૨૧૫ કરોડની ઓફર યશરાજે નકારી કાઢી છે. આ અંગે ચર્ચા હતી, તેને ફગાવવા માટે યશરાજે ખાસ નિવેદન જાહેર કર્યુ છે અને સ્પષ્ટતા કરી છે કે ફિલ્મનું થિએટ્રીકલ પ્રીમિયર જ થશે, સીધી ડિજીટલ ડેબ્યુ નહીં કરે.

### વિકાસ બહલ રોમાન્ટિક ફિલ્મ બનાવશે

# સિદ્ધાંત ચતુર્વેદીની નવી ફિલ્મ અલીજેહ અગ્નિહોત્રી સાથે



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૬**

સિદ્ધાંત ચતુર્વેદની વધુ એક ફિલ્મ મળી છે. વિકાસ બહલ પંજાબી સંગીતના નવા યુગ પર એક રોમાન્ટિક મ્યુઝિકલ ફિલ્મ બનાવી રહ્યો છે. તેમાં સિદ્ધાંત મુખ્ય હિરો હશે. અલીજેહ અગ્નિહોત્રી તેની હિરોઈન હશે. ૧૯૯૦ના દાયકામાં પંજાબના યુવાનોએ યુકેમાં નવું ફ્યૂઝન મ્યુઝિક રચ્યું હતું. તેના પર આધારિત વાર્તામાં સિદ્ધાંત એક ડ્રમરની ભૂમિકામાં જ્યારે અલીઝેહ એક સિંગરની ભૂમિકામાં હશે. ફિલ્મનું ટાઈટલ હજુ નક્કી કરાયું નથી. ફિલ્મની પટકથા પુરી થઈ ગઈ છે અને ટૂંક સમયમાં પ્રિ પ્રોડક્શન શરૂ કરવામાં આવશે. ફિલ્મનું શૂટિંગ આ વરસના ઉતરાર્ધમાં શરૂ કરાશે. સિદ્ધાંત અને વિકાસ બહર બીજી વખત સાથે ફિલ્મમાં કામ કરશે. આ પહેલા આ જોડીએ 'દિલકા દરવાજા ખોલના ડાર્લિંગ' ફિલ્મમાં કામ કર્યું હતું.

### રણવીર અને નિર્માતાઓ વચ્ચેની ચર્ચા 'ધુરંધર' રિલીઝ થવા સુધી ચાલુ રહી હતી

# વધતો 'ડોન ૩' વિવાદ : કાનૂની વિકલ્પથી ઉકેલ લાવવાની સલાહ

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૬**

ડોન ૩નો વિવાદ દિવસે ને દિવસે મોટું સ્વરૂપ ધારણ કરી રહ્યો છે, હવે આ વિવાદમાં પ્રોડ્યુસર્સ ગિલ્ડ ઓફ ઈન્ડિયાએ 'ડોન ૩'ના નિર્માતાઓ અને અભિનેતા રણવીર સિંહને વળતરનો વિવાદ ઉકેલવા કાનૂની માર્ગ અપનાવવા સલાહ આપી છે.




પ્રોડ્યુસર્સ ગિલ્ડની મધ્યસ્થી દ્વારા મામલો ઉકેલવાના પ્રયાસો નિષ્ફળ રહ્યા હોવાના અહેવાલો વચ્ચે આ ભલામણ કરાઈ છે. બંને પક્ષો પોતાના વલણ પર અડગ રહેતા, ગિલ્ડના સભ્યોએ સૂચવ્યું કે મામલો હવે કાનૂની ટીમ દ્વારા યોગ્ય માધ્યમ મારફતે હલ કરવો જોઈએ. જ્યારે રણવીરે 'ડોન ૩' પ્રોજેક્ટ છોડ્યો ત્યારથી આ વિવાદ શરૂ થયો છે. ફિલ્મનું નિર્માણ એક્સેલ એન્ટરટેઈન્મેન્ટ કરી રહ્યું છે અને ડિરેક્શન ફરહાન અક્ષ્તર કરી રહ્યો છે.

અહેવાલો મુજબ, પ્રોડક્શન હાઉસે પ્રી-પ્રોડક્શન અને ડેવલપમેન્ટ તબક્કામાં થયેલા નુકસાનનો હવાલો આપી ૪૦ કરોડના વળતર માંગ કરી છે. બીજી તરફ, રણવીર આ અંગે અસહમત હોવાનું કહેવાય છે.

અહેવાલ મુજબ, રણવીર અને નિર્માતાઓ વચ્ચેની ચર્ચા 'ધુરંધર' રિલીઝ થવા સુધી ચાલુ રહી હતી. ત્યારબાદ રણવીરે પ્રોજેક્ટમાંથી અલગ થવાનો નિર્ણય લીધો. હવે ગિલ્ડે કાનૂની માર્ગ અપનાવવાની સલાહ આપતા 'ડોન ૩' અને તેનો આર્થિક વિવાદ અનિશ્ચિતતામાં છે. આગળ શું પગલું લેવાશે તે બંને પક્ષોની કાર્યવાહી પર નિર્ભર રહેશે.

### અરિજીતે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ શેર કરી

# હજુ ઘણાં ગીતો પૂરા કરવાના છે અરિજીત સિંહ વાપસીના મૂડમાં

## અરિજિતે ૨૮ જાન્યુઆરીએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા નિવૃત્તિની જાહેરાત કરી હતી



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૬**

સિંગિંગમાંથી નિવૃત્તિની જાહેરાત કર્યાના લગભગ એક મહિના પછી, અરિજીતે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટ શેર કરી અને ચાહકો માટે પોતાના દિલની વાત લખી છે. આ પોસ્ટ બાદ, સોશિયલ મીડિયા પર યુઝર્સ અનુમાન લગાવી રહ્યા છે કે અરિજીત નિવૃત્તિ લેવાનો નિર્ણય બદલી શકે છે. અરિજીતે પોતાની પોસ્ટમાં એક લાઈન લખી છે, જેના કારણે આવી અટકળો શરૂ થઈ છે.

અરિજીતે લખ્યું, આ સંદેશ ફક્ત મારા શ્રોતાઓ માટે છે. જો તમે મારા શ્રોતાઓમાંથી એક નથી, તો કૃપા કરીને આ વાંચશો નહીં અને તરત જ સ્વાઈપ કરીને દૂર જાઓ. આ એક નમ્ર વિનંતી છે. હેલો, પ્યારા લોકો! હું ફક્ત બધાને કહેવા માંગુ છું કે હું તમને બધાને પ્રેમ કરું છું. આ ક્રૂર દુનિયામાં તમારા પ્રેમ બદલ આભાર. મેં નવા અસાઈમેન્ટ લેવાનું બંધ કરી દીધું છે, પણ તમે જાણો છો કે બાકી રહેલા ગીતોની યાદી ટૂંકી નથી. મારે હજુ ઘણા ગીતો પૂરા કરવાના છે."

અરિજીતે આગળ લખ્યું, લોકોને સમજાવવામાં સમય બગાડો નહીં, તમારે કેટલી વાર સમજાવશો? ઘણા બધા અધૂરા ગીતો છે જે પૂર્ણ ન થાય ત્યાં સુધી રિલીઝ થતા રહેશે. કદાચ આખું વર્ષ. કદાચ આવતા વર્ષ સુધી પણ. શાંત રહો. આ પ્લેટફોર્મથી દૂર રહેવાનો પ્રયત્ન કરો. તમારા શરીરમાંથી સ્પાઈક પ્રોટીન દૂર કરો, પાંચ ગ્રામ છોડી દો, વાંચો, પ્રેમ કરો અને ધ્યાન કરો.

અરિજીતની પોસ્ટમાં અહીં સુધી બધું બરાબર છે, પરંતુ આ પછી તેણે કંઈક એવું લખ્યું જેના કારણે લોકો તેના નિવૃત્તિમાંથી પાછા ફરવા અંગે અટકળો કરવા લાગ્યા છે. અરિજિતે લખ્યું, કોણ જાણે આગળ શું થશે. સોશિયલ મીડિયા યુઝર્સે આ વાક્યને ધ્યાનમાં લીધું અને કહેવા લાગ્યા કે અરિજિત કદાચ પોતાનો વિચાર બદલી શકે છે. ઉલ્લેખનીય છે કે, અરિજિતે ૨૮ જાન્યુઆરીએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા નિવૃત્તિની જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, તેઓ પ્લેબેક સિંગિંગમાંથી નિવૃત્તિ લઈ રહ્યા છે. આ ખબરે તેના બધા ચાહકોના દિલ તોડી નાખ્યા, કારણ કે અરિજિત એક એવો ગાયક છે જેનો અવાજ સીધો લોકોના હૃદય સુધી પહોંચે છે.

# વલસાડથી ધરમપુર જઈ રહેલી બસનો નંદીગામ પાસે અકસ્માત સર્જાયો : બસ ખાડામાં નીચે ઉતરી ઝાડને અથડાઈ

**બસમાં બેઠેલા ૩૦ મુસાફરોના જીવ ઊંચા થઈ ગયા, ઝાડ સાથે અથડાતા મોટો અકસ્માત ટળ્યો, તમામ મુસાફરોનો બચાવ**





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૬**

વલસાડ એસ.ટી.ડેપોમાં નિકળી ધરમપુર જઈ રહેલી એસ.ટી.બસનો નંદીગામ પાસે અકસ્માત સર્જાયો, રોડ ઉપરથી બસ નીચે ઉતરીને ખાડામાં ઝાડ સાથે ભટકાઈ હતી.

એસ.ટી.બસ નં. જીજે-૧૮-૫૭૩૩ વલસાડ ડેપોમાંથી નિકળી ધરમપુર જવા નિકળી હતી. તે દરમિયાન નંદીગામ પાસે ચાલકે કાબૂ ગુમાવતા બસ રોડ ઉપરથી ખાડામાં પડી ગઈ હતી. બસમાં સવાર ૩૦ જેટલા મુસાફરોના જીવ ઊંચા થઈ ગયા હતા. પરંતુ બસ ખાડામાં રહેલા એક ઝાડ સાથે ભટકાતા બસ નિયંત્રિત થઈ ગઈ હતી. તેથી તમામ મુસાફરોનો આબાદ બચાવ થયો હતો. ઝાડ સાથે બસ અથડાતા મોટો અકસ્માત થતા સદ્નસીબે ટળી ગયો હતો.





**ગુજરાતી ફિલ્મો અને હિન્દી ટેલી સિરિયલના કલાકાર દર્શન જરીવાલાને વાપીની લીધેલી મુલાકાત**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૬ :** ગુજરાતી ફિલ્મો અને હિન્દી ટેલી સિરિયલના મશહૂર કલાકાર શ્રી દર્શન જરીવાલા ગુરુવારે વાપીના મહેમાન બન્યા હતા. શ્રી દર્શન જરીવાલાની વાપી મુલાકાતને લઈ ચાહકો દોડી ગયા હતા.

# પવિત્ર રમઝાન માસ નિમિત્તે વોહરા સમાજની બહેનોએ નગરના રક્ષકો અને જનપ્રતિનિધિઓની લીધી મુલાકાત : રોજા ઈફ્તારી કીટ અર્પણ કરી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૨૬**

પવિત્ર રમઝાન માસ નિમિત્તે દાઉદી બોહરા સમાજના ધર્મગુરૂ સૈયદના મુફદ્દલ સૈફુદ્દીનની પ્રેરણાથી પારડી જમાતની મહિલા પાંખ દ્વારા માનવતા અને ભાઈચારાનું ઉમદા ઉદાહરણ પુરૂં પાડવામાં આવ્યું છે.

'જમાતની 'બુનય્યાત' અને 'તાલેબાત' કમિટીના સભ્યોએ નગરના રક્ષકો અને જનપ્રતિનિધિઓની મુલાકાત લીધી હતી. જેમાં પારડી પોલીસ સ્ટેશનના પી.આઈ. શ્રી જી.આર. ગઢવી, પાલિકા પ્રમુખ શ્રી ચેતનભાઈ નાયકા, તાલુકા પંચાયત પ્રમુખ શ્રી દક્ષેશભાઈ પટેલ અને હોસ્પિટલના તબીબોને 'રોજા ઈફતારી કિટ' અર્પણ કરી સન્માનિત કરાયા હતા. અલેફિયાબેન પારડીવાલા અને રશીદાબેન વોહરાના નેતૃત્વમાં યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સમાજમાં પરસ્પર પ્રેમ અને સેવાની ભાવના મજબૂત કરવાનો છે.



# લાઠીના ચાવંડ પાસે કતલખાને જતા નવ પશુઓને બચાવાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમરેલી, તા.૨૬**

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના ચાવંડ ગામ નજીક ગૌરક્ષકો અને પોલીસે સંયુક્ત રીતે ઓપરેશન પાર પાડી પશુઓની ગેરકાયદે હેરાફેરી અટકાવી છે. કતલખાને લઈ જવાતા પશુઓને બચાવી લેવામાં આવ્યા છે અને આ મામલે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, લાઠીના ગૌરક્ષકોને બાતમી મળી હતી કે એક ટ્રકમાં પશુઓને ક્રૂરતાપૂર્વક બાંધીને કતલખાને લઈ જવામાં આવી રહ્યા છે. આ બાતમીના આધારે ગૌરક્ષકોએ ચાવંડ નજીક વોચ ગોઠવી શંકાસ્પદ ટ્રકને અટકાવ્યો હતો. તપાસ દરમિયાન ટ્રકમાંથી ૮ ભેંસ અને ૧ પાડો મળી કુલ ૯ પશુઓ મળી આવ્યા હતા. ગૌરક્ષકોએ તુરંત જ લાઠી પોલીસને જાણ કરી પશુઓ અને એક શખસને પોલીસને હવાલે કર્યો હતો.

લાઠી પોલીસે આ મામલે કડક વલણ અપનાવી પશુઓ અને ટ્રક સહિત કુલ ૫૮ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે. પશુઓને સુરક્ષિત રીતે ગૌશાળા/પાંજરાપોળ ખાતે ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત ઝડપાયેલ આરોપી અકીલ કુરેશી ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છેકે, ગૌવંશને લઈને વિધાનસભા ગૃહમાં વિપક્ષે સરકાર પર તડાપીડ બોલાવી હતી. એવો આક્ષેપ કરાયોકે, રાજ્યમાં ગૌવંશનો કાયદો અમલમાં છે ત્યારે કમળના સ્ટીકર-કેસરી ખેસ પહેરી ગૌવંશની હેરાફેરી થઇ રહી છે. ભાજપના શાસનમાં છેલ્લાં બે વર્ષમાં કુલ મળીને ૫૪ હજાર કિલો ગૌમાંસ પકડાયુ છે. સવાલ એ ઊભો થાય છેકે, જો આટલી વિશાળ માત્રામાં ગૌમાંસ પકડાયુ હોય તો પાછલા બારણે કેટલું ગૌમાંસની હેરાફેરી થતી હશે. આ પરથી એ વાત પ્રસ્થાપિત થાય છેકે, કસાઇઓ બેખોફ બન્યાં છે.

વિધાનસભામાં ગૌવંશ હત્યાનો મુદ્દે સવાલ પૂછાતાં ખુદ સરકારે એ વાત સ્વિકારી કે, ૨૯ જિલ્લામાંથી ગૌમાંસ અને ગૌવંશ પકડાયુ છે. આ પરથી ગૌવંશ-ગૌમાંસની બેરોકટોક હેરાફેરીનો અંદાજ આવી શકે તેમ છે. દર વર્ષે અંદાજે ૨૦ હજાર કિલો ગૌમાંસ પકડાઇ રહ્યુ છે. સરકારની ઢીલી નીતિને કારણે જ ગુજરાતમાં ગેરકાયદેસર કતલખાના ધમધમી રહ્યાં છે. સુરત શહેરમાંથી સૌથી વધુ ગૌમાંસ પકડાયુ છે. બે વર્ષમાં ૩૮૭૬ કિલો ગૌમાંસ સુરત શહેરમાંથી પકડાયુ છે. ગૃહ વિભાગે દાવો કર્યોકે, ગૌવંશ-ગૌમાંસની હેરાફેરી કરતાં ૧૮૧૦ આરોપીઓને પકડી પાડવામાં આવ્યાં છે જે પૈકી ૧૮૪ને પાસા જ્યારે ૫૦ને તડીપાર કરાયાં છે. ૨૧ને જેલની સજા કરાઇ છે. ૧૧ આરોપીને ૧૦ વર્ષ અને ૩ને સાત વર્ષની જેલની સજા કરાઇ છે. ગૌવંશ-ગૌમાંસની હેરાફેરી કરતાં ૩૩૯ વાહનોની હરાજી કરી વેચાણ કરી દેવાયાં છે.

## હજીરામાં L&Tના કર્મચારીઓનો ઉગ્ર વિરોધ

# પાણીપત IOCLમાં વિરોધના પડઘા ગુજરાતમાં પડ્યા

**આ દરમિયાન સ્થિતિ વણસી હતી અને ઉશ્કેરાયેલા ટોળાએ વાહનોમાં તોડફોડ કરી આગચંપી કરતા મામલો ગંભીર બન્યો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમદાવાદ, તા.૨૬**

L&Tના કર્મચારીઓના વિવાદના વાઈરલ વીડિયોની અસર સુરતના હજીરામાં જોવા મળી હતી. હજીરા સ્થિત આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલના નિર્માણધીન પ્લાન્ટમાં કામ કરતા L&Tના અંદાજે ૫૦૦૦ જેટલા કોન્ટ્રાક્ટ કર્મચારીઓએ પગાર વધારા અને કામના કલાકો મુદ્દે ઉગ્ર આંદોલન કરી ભારે તોડફોડ મચાવી હતી. સ્થિતિ કાબૂ બહાર જતાં પોલીસે લાઠીચાર્જ કરી ૪૦ જેટલા ટીયરગેસના શેલ છોડવાની ફરજ પડી હતી.

પાણીપત સ્થિત IOCL કંપનીમાં કોન્ટ્રાક્ટ પર કામ કરતા કર્મચારીઓએ પોતાની વિવિધ પડતર માગોને લઈને ઉગ્ર વિરોધ પ્રદર્શન શરૂ કર્યા હતા, જેમાં L&Tના કોન્ટ્રાક્ટ કર્મચારીઓની સંખ્યા સૌથી વધુ હતી. આ લોકોની માગણીઓ પૂરી થતાં જ આ વિરોધના સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા વીડિયોની સીધી અસર હવે ગુજરાતના હજીરામાં આવેલી આર્સેલર મિત્તલ અને નિપ્પોનના પ્લાન્ટમાં જોવા મળી હતી જ્યાં કામ કરતા L&T કંપનીના કરાર આધારિત કર્મચારીઓએ પગાર વધારા સહિતની માગણીઓને લઈને ભારે હોબાળો મચાવ્યો હતો અને આ દરમિયાન અનેક વાહનોમાં તોડફોડની સાથે આગચંપી કરી હતી. જોકે, આ દરમિયાન સ્થિતિ વણસી હતી અને ઉશ્કેરાયેલા ટોળાએ વાહનોમાં તોડફોડ કરી આગચંપી કરતા મામલો ગંભીર બન્યો છે. મળતી માહિતી અનુસાર, લાંબા સમયથી પડતર માંગણીઓ સંતોષવામાં આવી રહી ન હતી. શ્રમિકો પાસે ૧૨ કલાક કામ લેવામાં આવે છે, જેની સામે તેઓ ૮ કલાકની ડ્યુટીની માંગ કરી રહ્યા છે. હાલમાં ઓવરટાઈમ સિંગલ રેટ પર ચૂકવાય છે, જ્યારે શ્રમિકો ડબલ રેટની માંગ કરી રહ્યા છે. ઊંચાઈ પર જોખમી ઈરેક્શન કામ કરવા છતાં માત્ર ૬૦૦થી ૭૦૦ રૂપિયા જેટલું જ વેતન આપવામાં આવે છે.

વહેલી સવારે શરૂ થયેલો દેખાવ ગણતરીની મિનિટોમાં હિંસક બન્યો હતો. ઉશ્કેરાયેલા ટોળાએ કંપનીની ત્રણ ફાયર ફાઈટર ગાડીઓમાં તોડફોડ કરી મોટું નુકસાન પહોંચાડ્યું હતું અને બાઈકોને આગ ચાંપી હતી. એન્ટ્રી-એક્ઝિટ ગેટ પરના અત્યાધુનિક પ્રવેશ મશીનો અને ઓફિસોમાં તોડફોડ કરી હતી. ઘટનાની જાણ થતા જ સુરત પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. હિંસક ટોળાને વિખેરવા માટે પોલીસે ૪૦થી વધુ ટીયરગેસના શેલ છોડ્યા હતા અને હળવો લાઠીચાર્જ કર્યો હતો. કાયદો અને વ્યવસ્થાના ભંગ બદલ અત્યાર સુધીમાં ૨૫થી વધુ શ્રમિકોની અટકાયત કરવામાં આવી છે. હાલમાં સમગ્ર પ્લાન્ટ પરિસરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. સ્થિતિ પર કાબૂ મેળવ્યા બાદ હવે કંપનીના સત્તાધીશો અને શ્રમિક પ્રતિનિધિઓ વચ્ચે સમાધાન માટે મંત્રણાના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે. જોકે, પ્લાન્ટમાં હજુ પણ તણાવપૂર્ણ શાંતિ જોવા મળી રહી છે.

# સુરેન્દ્રનગરમાં રાસકા ગામમાં ૮૦થી વધુ વીજપોલ પરથી વીજ વાયર કાપી ચોરી કરવામાં આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)
**સુરેન્દ્રનગર, તા.૨૬**

લીંબડી તાલુકાના રાસકા ગામની સીમમાં ચોરીની અજીબોગરીબ ઘટના સામે આવી છે, જ્યાં ૮૦થી વધુ વીજપોલ પરથી વાયર કાપીને ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા છે. ખેતરોમાં વીજ પુરવઠો ન મળતા વીજવાયરની ચોરી અંગે ખેડૂતોને જાણ થઈ હતી. જે બાદ તેઓએ સમગ્ર મામલાની જાણ પોલીસ અને વીજ વિભાગને કરતા આ મામલે હાલ તપાસનો ધમધમાટ શરૂ થયો છે.

વિગતે વાત કરીએ તો, સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકાના રાસકા ગામની સીમમાં ખેડૂતો ખેતરમાં સિંચાઈ માટે પહોંચ્યા, ત્યારે વીજ પુરવઠો ન આવતા તેઓએ આ મામલે તપાસ શરૂ કરી હતી. જે બાદ જાણવા મળ્યું હતું કે, વીજપોલ પરથી વીજ વાયર જ ગાયબ છે. બાદમાં તપાસ કરતા સામે આવ્યું કે, ૮૦થી વધુ વીજપોલ પરથી આવી જ રીતે વીજ વાયર ગાયબ છે, જેને કોઈ અજાણ્યા શખ્સો કાપ્યા બાદ ચોરી કરી લઈ ગયા છે. ખેતીવાડી માટે આપવામાં આવતા વીજ પુરવઠાની લાઈનમાંથી વીજ વાયરની ચોરી કરી તસ્કરો છૂમંતર થઈ ગયા છે, જે વાતની જાણ થતા જ ખેડૂતોએ તાત્કાલિક પોલીસ તથા વીજ તંત્રને જાણ કરી હતી. જે બાદ પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

નોંધનીય છે કે, હાલ ઉનાળાનો સમય નજીક આવતો જઈ રહ્યો છે અને કાળઝાળ તાપ અને ગરમી પડી રહી છે, જેથી ખેતી પાકમાં પણ સમયાંતરે સિંચાઈ માટે પાણી મળવું જરૂરી છે, જે આ વીજ પુરવઠો ફરીથી શરૂ થયા બાદ જ થઈ શકે તેમ છે. વીજ પુરવઠો ન મળતા ઊભા પાકને પાણી નહીં મળે અને પરિણામે સુકાવા લાગે તેવી શક્યતા છે, ત્યારે તંત્ર દ્વારા તાત્કાલિક વીજ પુરવઠો શરૂ કરવાની કાર્યવાહી કરવામાં આવે તેવી ખેડૂતોએ માંગ ઉઠાવી છે.

# ગુજરાત ATSની મોટી કાર્યવાહી : પંજાબનો વોન્ટેડ આતંકી અને ડ્રગ સ્મગલર અમદાવાદથી ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમદાવાદ, તા.૨૬**

ગુજરાત ATSએ પંજાબના એક ચકચારી ડ્રગ્સ અને હથિયાર તસ્કરીના કેસમાં વોન્ટેડ આરોપીને અમદાવાદના હૃદય સમાન ગીચ વિસ્તારમાંથી ઝડપી પાડ્યો છે. આંતરરાષ્ટ્રીય સરહદેથી આવતા નશીલા પદાર્થો અને વિસ્ફોટકોના નેટવર્ક સાથે જોડાયેલો આ આરોપી, પોલીસની ધરપકડથી બચવા માટે દેશના અલગ-અલગ રાજ્યો અને નેપાળમાં આશરો લીધા બાદ અંતે ગુજરાતમાં છુપાયો હતો. સુરક્ષા એજન્સીઓના આ સફળ ઓપરેશને ફરી એકવાર સાબિત કર્યું છે કે રાષ્ટ્રીય સુરક્ષા માટે જોખમી એવા તત્વો ગમે તેટલા વેશ પલટો કરે, પણ કાયદાના હાથથી બચી શકતા નથી.

ગુજરાત ATSના DySP હર્ષ ઉપાધ્યાયને બાતમી મળી હતી કે, પંજાબના અમૃતસર જિલ્લાના રાજાસાસી પોલીસ સ્ટેશનના હેરોઈન અને ગ્રેનેટ પિસ્તોલ સ્મગલિંગ કેસનો વોન્ટેડ આરોપી રહેમત અલી શેખ પંજાબથી ભાગીને બિહાર થઈને અમદાવાદમાં આવ્યો છે. જેના આધારે તપાસ કરીને ATSએ રખિયાલ ખાતેથી રહેમત અલી શેખની એમ્બ્રોડરીના કારખાનામાંથી ધરપકડ કરી હતી. આરોપીની પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે, રહેમત અલી મોટા નારકોટિક્સ અને ગ્રેનેડ પિસ્તોલ નેટવર્કનો એક ભાગ છે. આરોપીએ જાન્યુઆરીમાં હેરોઈન તેમજ હેન્ડ ગ્રેનેટેડ અને પિસ્તોલના કન્સાઈનમેન્ટ પાકિસ્તાનની પંજાબ બોર્ડરથી લઈને પંજાબના અન્ય વ્યક્તિઓને આપ્યા હતા. જે અંગે અમૃતસર જિલ્લાના રાજા સાસી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. આ ગુનામાં પોલીસે અગાઉ બે આરોપીઓની ધરપકડ કરી હતી. જેમની પાસેથી ૪૨ કિલો હેરોઇન, ચાર હેન્ડ ગ્રેનેડ, એક સ્ટાર માર્ક પિસ્તોલ અને ૪૬ કારતૂસ મળી આવ્યા હતા.

બે આરોપી પકડાતા રહેમત અલી પંજાબથી નાસી ગયો હતો. આરોપી પંજાબથી ભાગીને નેપાળમાં જતો રહ્યો હતો. ત્યારબાદ બિહાર થઈ ગુજરાતના અમદાવાદમાં આવ્યો હતો. આરોપી છેલ્લા કેટલાક સમયથી રખિયાલ વિસ્તારમાં રોકાયો હતો. રખિયાલના એમ્બ્રોડરીના કારખાનામાં કામ કરવા માટે આવ્યો હોવાથી આરોપી રખિયાલના કારખાનામાં જ રોકાયો હતો. ATS દ્વારા આરોપીની કોણે મદદ કરી છે તે તપાસ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત આરોપીને પંજાબ પોલીસને સોંપવા માટેની પણ તજવીજ હાથ ધરી છે.

# નકલી દૂધ અને છાસના કાળા કારોબારમાં હવે મોટા ખુલાસા થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**સાબરકાંઠા,તા.૨૬**

સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકાના સલાલ ગામે લોકોના જીવન સાથે ગંભીર ચેડાં કરતા નકલી દૂધના કારોબારનો પોલીસે ગતરોજ પર્દાફાશ કર્યો હતો. આ મામલે પોલીસે હવે મુખ્ય સૂત્રધાર અને ડેરીના સંચાલક રાકેશ પટેલ ઉર્ફે ધમાને ઝડપી પાડ્યો છે.

અગાઉ આ કેસમાં ૫ આરોપીઓની ધરપકડ બાદ મુખ્ય સંચાલક ફરાર હતો, જેને પકડી પાડવામાં પોલીસને સફળતા મળી છે.

પોલીસ તપાસમાં બહાર આવેલી વિગતો અત્યંત આઘાતજનક છે. આરોપી રાકેશ પટેલ પોતાની ડેરીમાં શુદ્ધ દૂધને બદલે ડિટર્જન્ટ પાવડર, યુરિયા ખાતર અને અન્ય કેમિકલ્સનો ઉપયોગ કરી નકલી દૂધ તૈયાર કરતો હતો. આ દૂધ માત્ર જોવામાં જ સફેદ હતું, પરંતુ વાસ્તવમાં તે માનવ શરીર માટે અત્યંત ઘાતક અને ઝેરી હતું. આ ડેરીમાં માત્ર દૂધ જ નહીં, પરંતુ છાસ સહિતની અન્ય ડેરી પ્રોડક્ટ્સ પણ નકલી રીતે બનાવી બજારમાં વેચવામાં આવતી હતી.

તપાસમાં ખુલાસો થયો છે કે આ ડેરીમાંથી દરરોજ અંદાજે ૩૦૦૦ લિટર નકલી દૂધ ગુજરાતના વિવિધ વિસ્તારોમાં સપ્લાય કરવામાં આવતું હતું. બજારના શુદ્ધ દૂધના ભાવે આ ઝેરી દૂધ પધરાવીને આરોપી લાખો રૂપિયાની કમાણી કરતો હતો. અગાઉ પોલીસે આ ડેરી પર દરોડો પાડીને મોટા પ્રમાણમાં કેમિકલ અને સાધનો જપ્ત કર્યા હતા.

મુખ્ય સંચાલક રાકેશ પટેલ ઝડપાતા હવે પોલીસ તેને રિમાન્ડ પર લેવાની તજવીજ હાથ ધરી છે. પૂછપરછ દરમિયાન આ કૌભાંડ કેટલા વર્ષોથી ચાલતું હતું, ગુજરાતના કયા કયા શહેરોમાં આ દૂધ સપ્લાય થતું હતું અને આ નેટવર્કમાં અન્ય કયા મોટા માથાઓ સામેલ છે, તે અંગે ચોંકાવનારા ખુલાસા થવાની શક્યતા છે.

**CHANGE OF NAME**

I HAVE CHANGE OF MY NAME FROM NITESH KUMAR SINGH TO **NEW NAME NITESH SINGH**
**ADD.** FLAT NO. 103, PRANJYOT APARTMENT, ITI ROAD, AMLI, SILVASSA- 396230, UT OF DNH&DD



**વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.**
**મુ.પો. આલીપુર, તા. ચીખલી, જિ. નવસારી**

**ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટ - ટેન્ડર નોટિસ**

સંઘ દ્વારા સને ૨૦૨૬ થી ૨૦૨૮ સુધી ૦૨ વર્ષ માટે ટ્રાન્સપોર્ટ કોન્ટ્રેક્ટ આપવાનો છે. ટ્રાન્સપોર્ટ કોન્ટ્રેક્ટનું કામ કરતા ઈસમો પાસેથી નીચે જણાવેલ કામો માટે સીલબંધ કવરમાં ટેન્ડરો આમંત્રિત કરવામાં આવે છે.

- વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લાની સંઘ આયોજીત ગ્રામ્ય દૂધ મંડળીના સ્થળેથી સવાર/સાંજ આલીપુર ડેરી, વઘઈ, સુબીર અને મોટાપોંઢા સ્થળે દૂધના કેનો લાવવા/લઈ જવાની કામગીરી.
- વસુધારા ડેરી આલીપુર સ્થળેથી વલસાડ, નવસારી, કોલ્ડ સ્ટોરેજ સ્થળે તેમજ વાપી, મોટાપોંઢા તથા સંઘ જણાવે તે સ્થળોએ સવાર/સાંજ ઈન્સ્યુલેટેડ વાહન મારફત દૂધ તથા દૂધની બનાવટોના ક્રેઈટ્સ પહોંચતા કરવાની/પરત લાવવાની કામગીરી.
- વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લાની સંઘ સંયોજિત ગ્રામ્ય દૂધ મંડળીના સ્થળે ચાલતા કૃત્રિમ બીજદાન કેન્દ્રો પર લીક્વીડ નાઈટ્રોજન પૂરો પાડવા તેમજ મંડળીઓનો સામાન પહોંચાડવાની કામગીરી.
- વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લાની સંઘ સંયોજિત ગ્રામ્ય દૂધ મંડળીના સ્થળોએ તેમજ સંઘના વિવિધ પ્રોજેક્ટના સ્થળોએ કે અન્ય કામના સ્થળોએ ''દૈનિક વિસ્તરણ સેવા''ની કામગીરી માટે T/મેક્સી પાસીંગ વાહનો.
- ખેડૂતો અને ગ્રાહકોના તાલીમ પ્રવાસો માટે લક્ઝરી બસ.
- વસુધારા ડેરી કેટલ ફીડ પ્લાન્ટ - ખેરગામથી અને સુબીર ચીલીંગ સેન્ટર પરથી સંઘ સંયોજિત ગ્રામ્ય દૂધ મંડળી સ્થળે તેમજ વસુધારા ડેરી કેટલ ફીડ પ્લાન્ટ - ખેરગામથી ધુલીયા અને કરંજવન પ્લાન્ટ સુધી દાણ પહોંચાડવાની કામગીરી.
- બલ્ક કૂલર વાળી દૂધ મંડળીઓ ઉપરથી દૂધ સંપાદન માટે ટેન્કરો.

સૂચના:

- ટેન્ડર જાહેરાત ફોર્મ સાથે બીડાણ કરવામાં આવેલ ''ટેન્ડરની શરતો''ને આધિન છે.
- ટેન્ડર ફોર્મ, ટેન્ડરની શરતો, રૂટની વિગતો અને વાહનોની સંખ્યા સંઘના મુખ્ય કાર્યાલયેથી તા.૦૫.૦૩.૨૦૨૬ થી તા.૧૩.૦૩.૨૦૨૬ સુધી (રજાના દિવસો સિવાય) સવારે ૧૧.૦૦ વાગ્યાથી સાંજના ૦૩.૦૦ વાગ્યા દરમિયાન રૂા.૧૦૦૦/- રોકડા કાર્યાલયમાં જમા કરાવ્યેથી મળી શકશે.
- ભરેલા ટેન્ડરો તા.૦૫.૦૩.૨૦૨૬ થી ૧૩.૦૩.૨૦૨૬ સુધી કાર્યાલયમાં સાંજના ૦૪.૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.
- આવેલ ટેન્ડરો હાજર રહેલ ટેન્ડરરોની હાજરીમાં તા.૧૮.૦૩.૨૦૨૬ના રોજ બપોરે ૦૧.૦૦ કલાકે ખોલવામાં આવશે.

તારીખ: ૨૭.૦૨.૨૦૨૬

I/C મેનેજિંગ ડિરેક્ટર

**(છેલ્લા પાનાનું ચાલુ)**
**વાપી કોચરવા નજીક...**

થયો હોય તેવી સાબિતી ગરનાળું આપી રહ્યું છે. ગુણવત્તા વગરનું ગરનાળું કોન્ટ્રાક્ટરે બનાવી દીધાનું બહાર આવ્યું છે. ગરનાળું એક તરફ દબાઈ જતા સૂચક આડશો ઉભી કરવાની નોબત આવી છે. જેથી દબાયેલા નાળા ઉપરથી રખે કોઈ વાહન પસાર નહીં થાય તેવી સ્થિતિ આડશ દર્શાવી રહી છે. સ્થાનિક લોકોની માંગણી છે કે નાળાની કામગીરીની તળીયા જાટક તપાસ કરવી અત્યંત જરૂરી બની ગઈ છે. નહીંતર મોટી દુર્ઘટના સર્જાવાની વકી નકારી શકાય એમ નથી.

વર્તમાન પ્રવાહ

વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

**Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)**

# વલસાડ જિલ્લામાં ધો.૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષાનો ઉત્સાહભર્યા માહોલમાં પ્રારંભ થયો

## જિલ્લા કલેક્ટર ભવ્ય વર્મા, જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત અને જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાએ વિવિધ સ્કૂલમાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પાઠવેલી શુભેચ્છા





**વિદ્યાર્થીઓને કંકુ તિલક કરી, મોઢું મીઠું કરાવી જિલ્લા વહીવટી તંત્રએ મનોબળ વધાર્યું : પરીક્ષા કેન્દ્રોમાં શાંતિ, સ્વચ્છતા, પીવાનું પાણી, આરોગ્ય સુવિધા અને સુરક્ષા જેવી તમામ વ્યવસ્થા સુનિશ્ચિત કરાઈ**




## આત્મવિશ્વાસ, શાંતિ અને એકાગ્રતા સાથે કરેલી મહેનત જરૂર ફળ આપે છે : જિલ્લા કલેક્ટર ભવ્ય વર્મા

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૬**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવામાં આવનાર એસ.એસ.સી. ધોરણ-૧૦ તથા એચ.એસ.સી. (સામાન્ય પ્રવાહ) પરીક્ષાનો પ્રારંભ તા.૨૬ ફેબ્રુઆરીના રોજ વલસાડ જિલ્લામાં શાંતિપૂર્ણ, સુચારૂ અને ઉત્સાહસભર માહોલમાં થયો હતો. જિલ્લાના હજારો વિદ્યાર્થીઓ માટે આ પરીક્ષા જીવનના મહત્ત્વપૂર્ણ પડાવરૂપ હોવાથી તેમના મનોબળમાં વધારો થાય અને તેઓ નિર્ભયતા સાથે પરીક્ષા આપે તે હેતુસર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિશેષ ઉપસ્થિતિ નોંધાવવામાં આવી હતી.

વલસાડ જિલ્લા કલેકટરશ્રી ભવ્ય વર્મા બાઈ આવાબાઈ હાઈસ્કૂલ ખાતે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને કંકુ તિલક કરી, મોઢું મીઠું કરાવી હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. કલેકટરશ્રીએ વિદ્યાર્થીઓને સંદેશ આપ્યો કે, આત્મવિશ્વાસ, શાંતિ અને એકાગ્રતા સાથે કરેલી મહેનત જરૂર ફળ આપે છે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોતે કુસુમ વિદ્યાલય ખાતે હાજર રહી વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધ્યો અને તેમને ધીરજ તથા સકારાત્મક વિચારસરણી સાથે પરીક્ષા આપવા પ્રોત્સાહિત કર્યા હતા. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી યુવરાજસિંહ જાડેજા એ સેન્ટ જોસેફ હાઈસ્કૂલ ખાતે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી તેમજ પરીક્ષા દરમિયાન સંપૂર્ણ સુરક્ષા અને શાંતિપૂર્ણ વાતાવરણ જળવાઈ રહે તેની ખાતરી આપી હતી.

આ સાથે જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. રાજેશ્રી એલ.ટંડેલ દ્વારા વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી પરિશ્રમની એક-એક ક્ષણ, સફળતાની એક નવી કિરણ છે, આત્મવિશ્વાસથી ભરેલું મન જ સફળતાનું સાચુ શસ્ત્ર છે એમ જણાવી પ્રોત્સાહિત કર્યા હતા. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી ડી. બી.વસાવાની પણ પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

સમગ્ર વહીવટી તંત્ર, શિક્ષણ વિભાગ અને પોલીસ વિભાગના અધિકારીઓએ પરીક્ષા કેન્દ્રોની મુલાકાત લઈ જરૂરી સુવિધાઓ, માર્ગદર્શન અને વ્યવસ્થાઓની સમીક્ષા કરી હતી. પરીક્ષા કેન્દ્રોમાં શાંતિ, સ્વચ્છતા, પીવાના પાણી, આરોગ્ય સુવિધા અને સુરક્ષા જેવી તમામ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી હતી.

વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ અને હકારાત્મક ઊર્જાનો સંચાર થાય તેવા ઉદ્દેશ સાથે કરવામાં આવેલી આ શુભેચ્છા મુલાકાતથી પરીક્ષાના પ્રથમ દિવસે જ પ્રેરણાદાયી માહોલ સર્જાયો હતો.

# સાર્વજનિક સ્કૂલમાં જાયન્ટ્સ ગ્રુપ ઓફ વાપી દ્વારા બોર્ડ પરીક્ષાના વિદ્યાર્થીઓ માટે પ્રેરક કાર્યક્રમ યોજાયો






**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૬**

આજથી શરૂ થતી એસ.એસ.સી. બોર્ડની પરીક્ષાઓના પ્રારંભના અવસરે જાયન્ટ્સ ગ્રુપ ઓફ વાપી દ્વારા વિદ્યાર્થીઓ માટે પ્રેરણાત્મક પહેલનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રોગ્રામમાં જાયન્ટ્સ ઓફ વાપીના પ્રેસિડેન્ટ શ્રી રીતેશભાઈ રાવલ, ડી.એ.ખ્યાતિ રાવલ તેમજ પૂર્વ પ્રમુખ તેમજ સિનિયર શ્રી હિતેશભાઈ પુરોહિત, શ્રીમતિ ચારૂશીલાબેન ભટ્ટ, લોરીટા પુરોહિત, પૂજા અરોરા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અને આત્મવિશ્વાસ આપવા માટે અમારા સભ્યો તેમને મળીને શુભેચ્છા રૂપે ચોકલેટ અને ગોળ-ધાણાનું વિતરણ કર્યુ હતું. ઉપરાંત, પરીક્ષા દરમિયાન માતા-પિતાની સુવિધા માટે પાણીના જારની વ્યવસ્થા પણ કરવામાં આવેલ હતી.

આ સારા ઉપક્રમ દ્વારા જાયન્ટ્સ ગ્રુપ ઓફ વાપી વિદ્યાર્થીઓ અને વાલીઓને સહાયરૂપ બની સમાજમાં સકારાત્મક યોગદાન આપવા ઈચ્છે છે, તેમજ આ પ્રકારનો નાનો પ્રયત્ન આવા મહત્વપૂર્ણ દિવસે ઉત્સાહ અને સકારાત્મકતા લાવશેનો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ચીખલીના ખાંભડા ખાતે ખેતીકામ કરી રહેલા ખેડૂત પર દીપડાએ હુમલો કરતા સારવાર હેઠળ


-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી,(વંકાલ), તા.૨૬**

ચીખલીના ખાંભડા ખાતે ખેતીકામ કરી રહેલા ખેડૂત પર સવારના સમયે દીપડાએ હુમલો કરતા ઈજાગ્રસ્ત ખેડૂતે સારવાર લેવાની ફરજ પડી હતી.

ચીખલી તાલુકામાં વન્ય જીવો અને માનવ સંઘર્ષની ઘટનાઓ હવે સામાન્ય બની રહી હોય તેમ ચીખલી તાલુકાના ખાંભડા ગામે ખેતરમાં કામ કરી રહેલા એક વૃદ્ધ ખેડૂત પર દીપડાએ હુમલો કરતા ગામમાં ભયનો માહોલ સર્જાયો હતો. જોકે દીપડાના પંજાથી લોહીલુહાણ થયેલો ખેડૂત હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

ચીખલી તાલુકાના ખાંભડા ગામના કણબીવાડ વિસ્તારમાં રહેતા નટુભાઈ ગાંડાભાઈ પટેલ (ઉ.વ.૭૩) ગુરૂવારની સવારના ૭:૩૦થી ૦૮:૦૦ વાગ્યાના સમય દરમિયાન ખાંભડા ગામમાં આવેલ ભવાની વડ પાસેની નદી કિનારે પોતાના ખેતરમાં કામ કરી રહ્યા હતા. તે સમયે ખેતરની ઝાડીઓમાં સંતાયેલ દીપડાએ પંજાઓ વડે હુમલો કરતા પેટ અને થાપાના ભાગે ઈજાઓ પહોંચાડી હતી. જોકે નટુભાઈએ બૂમાબૂમ કરતા દીપડો ખેતરમાંથી નાસી છૂટ્યો હતો. બાદમાં તેઓ ઈજાગ્રસ્ત હાલતમાં અંદાજે એક થી દોઢ કિલોમીટર સુધી પરત ઘરે આવી પરિવારજનોને બનાવ અંગેની જાણ કરતા તાત્કાલિક સારવાર માટે ચીખલીની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા.

જોકે થોડા દિવસ પહેલા ખાંભડાને અડીને આવેલા સાદકપોર પાસે મોટર સાયકલ પર પસાર થઈ રહેલા ત્રણ યુવકો ઉપર પણ દીપડાએ હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. સદ્નસીબુ કોઈ મોટી જાનહાની થવા પામી ન હતી.

ચીખલી તાલુકો દીપડા માટે એક સુરક્ષિત આશ્રયસ્થાન બની રહ્યું હોય તેમ અવાર નવાર જાહેર માર્ગ ઉપર કે રહેણાંક વિસ્તારમાં દીપડાઓ લટાર મારી રહ્યા છે. દીપડાના હુમલામાં માત્ર માનવીઓ જ નહીં પરંતુ અબોલ પશુઓ પણ હવે સુરક્ષિત નથી. છેલ્લા કેટલાક સમયથી આ વિસ્તારમાં દીપડાઓ દ્વારા મોર, ઢેલ, વાછરડા, બકરા-બકરીઓ તેમજ ભૂંડના મારણના કિસ્સાઓમાં તોતિંગ વધારો થયો છે. ખેડૂતો માટે પશુધનએ તેમની મૂડી છે.પરંતુ દીપડાના ડરથી હવે પશુઓને ચરાવવા બહાર કાઢવા પણ મુશ્કેલ બન્યા છે.

# શ્રી સ્વામિનારાયણ સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલ, સલવાવ દ્વારા બોર્ડની પરીક્ષા આપવા જઈ રહેલા વિદ્યાર્થીઓની સફળતા માટે યજ્ઞ કર્યો





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૬**

ગુરૂવારથી શરૂ થયેલી ધોરણ-૧૦ અને ૧૨ની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષા આપવા જઈ રહેલા વિદ્યાર્થીઓની સફળતા માટે શ્રી સ્વામિનારાયણ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ સલવાવ વાપી દ્વારા યજ્ઞ કરવામાં આવ્યો હતો.

શ્રી સ્વામિનારાયણ શિક્ષણ સેવા કેન્દ્ર સલવાવ સંચાલિત શ્રી સ્વામિનારાયણ સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલ સલવાવમાં ધોરણ-૧૦ અને ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની તારીખ ૨૬ ફેબ્રુઆરીથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર પરીક્ષા શરૂ થઈ હોય. આ પરીક્ષામાં દરેક વિદ્યાર્થીઓ શાંતિપૂર્વક પરીક્ષા આપી શકે કોઈ પણ પ્રકારનું વિઘ્ન ન આવે. અમે દરેક વિદ્યાર્થીઓ પોતાની શ્રેષ્ઠ મહેનતનું સારું પરિણામ મેળવે તેવી પ્રાર્થના સાથે ભૂદેવના શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે યજ્ઞમાં સમિધ પૂર્યુ હતું.

આ યજ્ઞમાં શાળાના આચાર્યશ્રી તથા તમામ શિક્ષકભાઈ બહેનો જોડાયા હતા. પૂજ્ય સંતોના માર્ગદર્શન અને આશીર્વાદ હેઠળ તથા ડાયરેક્ટરશ્રીના માર્ગદર્શન હેઠળ આ કાયનું આયોજન કરવામાં આવ્યું હતું.તમામ પરીક્ષાર્થીઓ માટે 'સર્વ શ્રેષ્ઠમ'નો મંત્ર આપી સફળતાની કામના કરી હતી.

# વાપી આર.કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજીસમાં રમોત્સવનું ભવ્ય આયોજન



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૬**

વાપીની આર.કે.દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશન, વાપી દ્વારા રમતોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ કોલેજના આચાર્ય ડૉ. પ્રીતિ ચૌહાણએ પણ 'રમશે ગુજરાત, જીતશે ગુજરાત'ના નારા સાથે રમોત્સવમાં ભાગ લેનાર સમગ્ર વિદ્યાર્થીઓને મોટીવેટ કરી અભિનંદન પાઠવ્યા હતા.

આ રમતોત્સવમાં ૭ (સાત) જેટલી રમતોની સમાવેશ કરવામાં આવી હતી.જેમાં રીછ યુદ્ધ, ગોળા ફેંક, ક્રિકેટ, સુન-ચોકડી, ઈંટ ઉચક, દોરડી કુદ, ૧૦૦ મીટર દોડ જેવી રમતો સંસ્થાના શારીરિક શિક્ષણ વિભાગના અધ્યાપક ડૉ.પ્રફુલભાઈ પટેલ તથા ડૉ.રાહુલ ટંડેલ દ્વારા રમાડવામાં આવી હતી. તાલીમાર્થીઓમાં પોતાનામાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર કાઢી ખુબજ ઉત્સાહભેર ભાગ લઈ આનંદ વ્યક્ત કર્યો હતો.

આ રમતોત્સવ બે વિભાગમાં વહેંચી બે દિવસ સુધી સવારે ૦૮:૦૦ વાગ્યેથી સાંજે ૦૪:૦૦ વાગ્યે સુધી ગોઠવવામાં આવી હતી. આ રમતોત્સવનું સંચાલન કોલેજના સર્વ અધ્યાપકોની ટીમ દ્વારા કરવામાં આવી હતી અને સહ સંચાલક તરીકે કોલેજના વિવિધ વિભાગના રમત-ગમતના મંત્રીઓ દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું. આ રમતોમાં વિજેતા થયેલા વિદ્યાર્થીઓને ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરી બહુમાન કરવામાં આવ્યા હતા.

આ સુંદર આયોજન કરવા બદલ સંસ્થાના ચેરમેન શ્રી મિલનભાઈ દેસાઈ તથા કેમ્પસ ડાયરેક્ટર ડૉ.મિત્તલ શાહ, બી.એડ. વિભાગના હેડ ડૉ.ગુંજન વશી તેમજ કોલેજ પરિવારના સર્વ અધ્યાપકોઓએ તાલીમાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતાં.

# શ્રી ઘનશ્યામ વિદ્યામંદિરમાં હોળી પર્વની ઉત્સાહભેર ઉજવણી કરાઈ




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૬**

શ્રી સ્વામિનારાયણ શિક્ષણ સેવા કેન્દ્ર સલવાવ સંચાલિત શ્રી ઘનશ્યામ વિદ્યામંદિરના સભાખંડમાં સાપ્તાહિક સભાનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આ સભા પ્રહલાદ ગ્રૂપ (યલો ગ્રુપ)નાં શિક્ષિકાઓ શ્રીમતી અનિતા પટેલ અને શ્રીમતી ભાવિષા પટેલના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.

કાર્યક્રમની શુભ શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ ધોરણ ૩ થી ૫ની વિદ્યાર્થીનીઓ દ્વારા 'ખીલ્યા ખીલ્યા કેસૂડાના ફૂલ'એ સુમધુર ભજન અત્યંત સુંદર રીતે રજૂ કરવામાં આવ્યું હતું. જેણે ઉપસ્થિત સૌના મનને પ્રફુલ્લિત કરી દીધાં હતા.

ત્યારબાદ ધોરણ-૩ની હોનહાર વિદ્યાર્થીની ક્રિષ્ના પી.પટેલ દ્વારા હોળી પર્વના ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્ત્વ વિશે પ્રેરણાદાયી વક્તવ્ય આપવામાં આવ્યું હતું. તેમણે હિરણ્યકશિપુના અહંકાર પર ભક્ત પ્રહ્લાદની ભક્તિના વિજયની કથા દ્વારા વિદ્યાર્થીઓને અહંકારથી દૂર રહી ઈશ્વરભક્તિ કરવાનો મૂલ્યવાન સંદેશ આપ્યો હતો.વક્તવ્ય બાદ હોળી પર્વની ઉજવણીના ભાવને ઉજાગર કરતું મનમોહક નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહ અને ઉમંગ સાથે ભાગ લઈ કાર્યક્રમને ચાર ચાંદ લગાવ્યા હતા.

કાર્યક્રમના અંતે શાળાના આચાર્ય શ્રી ચંદ્રવદન પટેલ દ્વારા વિદ્યાર્થીઓને જીવનઘડતર અંગેના અમૂલ્ય બોધ વચનો આપવામાં આવ્યા હતા. તેમણે હોળી પર્વના સાચા સંદેશને આત્મસાત કરી જીવનમાં સાચા અર્થમાં ઉતારવા પ્રેરણા આપી હતી. સમગ્ર સભાનું કુશળ સંચાલન ધોરણ-૫ની વિદ્યાર્થીની વ્રેયા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે સાંસ્કૃતિક અને આધ્યાત્મિક દૃષ્ટિએ અત્યંત પ્રેરણાદાયી બની રહ્યો હતો.

# પારડી તાલુકાના બગવાડા ખાતે રહેતી આસામની પરિણીતા ગુમ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૨૬**

પારડી તાલુકાના બગવાડા ખાતે રહેતી એક ૨૨ વર્ષીય પરિણીતા મૂળ આસામના વતની અને હાલ બગવાડામાં વિનોદ રણછોડભાઈની ચાલીમાં રહેતા સૂર્યા ઘુરા લાકરાની પત્ની સંગીતા (ઉ.વ. ૨૨) ગત તારીખ ૨૩ ફેબ્રુઆરીના રોજ સાંજે ઘરેથી નીકળ્યા બાદ પરત ફરી નથી.

સૂર્યાભાઈ અને તેમની પત્ની સંગીતા બંને સ્થાનિક કંપનીઓમાં નોકરી કરી ગુજરાન ચલાવે છે. ઘટનાના દિવસે બંનેને કંપનીમાં રજા હોવાથી તેઓ ઘરે જ હતા. સાંજે આશરે ૫:૩૦ વાગ્યે સંગીતા 'ગામમાં કપડાં સિવડાવવા જાઉં છું' તેમ કહીને નીકળી હતી. મોડે સુધી પત્ની ઘરે નહીં ફરતા પતિએ શોધખોળ શરૂ કરી હતી, પરંતુ તેનો મોબાઈલ ફોન પણ સ્વીચ ઓફ આવતો હતો.

પતિએ સરીગામમાં રહેતા સંબંધીઓ, પત્નીની કંપની અને આસામ ખાતેના વતનમાં પણ તપાસ કરી હતી, પરંતુ કોઈ પત્તો લાગ્યો નહોતો. અંતે હારી-થાકીને પતિએ આ મામલે પારડી પોલીસને જાણ કરી ફરિયાદ નોંધાવી છે.

# વાપી કોચરવા નજીક નવું બનાવાયેલ ગરનાળું એક બાજુથી દબાઈ જતા વાહન ચાલકો મુશ્કેલીમાં

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૬**

વાપી નજીક કોચરવા ગામે રામેશ્વર મહાદેવ મંદિર નજીક તાજેતરમાં રોડ ઉપર નવું ગરનાળું બનાવાયું હતું. હજુ માંડ થોડા દિવસોમાં ગરનાળાએ જવાબ આપી દીધો છે. ગરનાળાની એક બાજુની સાઈડ દબાઈ ગઈ છે. જેથી વાહન ચાલકો મુશ્કેલી અનુભવી રહ્યા છે.

કોચરવા ગામે રામેશ્વર મહાદેવ મંદિર પાસે હાલમાં જ નવું ગરનાળું રોડ ઉપર બનાવાયું છે પરંતુ સરકારી કામકાજનો નાળાએ જવાબ આપી દીધો છે. નાળાની કામગીરીમાં ભ્રષ્ટાચાર

-વધુ પેજ નં.૭ પર

**આજે યુઆઇએની મળનારી ખાસ સામાન્ય સભા**

# ખાસ સામાન્ય સભામાં કેન્દ્ર સ્થાને રહેનારા મુખ્ય મુદ્દો હોસ્પિટલ પ્રોજેક્ટ અને પ્રોજેક્ટના સંચાલન માટે લેવાનારા નિર્ણય ઉપર તમામ ઉદ્યોગપતિઓની નજર

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સરીગામ, તા.૨૬**

આવતીકાલે ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની ખાસ સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું છે. વર્તમાન બોડીની અવધિ પૂર્ણ થવાના આરે છે અને ચૂંટણીનો માહોલ ચાલી રહ્યો છે. ચૂંટણી બાદ યુઆઈએની ટીમમાં પ્રમુખ સહિત એક્ઝિક્યુટિવ કમિટીના નવા હોદ્દેદારાનું આગમન થશે. આમ નવા આવનારા હોદ્દેદારો માટે ચાલી રહેલી હોસ્પિટલ પ્રોજેક્ટની કામગીરીમાં નિર્ણય લેવામાં મુશ્કેલી ન પડે અથવા પ્રોજેક્ટ માટે ભંડોળ એકત્રિત કરવાની કામગીરીમાં પારદર્શકતા અને ફંડ એકત્રિત કરવામાં સરળતા રહે એ માટે એક કમિટી બનાવી ટ્રસ્ટની રચના કરવા માટે ખાસ સામાન્ય સભામાં નિર્ણય લેવામાં આવશે એવું અંદાજવામાં આવી રહ્યું છે.

રૂપિયા ત્રણ કરોડનું ફંડ આપનારા ૧૦ સભ્યો કાયમી તેમજ રૂપિયા ૫૧ કરોડનું ફંડ આપનારાઓમાંથી બે સભ્યો રોટેશન પદ્ધતિથી અને યુઆઈને પ્રમુખ, સેક્રેટરી અને ટ્રેઝરર મળી ૧૫ સભ્યોનું કદ ધરાવતી ટ્રસ્ટની રચના કરવામાં આવશે એવું આધારભૂત સૂત્રો દ્વારા જાણવા મળી રહ્યું છે.

હવે આવતીકાલની યોજનારી ખાસ સામાન્ય સભામાં કેવા પ્રકારનો નિર્ણય લેવામાં આવે એ જાણવા માટે ઉમરગામના ઉદ્યોગપતિઓ તેમજ જનતાના જન પ્રતિનિધિઓ અને આજુબાજુની ગામડાની જનતા પણ ઉત્સુક જણાવી રહી છે.